Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 06 NOVEMBER, 2020 Vol. 16, No. 44 Pages 28 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## અમેરિકાની પ્રમુખ પદની ચૂંટણીમાં પોપ્યુલર મતદાનમાં બરાક ઓબામાનો રેકોર્ડ જો બાઈડને તોડ્યો

# યુએસ ઈલેક્શન : જો બાઈડનનો દબદબો







વોશિંગ્ટન : અમેરિકાની ચૂંટણીમાં ગુરુવારે સાંજ સુધીમાં થયેલી મતગણતરી દરમિયાન મિશિગન અને વિસ્કોન્સિનમાં વિજયની સાથે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બાઈડેન ચૂંટણીનો જંગ જીતવા માટે જરૂરી ઈલેક્ટોરલ વોટના મેજિક આંક ૨૭૦ની અત્યંત નજીક પહોંચી ગયા હતા. અત્યાર સુધીમાં જો બાઈડેન ૨૪ રાજ્યમાં ૨૬૪ ઈલેક્ટોરલ વોટ હાંસલ કરી ચૂક્યા છે તેથી હવે તેમને વ્હાઈટ હાઉસમાં બિરાજમાન થવા માટે ૬ ઈલેક્ટોરલ વોટની જરૂર છે. ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડેને ૭,૨૧,૪૧,૨૩૬ પોપ્યુલર વોટ હાંસલ કરીને અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધુ પોપ્યુલર વોટ હાંસલ કરનારા પ્રમુખપદના ઉમેદવારનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ રેકોર્ડ અગાઉ બરાક ઓબામાના નામે હતો. તેમણે ચૂંટણીમાં સૌથી વધુ ૬,૯૪,૯૮,૫૧૬ પોપ્યુલર વોટ હાંસલ કર્યા હતા. બીજીતરફ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને અત્યાર સુધીના પરિણામોમાં ૨૧૪ ઈલેક્ટોરલ વોટ પ્રાપ્ત થતાં તેમના માટે હવે પછીની સ્થિતિ વધુ કપરી બની છે. હજુ અમેરિકાની ચૂંટણીમાં પાંચ રાજ્યો પેન્સિલ્વેનિયા, જ્યોર્જિયા, નેવાડા, અલાસ્કા અને નોર્થ કેરોલિનામાં મતોની ગણતરી ચાલી રહી છે. વસતીની દૃષ્ટિએ નાના છતાં મહત્ત્વના બની ચૂકેલા નેવાડામાં બાઈડેન હાલ સરસાઈ ધરાવે છે અને જો તેઓ આ રાજ્ય જીતી લેશે તો તેમને અમેરિકાના પ્રમુખ બનવા માટે જરૂરી ૬ ઈલેક્ટોરલ વોટ હાંસલ થઈ જશે. બીજીતરફ ડોનાલ્ડ ટ્રમ્પ પેન્સિલ્વેનિયા, નોર્થ કેરોલિના, જ્યોર્જિયા અને અલાસ્કામાં પોપ્યુલર વોટમાં બાઈડેન પર સરસાઈ ધરાવે છે. જો ટ્રમ્પ આ રાજ્યોમાં વિજેતા બનશે તો પણ તેઓ બહુમતી માટે જરૂરી ૨૭૦ના મેજિક આંકથી બે ડગલાં દૂર રહી જશે. જો ડોનાલ્ડ ટ્રમ્પને બીજીવાર વ્હાઈટ હાઉસમાં સત્તા પર બિરાજવું છે તો તેમને ઓછામાં ઓછા ૪ સ્ટેટમાં વિજય હાંસલ કરવો જરૂરી છે જ્યાં બાઈડેન તેમને આકરી સ્પર્ધા આપી રહ્યા છે.

અલાસ્કામાં ટ્રમ્પની જીત નક્કી છે તેથી તેમને પ્રમુખપદ માટે વધુ ૫૩ ઈલેક્ટોરલ વોટની જરૂર પડશે. આ માટે તેમને પેન્સિલ્વેનિયા, જ્યોર્જિયા, નોર્થ કેરોલિના અને નેવાડામાં વિજય હાંસલ કરવો અત્યંત જરૂરી છે. જોકે પેન્સિલ્વેનિયાના ફિલાડેલ્ફિયા અને પિટ્સબર્ગ ડેમોક્રેટના ગઢ છે અને ત્યાં મોટી સંખ્યામાં મત ગણતરી બાકી છે જે ટ્રમ્પની મુશ્કેલીઓમાં વધારો કરી શકે છે.

વિશેષ અહેવાલ પેજ નં. ૧૧ પર




### પોસ્ટલ બેલેટ બાજી પલટી શકે

એરિઝોના સહિત છ રાજ્યોમાં હજુ મતગણતરી ચાલી રહી છે. અગાઉ જો બાઇડેન એરિઝોનામાં બે લાખ કરતાં વધુ મતની સરસાઇ ધરાવતા હતા પરંતુ પોસ્ટલ બેલેટની નવી બેચમાં ટ્રમ્પની તરફેણમાં મોટાપાયે મત નીકળતાં બાઇડેનની સરસાઇ ઘટીને ૬૮,૦૦૦ મત પર આવી ગઇ છે.

વાચકો તથા વિજ્ઞાપનદાતાઓને
સ્વદેશ
પરિવાર તરફથી
દિપાવલીની હાર્દિક શુભેચ્છા

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

50th Anniversary Sale!
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Happy Navratri
Happy Diwali
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees.• 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં વકરતો કોરોના, વધુ ૨૬૫૬ સંક્રમિત, ૪૬ના મોત

## સૌથી વધુ ક્યબેકમાં ૯૯૮ નવા કેસ મળ્યા, ઓન્ટેરિયોમાં પણ કેસની સંખ્યા ૯૯૮ નોધાઈ, ૨૩૪ દર્દીઓની હાલત અત્યંત નાજૂક

ઓન્ટેરિયો : દુનિયાના અનેક દેશમાં કોરોના વાયરસ ફરી વકરી રહ્યો છે. આ સાથે જ કેનેડામાં ગુરુવારે સાંજે વીતેલા ૨૪ કલાકમાં વધુ ૨૬૫૬ નાગરિકો કોરોનાથી સંક્રમિત થયા હતા. જ્યારે ૪૬ લોકોના આ સમયગાળા દરમિયાન મોત થયા હતા. સમગ્ર દેશમાં એક્ટિવ કેસની સંખ્યા હજી પણ ૩૨,૨૧૦ હોવાથી આરોગ્ય વિભાગ તથા સરકારની ચિંતા યથાવત રહી છે. આ ઉપરાંત દેશણાં ૨૩૪ દર્દીઓ કે જે હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય, તેઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

સુત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો એવી છે કે, ગુરુવારે ઓન્ટેરિયોમાં નવા ૯૯૮ નવા કોરોનાના કેસ નોંધાયા હતા. જ્યારે ૧૩ દર્દીના મોત થયા હતા. ક્યૂબેકમાં વધુ ૧૧૩૮ લોકો કોરોનાગ્રસ્ત નીકળવા સાથે ૨૮ દર્દીઓએ કોરોનાની સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. એ જ રીતે નોવાસ્કોસિયા ખાતે નવો એક કેસ નોંધાવા સાથે બે દર્દી સાજા થયાના અહેવાલો છે. ન્યુબ્રુન્સવીકમાં નવા બે કેસ કોરોનાના મળ્યા હતા. જ્યારે ન્યુ ફાન્ડલેન્ડમાં નવા બે કેસ નોંધાયા હતા. આ ઉપરાંત મોનીટોબામાં ૪૨૭ દર્દીઓ કોરોનાગ્રસ્ત હોવાના તબીબી રિપોર્ટ આવ્યા હતા. મોનીટોબામાં ૪ લોકોના મોત થયા હતા. જ્યારે એક દર્દી સાજો થયો હતો. ગુરુવારે નવા નોંધાયેલા ૨૬૫૬ કેસ સાથે દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૨૫૦૩૫૯ થઈ ગઈ હતી.

# ઓન્ટેરીયો પ્રાંતમાં કોવિડ -૧૯ના શટ-ડાઉનની નવી પદ્ધતિ જાહેર

## કોરોનાનું સંક્રમણ ઓછું હોય ત્યાં જ છુટછાટ અપાશે, કેસ વધુ હોય તેવા વિસ્તારમાં કડક પ્રતિબંધો યથાવત રહેશે

ટોરોન્ટો: ઓન્ટેરિયોએ કોવિડ -૧૯ને કારણે લોકડાઉન કેવી રીતે લગાડવું એ વિશે ફેરફારો સાથેની જાહેરાત કરી છે. મંગળવારે જાહેર કરાયેલી નીતિ મુજબ ઓન્ટોરીયોના ૩૪ આરોગ્ય કેન્દ્રોને એકથી પાંચ ક્રમ આપવામાં આવશે. જે એ વિસ્તારમાં સંક્રમણની સ્થિતીને અનુસાર હશે. નવી પધ્ધતિ મુજબ જે વિસ્તારોમાં સંક્રમણ ઓછુ હશે ત્યાં થોડી છૂટછાટો અપાશે. જ્યારે જયાં એ વધુ હોય ત્યાં પ્રતિબંધો વધુ કડક બનાવાશે. આ પાંચ કેટેગરીમાં પ્રિવેન્ટ, પ્રોટેકટ, રીસ્ટ્રીકટ, કંટ્રોલ અને લોકડાઉનનો સમાવેશ થાય છે. જે તે વિસ્તારના આરોગ્ય અધિકારીઓની સલાહ મુજબ એ વિસ્તારોના કેન્દ્રો કામ શરૂ કરશે. જે સાતમી નવેમ્બરની રાત્રે ૧૨ વાગ્યા પછી અમલમાં આવશે. જે પાંચ કેટેગરીઓ છે. ઓટાવા, પીલ, યોર્ક અને પૂર્વ ઓન્ટારીયોના હેલ્થ યુનિટસ સાતમી નવેમ્બરથી શરૂ થઈ જશે. આ ચાર વિસ્તારો સાથે ટોરન્ટો પણ ૧૪મી નવેમ્બરથી જોડાશે.ઓન્ટારીયોના બાર અને રેસ્ટોરાં ઉપર માત્ર ઈન્ડોર ડાઈનીંગની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

### વિસ્તારને કેટેગરીમાં વહેંચાશે

પ્રિવેન્ટ (ગ્રીન) - કેટેગરીમાં આવનારા વિસ્તારમાં કોરોના વિશે જાગૃતિના કાર્યક્રમો અને જાહેર આરોગ્યના સલામતીના પગલાઓ વિશે જાણકારી અપાશે. ત્રીજા સ્ટેજના લોકોને સારવાર અપાશે. જયાં જોખમ વધુ હોય એ વિસ્તારોને બંધ રખાશે. જો આવા વિસ્તારમાં એક લાખ લોકોમાં ૧૦ થી ઓછા કેસ રહેવા જરૂરી છે.

પ્રોટેકટ (યેલો)- કેટેગરીમાં સંક્રમણને નિયંત્રણમાં રાખવા વધુ કડકાઈથી નિયમોના પાલનનો આગ્રહ રખાશે. રેસ્ટોરાં, જીમ અને સિનેમા થિયેટર્સમાં જાહેર આરોગ્યના પગલાં બરાબર લેવાય એનું ધ્યાન રખાશે. આવા વિસ્તારોમાં દર અઠવાડિયે એક લાખ લોકોમાં ૧૦ થી ૩૯ કેસોની મર્યાદા છે. જે એક ટકાથી અઢી ટકાની વચ્ચેની છે.

રીસ્ટ્રીકટ (ઓરેન્જ)- કેટેગરીમાં સંક્રમણને ઘટાડવા વધારાના પગલા લેવાશે અને પોઝિટિવ કેસોની મર્યાદા પ્રતિ લાખ લોકોએ ૪૦થી ૯૯ કેસની રહેશે. આવા વિસ્તારોમાં આઈસીયુ અને હોસ્પિટલોની જરૂર વધશે.

કંટ્રોલ (રેડ)- આ કેટેગરીમાં આવનારા વિસ્તારમાં બીજા તબક્કાના સંક્રમણને ઘટાડવા વધુ પ્રતિબંધો હશે.


Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.





જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM





Rollz ICE CREAM
BEST TAWA ICE CREAM IN TORONTO
Flavours
• Roasted Pistachio
• Anjeer Baadam
• Rose and Pistachio
• Chickoo
• Bombay Kulfi
• Mava kulfi
• Guvava Chili
• Kaju Draksh
• Maharaja Paan
Waffles
• Chocolate nuts Waffle
• Strawberry cracker Waffle
• Classic Waffle
Fruit Flavors are Seasonal
Egg free waffles





NO EGGS NO GELATINE NO ALCOHOL
5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com
11 Harwood Ave S, Unit-104 Ajax, ON, L1S 2B9
AJAX & BRAMPTON LOCATION NOW OPEN
2760 NORTH PARK DR Unit 66 BRAMPTON, ON, L6S 0E9
blogTO SKIP the DISHES UBER eats



The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance | Critical Illness Insurance | Disability Insurance
Visitors Insurance | Travel Insurance | Super Visa Insurance
Make your investment plans, MEANINGFUL
TFSA Tax Free Saving Account
RESP Reg. Ed. Saving Plan
RRSP Reg. Retirement Saving Plans
GIF Guaranteed Investment Funds
Hiring new & experienced insurance advisor
• Better Commission package • Weekly product training
• One on one basis support • Full flexibility





Call today for a free no obligation quote
Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com







# કેનેડામાં હવે દર વર્ષે ૪ લાખ ઈમિગ્રન્ટસનો લક્ષ્યાંક

## વર્ષ ૨૦૨૧-૨૦૨૩ માટેની ઈમિગ્રેશન લેવલ યોજના જાહેર, વર્ષ ૨૦૨૧-૨૦૨૩માં ૬૦ ટકા ઈમિગ્રન્ટસને ઈકોનોમિક કલાસ હેઠળ આવરી લેવાશે

- **ઈસ ૧૯૧૩માં કેનેડાએ સૌથી વધુ ૪૦૧૦૦૦ ઈમિગ્રન્ટસને પ્રવેશ આપ્યો હતો**

ઓન્ટેરિયો : કેનેડાએ પોતાની વર્ષ ૨૦૨૧-૨૦૨૩ માટેની ઈમિગ્રેશન લેવલ યોજના જાહેર કરી હતી. એ મુજબ કેનેડાએ અત્યાર સુધીનું સૌથી મોટું નિશાન ઈમિગ્રેશન ક્ષેત્રમાં તાકયું છે. આવનારા ત્રણ વર્ષમાં કેનેડાએ પરમેનન્ટ રેસીડેન્ટસ માટે નવા લક્ષ્યાંકો જાહેર કર્યા હતા જે આ મુજબ છે:

- ૨૦૨૧ : ૪૦૧૦૦૦ ઈમિગ્રન્ટસ
- ૨૦૨૨ : ૪૧૧૦૦૦ ઈમિગ્રન્ટસ
- ૨૦૨૩ : ૪૨૧૦૦૦ ઈમિગ્રન્ટસ

અત્યાર સુધીના ઈતિહાસમાં કેનેડાએ માત્ર એક જ વાર ચાર લાખ ઈમિગ્રન્ટસને આવકાર્યા હતા. એ વર્ષ હતું ૧૯૧૩નુ, જયારે કેનેડાએ ૪૦૧૦૦૦ ઈમિગ્રન્ટસને પ્રવેશ આપ્યો હતો. ત્યાર બાદ આ આંકની નજીકનો આંક આવી શકયો નથી.

વર્ષ ૨૦૨૧-૨૦૨૩નો ઈમિગ્રેશન લેવલ્સ પ્લાનમાં ૬૦ ટકા ઈમિગ્રન્ટસને ઈકોનોમિક કલાસ પ્રોગ્રામ હેઠળ આવરી લેવાશે. જેમાં એકસપ્રેસ એન્ટ્રી અને પ્રોવિન્શીયલ નોમિની પ્રોગ્રામને પણ સમાવી લેવાયા છે.



કેનેડાની સરકાર દર વર્ષે ઈમિગ્રેશન લેવલ્સ પ્લાન જાહેર કરે છે, જે ઘણી મહત્વની જાહેરાત ગણાય છે. જેમાં દર વર્ષે કેટલા પરમેનન્ટ રેસીડેન્ટસને પ્રવેશ મળી શકે એની જોગવાઈ હોય છે અને કેનેડામાં સ્થાયી થવા ઈચ્છનારાઓનું ધ્યાન આ જાહેરાત પર ખાસ રહે છે.

કેનેડા દર વર્ષે ઈમિગ્રન્ટસને ઈકોનોમિક, ફેમિલી, રેફયુજી અને માનવતાના ધોરણે જેવી વિવિધ કેટેગરીમાં પ્રવેશ આપે છે. આ વર્ષે માર્ચની ૧૨મી તારીખે ફેડરલ સરકારે એવી જાહેરાત કરી હતી કે, આ વર્ષે એક મિલીયનથી વધુ ઈમિગ્રન્ટસને પરમેનન્ટ રેસીડેન્ટ તરીકે આવકારશે. પરંતુ જાહેરાતના થોડા દિવસો બાદ જ કોવિડ -૧૯ની મહામારી જાહેર થતાં જ કેનેડાએ પોતાની સરહદો બંધ કરી દેવી પડી હતી. જેને કારણે કેનેડાને ૩૪૧૦૦૦ ઈમિગ્રન્ટસના લક્ષયાંકને પુરો કરવામાં મુશ્કેલી પડી હતી.

જો કે, મહામારી દરમિયાન પણ એકસપ્રેસ એન્ટ્રીના ડ્રો થયા હતા. જેને પગલે કેનેડાએ આ વર્ષે વિક્રમ તોડયો હતો. જો કે, પીએનપીના ડ્રો હજુ ચાલી રહ્યા છે.

આ વર્ષે પડેલી ખોટને પુરવા કેનેડાએ ઈમિગ્રેશન લેવલ્સ પ્લાનના લક્ષયાંક ઉંચા રાખ્યા છે. જે આવનારા ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાના પ્રયાસો થશે.

# કેનેડામાં મકાનોની કિંમતમાં ઉછાળો

ટોરોન્ટો : ઘણાં લોકોને હજુ એ વાત સમજાતી નથી કે, વૈશ્વિક સ્તરે મહામારીને કારણે સર્જાયેલી આર્થિક કટોકટી છતાં કેનેડામાં મકાનોની કિંમત વધી રહી છે. તે અંગે અનેક તર્કો છે. હાલ મકાનની કિંમતમાં સરેરાશ ૧૭ ટકા જેટલો વધારો થયો છે. જો કે, કેમ કિંમતો વધી તેવા સવાલનો જવાબ મેળવવા માટે તમારે પણ અમારા જેવા અર્થશાસ્ત્ર વિશે લખનારા અને સમજવાનો પ્રયાસ કરનારાઓની જેમ એ વાતનો અભ્યાસ કરવો પડશે. એમ કેનેડા મોરગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશનના વડાએ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ વર્ષે જે પાઠ ભણવા મળ્યો છે એ સરકારી તંત્રના ભ્રામક આંકડાઓથી અલગ છે. પ્રોપટી માર્કેટની વાસ્તવિકતા અલગ જ છે. સરકાર સંચાલિત સીએમએચસીના વડા ઈવાન સિડાલ કહે છે કે, એક સમયે એમને પણ એવું લાગ્યું હતું કે, કોવિડ -૧૯ની મહામારીની અસર આ સેકટર પર થશે અને મકાનોની કિંમતમાં ૯ થી ૧૮ ટકાનો ઘટાડો થવાની શકયતા છે. આ મુદ્દે તેમની રીયલ એસ્ટેટ સેકટરના કેટલાક સભ્યો સાથે ગરમાગરમી પણ થઈ હતી. કેમ કે, તેઓ ભાવ ઘટવાની આગાહીથી નારાજ થયા હતા. કેમ કે, રીયલ એસ્ટેટ એજન્સીઓ અને તેમને ધિરાણ આપનારાઓના સલાહકારોને સરકારની વાત ગળે ઉતરતી નહોતી. લોકડાઉનને કારણે બેરોજગારી અને અન્ય સમસ્યાઓ ઉભી થઈ હોવા છતાં મકાનોની કિંમત પર એની કોઈ સીધી અસર પડે એવું આ સેકટર માનતું નહોતુ. હવે એમની આગાહી સાચી પડી રહી છે. ત્યારે સરકારી એજન્સીઓને ગળે એ વાત ઉતરતી નથી. સીએમએચસીની ભુલ એ હતી કે, તેમણે હાઉસિંગ માર્કેટનો સંપર્ક સાધીને અંદાજ બાંધ્યો હતો. તેઓ બેરોજગારી, લોકોની ખર્ચવાની શકિત જેવી બાબતો પર વધુ ધ્યાન આપી રહ્યા હતા. હકીકતમાં એ બધી બાબતોની અસર મકાનોની કિંમત પર પડી નહોતી. વળી, સરકારે અસરગ્રસ્તોને કટોકટીમાં આર્થિક રાહત પણ આપી હતી. એટલે લોકો પર દેવાનો બોજ સીધો આવ્યો નહોતો.



**આર્થિક કટોકટીના સમયમાં રિયલ એસ્ટેટને અસર ન થવા સામે સવાલો ઉઠ્યા, રાહત પેકેજને કારણે બોજ ન પડવાનો શાસકોનો દાવો**

# યુએસમાં પ્રમુખપદની ચૂંટણી જો બાઈડેનનું પલડું ભારે

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ મતગણતરીનો દૌર ચાલી રહ્યો છે. બુધવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પ્રતિસ્પર્ધી જો બાઈડેન વચ્ચે ગળાકાપ સ્પર્ધા રહ્યા બાદ ગુરુવારે જો બાઈડેનની તરફેણમાં પરિણામ આવતા રહ્યા હતા. જો કે, હજી પણ કેટલાક રાજ્યોના પોસ્ટલ બેલેટની ગણતરી બાકી હોવાથી ફાયનલ પરિણામ ગુરુવારે મોડી સાંજ સુધી પણ જાહેર થઈ શક્યું ન હતુ. ગુરુવારે મોડી સાંજ સુધીમાં જો બાઈડેનને ૨૬૪ ઈલેકટરોલ મત અને ટ્રમ્પને ૨૧૪ મત મળ્યા હતા. એ જ રીતે પોપ્યુલર મતમાં જો બાઈડેનને ૭,૨૧,૪૧,૨૩૬ અને ટ્રમ્પને ૬,૮૬,૭૦,૦૧૭ મત મળ્યા હતા.

બુધવારે ટ્રમ્પ કેન્સાસ અને નોર્થ ડાકોટા જેવા રાજ્ય જીત્યાં તો બિડેનના ખાતામાં કોલોરાડો અને વર્જિનિયા ગયાં હતા. અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જાદુઈ આંકડો ૨૭૦ છે. એટલે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે ઈલેક્ટરોલના ૫૩૮માંથી ૨૭૦ વોટની જરૂર પડે છે. ગુરુવારે સાંજની સ્થિતિએ જો બાઈડેન બહુમતીના આંકડાથી માત્ર ૬ મતથી દૂર રહ્યા હતા. જો કે, અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જો કોઈ ઉમેદવારને દેશના સૌથી વધારે પોપ્યુલર વોટ મળે તો પણ તે રાષ્ટ્રપતિની ચૂંટણી હારી શકે છે. ચૂંટણી જીતવા માટે ૫૩૮ ઈલેક્ટર્સમાં બહુમતી મળવી જરૂરી છે. ઈલેક્ટર્સના ગ્રુપને ઈલેક્ટોરલ કોલેજ કહે છે. અમેરિકી કોંગ્રેસના બંને ગૃહ ૬ જાન્યુઆરીએ મળશે અને વોટ કરીને વિજેતાનો નિર્ણય કરશે.

એટલે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કોણ બનશે તે અંગે હજુ પણ ચિત્ર સ્પષ્ટ નથી થયું. ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બાઈડેન રેસમાં આગળ ચાલી રહ્યા છે. ૫૦ સ્ટેટમાંથી ૫૩૮ કુલ ઈલેક્ટોરલ વોટ પૈકી રાષ્ટ્રપતિ બનવા માટે ૨૭૦ ઈલેક્ટોરલ વોટ મેળવવા પડે તેમ છે. રિપ્લિકન પાર્ટીના નેતા તેમજ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈલેક્શનના પરિણામોમાં ગોલમાલની આશંકા વ્યક્ત કરતા કેટલીક કોર્ટમાં પરિણામ સામે કેસ દાખલ કર્યો છે. બન્ને નેતાઓ પોતાને વિજેતા જાહેર કરી રહ્યા છે. કોરોના મહામારીને પગલે આ વખતે પોસ્ટલ બેલેટથી વધુ મતદાન થયું હતુ. આથી તેની ગણતરી ચાલુ છે. થોડા જ રાજ્યોની ગણતરી બાકી હોવાથી હવે ટૂંક સમયમાં સત્તાવાર રીતે વિજેતાની જાહેરાત થવાની સંભાવના છે.

આ ઐતિહાસિક ચૂંટણીમાં જો બાઈડેનને ૭.૨ કરોડ મત મળ્યા છે. જે અત્યાર સુધીમાં કોઈપણ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મળેલા સૌથી વધુ મત છે. જ્યારે બીજીતરફ ડોનાલ્ડ ટ્રમ્પને ૬.૮ કરોડ મત મળ્યા છે. દરમિયાન અમેરિકામાં અનેક સ્થળોએ લોકોએ ટ્રમ્પના સમર્થનમાં વિરોધ પ્રદર્શનો શરૂ કરી દીધા હતા. જેને પગલે જો બિડેનના સમર્થકો પણ રસ્તા પર ઉતરી આવતા કેટલીક જગ્યાએ હિંસાના બનાવો બન્યા હતા. અગાઉ ટ્રમ્પ તેમજ બાઈડેને કેટલાક મહત્વના રાજ્યોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. મંગળવારે યુએસ રાષ્ટ્રપતિ માટેની ચૂંટણી સંપન્ન થઈ હતી અને ત્યારબાદ મતગણતરી હાથ ધરવામાં આવી છે. ચાર રાજ્યો જ્યોર્જિયા, પેનસિલ્વેનિયા, નોર્થ કેરોલિના અને નેવાડાના પરિણામ હજુ જાહેર થવાના બાકી છે.

રાજકીય વિશ્લેષકોના મતે જો બાઈડેન આ વખતે પ્રમુખ પદ માટેની રેસમાં આગળ જણાય છે. યુએસના મીડિયાના એક્ઝિટ પોલમાં પણ જો બિડેનની રાષ્ટ્રપતિ તરીકે તાજપોશી થવાનો વર્તારો વ્યક્ત કરાયો હતો. ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકેની બીજી ટર્મ માટે તમામ ચાર રાજ્યોમાં વિજય મેળવવો ફરજિયાત છે. જ્યોર્જિયામાં હજુ પણ ૯૦,૭૩૫ બેલેટની ગણતરી થવાની બાકી છે. આ સ્ટેટમાં ૧૬ ઈલેક્ટોરલ વોટ રહેલા છે. બુધવારે જો બાઈડેને એવો દાવો કર્યો હતો કે, એક વખત મતગણતરી સંપન્ન થશે ત્યારબાદ અમારો વિજય થશે તેવું હું માનું છું. જ્યારે ટ્રમ્પ કેમ્પેઈનને વરિષ્ઠ અધિકારી જેસન મિલર જણાવ્યું હતું કે, એકાદ સપ્તાહમાં મતણતરી પૂર્ણ થશે. ટ્રમ્પ આ ચૂંટણીમાં હારી જાય તેવી પણ એક સંભાવના છે. જોકે, હાર્યા બાદ પણ ટ્રમ્પના હાથમાં ઘણું બધું રહેવાનું છે. ટ્રમ્પ હારી જાય તો પછી તેમની પાસે શું પાવર રહેશે? આ સવાલ થવો સ્વાભાવિક છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ અનુસાર, જો ટ્રમ્પની હાર સ્પષ્ટ થઈ જાય તો પણ તેઓ ૭૬ દિવસ સુધી સત્તા પર રહેશે. આ દરમિયાન તેમને પોતાની હાર માટે જે પણ જવાબદાર લાગે તેના પર કડક પગલા લઈ શકે છે. ન્યૂયોર્ક ટાઈમ્સ જણાવે છે કે, હારથી ધૂંઆપૂંઆ થયેલા ટ્રમ્પ અનેક સિનિયર અધિકારીઓને ઘરભેગા કરી શકે છે. જેમાં એફબીઆઈના ડિરેક્ટર ક્રિસ્ટોફર એ. વેરી તેમજ ટોપ ઈન્ફેક્શન ડિસીઝ સ્પેશિયાલિસ્ટ ડૉ. એન્ટોની એસ. ફાઉકીનો પણ સમાવેશ થાય છે. જો ૨૦ જાન્યુઆરીએ ટ્રમ્પને વ્હાઈટ હાઉસ ખાલી કરવાની ફરજ પાડવામાં આવે તો પણ તેઓ પોતે કેટલા શક્તિશાળી છે તે સાબિત કરવા ગમે તે કરી શકે છે. ટ્રમ્પને ૨૦૨૦માં કુલ ૬.૮ કરોડ અમેરિકનોએ મત (પોપ્યુલર વોટ) આપ્યા છે, જે ૨૦૧૬ની સરખામણીએ ૪૮ ટકા વધારે છે.

પોતાને મળેલા મતોની સંખ્યા ટ્રમ્પને જિમી કાર્ટર અને જ્યોર્જ બુશ જેવા તેમના પુરોગામી રિપબ્લિકન પ્રમુખોથી વધુ શક્તિશાળી બનાવે છે. ફોક્સ ન્યૂઝને ટક્કર આપવા ટ્રમ્પે પોતાનું ટીવી નેટવર્ક સ્થાપ્યું છે. જો આ ચૂંટણીમાં તેઓ હારી જાય તો ૭૮ વર્ષની વયે પણ ૨૦૨૪માં તેઓ ફરી મેદાનમાં આવવા તૈયાર છે. બીજી બાજુ આજે જીત નજીક પહોંચેલા બાઈડેને ખુશ થઈને ટ્વીટ કર્યું હતુ કે, આ અમારી જીત નહીં હોય, આ અમેરિકાના લોકો માટેની જીત હશે. હવે અમેરિકાની ચૂંટણીના પરિણામોની અસર ભારત પર પણ પડશે. ટ્રમ્પે જે રીતે ભારત સાથેના સંબંધ દર્શાવ્યા છે અને તેમના દ્વારા ભારતની પ્રગતિ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કામની પ્રશંસા કરાઈ છે તેવી જ ચાહના બાઈડન તરફથી ભારતને મળશે કે કેમ તેવો સવાલ ઉઠી રહ્યો છે. આ બાબતે કેટલીક મહત્વની બાબતો અને મુદાને અનુલક્ષીને કેટલાક અનુમાન કરવામાં આવી રહ્યા છે. બાઈડને ભારતને નેચરલ પાર્ટનર ગણાવ્યું છે.

તેમની સરકાર બનવાથી ટ્રમ્પ સરકારમાં જે ભારતને નુકસાન કરતા નિર્ણયો લેવાયા છે તેના બદલે મહત્વના અને બન્ને દેશોના ફાયદાવાળા નિર્ણયો લેવામાં આવી શકે છે. અલબત, ભારતમાં એક સમુહ એમ પણ માને છે કે, બાઈડન અને હેરિસ જે રીતે જમ્મુ-કાશ્મીરમાં માનવાધિકાર અને એનઆરસી-સીએએને લઈને પોતાનો મત રજૂ કરી રહ્યા છે, તેનાથી ભારતને પરેશાની થઈ શકે છે. પરંતુ કેટલાક નિવેદનોના આધારે બન્નેને જજ કરવા યોગ્ય નથી. બાઈડન દાયકાઓથી ફોરેન પોલિસી સાથે જોડાયેલા મુદા પર કામ કરે છે. તેમને સારો અંદાજો છે કે, આંતરાષ્ટ્રીય સ્તરે કયા મુદા મહત્વના છે. એક્સપર્ટ્સનું માનવું છે કે, બાઈડન અને ટ્રમ્પમાં પાયાનો ફરક એ છે કે બાઈડન દૂરદર્શી છે અને ટ્રમ્પ બોલવામાં પાછા નથી પડતા.

manoj1968@yahoo.ca









Spacious 2-Bedroom Condo Near Schools, Transit, Highway And Other Amenities. Ideal For First Time Buyer Or Investor. Presently Tenanted. Tenant Is Willing To Stay Or Vacate. Priced For A Quick Sale!! Extras:All Existing Appliances. TORONTO



You'll Love This 4 Bedroom Semi With 4 Bathrooms On A Premium 164Ft Deep Lot In The Heart Of Downsview. Featuring Modern Open Concept Floor Plan With 4 Well Appointed Bedrooms, Hardwood Floors Thru-Out, 4 Bathrooms, Fully Finished Basement With Wet Bar, Separate Entrance, Modern Family Size Kitchen. TORONTO



Location Location!! Exceptional Live/Work Concept Townhome Southeast Brampton Bordering Vaughn, Mississauga & Toronto Feat Spacious 1875 Sq Ft Residential + 550 Sq Ft Of Sep. Comm/Retail Space W/ Separate Entrance & Shares Parking W/ A Large Busy Retail Plaza Steps To Tim Hortons, Banks, Restaurants, Grocery Shopping & Much More. BRAMPTON



(Wow) Absolute Show Stopper! 4842 Sf(As Per Builder Floor Plan) Of Mesemrising Luxury, 10 Feet Ceiling On Main, 9 On 2nd And 9 Basement, 60 Feet Wide Lot 4 Huge Bedrooms With 5 Washrooms , Family Room Have 20 Feet Open To Above Ceilings, Upgraded Kitchen With Highend Appliances,Porceline Tiles And Upgd Light Fixture Spells Luxury, Quiet Child Safe Street Close To All Amenities. BRAMPTON

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com



Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

# INDIA TOWN FOOD & SPICES LTD.

Indian, Pakistani, Srilankan, Bangladeshi & Canadian Groceries

બધી સેલ આઈટમ રોકડેથી

# DIWALI SALE

SALE STARTS 30 OCTOBER 2020

ALL SALE ITEMS CASH OR DEBIT ONLY

641, MARKHAM ROAD, SCARBOROUGH, ONTARIO, M1H 2A4

Phone or Fax : 416-438-1013

Lawrence Rd · Ellesmere Rd · Markham Rd · 401 · India Town · N

| | | | |
|---|---|---|---|
| **HOT DEAL**<br>TOOR DAL (MADHI, MALAVAI, ANGUR)<br>$9.99/ 10 LB<br>( REG $14.99) | **ORGANIC GREEN RAISINS**<br>$1.49/ LB | **MOOG WHOLE**<br>$4.99/ 4 LB<br>( REG $ 6.99) | **FLIPZEE KHAKHARA**<br>$1.29/ EACH |
| **ALL DAL SPECIAL OFFER**<br>$4.99/ 4 LB<br>(FROM INDIA) | **GLOBAL CHOICE CTC. TEA**<br>4 / $5 ( REG $2.99)<br>(1 LB X4=4 LB) | **URAD DAL**<br>$4.99/ 4 LB<br>( REG $ 6.99) | **INDUBEN KHAKHARA**<br>$1.29/ EACH |
| **BANSI SABUDHANA (NYLON)**<br>99c /<br>PACK 2 LB | **LAXMI – KESAR MANGO PULP**<br>$7.99/ TARJ<br>6 PCS | **URAD GOTA**<br>$4.99/ 4 LB<br>( REG $6.99) | **SURATI TOOR LILLVA – PAPDI LILVA**<br>$1.99/ EACH |
| **WAGH BAKRI TEA**<br>$9.99/ EACH (2LB)<br>( REG $12.99) | **VIDHYA INSTANT MIX**<br>2/ $1 | **GUJ-17 RICE**<br>$7.99/ EACH<br>(10 LB) | **100 DECORATIVE LED LIGHTS**<br>$9.99/ EACH<br>( REG $14.99) |
| **JIVRAJ TEA**<br>$7.99/ EACH (2LB)<br>( REG $11.99) | **DEEP CHIKKI ATTA**<br>$8.99/EACH 20LB<br>( REG $12.99) | **DEEP KHAKHARA**<br>$1.79/ EACH (2LB)<br>( REG $2.99) | **PATANJALI TOOTH PASTE**<br>$3 / $10<br>( EXTRA BIG SALE) |
| **PAPAD**<br>KIRTIRAJ, YASH PAPAD<br>3 / $ 1.99 | **LAXMI SHARBATI ATTA**<br>$9.99 20 LB<br>REG $ 14.99 | **SATVAM INSTANT MIX**<br>4 PACKS / $ 5<br>REG $ 1.99 | **INDIAN SUGAR**<br>$7.99/ EACH<br>5 K.G |
| **LIJJAT PAPAD**<br>2 / $ 1 | **LAXMI SOONA MASOORI RICE**<br>$11.99/ EACH 20 LB<br>REG $ 14.99 | **AMUL CHEESE (BIG SIZE)**<br>$9.99/ EACH<br>REG $ 14.99 | **MOOG DAL**<br>$4.99/ 4LB<br>REG $ 6.99 |
| **SHAN MASALA**<br>$2.99/ PACK ( 3 IN 1 )<br>UNIT COST 99 C/ EACH | **LAXMI XXXL BASMATI RICE**<br>$7.99/ EACH 10 LB<br>REG $ 12.99 | **K.T.C SUNFLOOR OIL**<br>$6.99/ 3 LT | **MOOG DAL SPLIT**<br>$4.99/ 4 LB<br>REG $ 6.99 |
| **GUR (JAGGERY)**<br>$7.99/ 11 LB<br>(5 K.G.) | **DEEP XXL BASMATI RICE**<br>$7.99/ 10 LB<br>REG $ 10.99 | **K.T.C OLIVE OIL**<br>$9.99/ 3 LT | **SAFFRON**<br>$14.99<br>(12X1gm BOX) |
| **NIRAV XXL BASMATI RICE**<br>$6.99/ 10 LB | **LAXMI BRAND COCONUT**<br>$149 PACK | **KAWAN PARATHA (PLAIN/ONION)**<br>$3.99 PACK<br>(25 PIECES) | **FANCY DIVA - 4 PCS**<br>3PACK / $5<br>($ 1.99/EACH PACK) |

ALL ITEM SUBJECT TO AVAILABLE. NO RAIN CHECK, NOT RESPONSIBLE FOR ANY TYPOGRAPHICAL ERROR. NO EXCHANGE NO RETURN

વધુ વિગતો માટે મુલાકાત લો :

WWW.FACEBOOK.COM / INDIATOWNFOODANDSPICES

# મોલ્સમાં મંજૂરી વિના નાગરિકોના ફોટોગ્રાફસ લેવાતા વિવાદ

## કંપનીએ ગોપનીયતાના કાયદાનો ભંગ કર્યો, ફોટોગ્રાફ્સ પરથી ગ્રાહકોની બાયોમેટ્રિક જાણકારી મેળવાઈ- પોલીસ

**● ગ્રાહકોની વય અને જાતિ ઓળખવાના આશયથી જ આ ટેકનોલોજીવાળા કેમેરાનો ઉપયોગ થયાની કંપનીની દલીલ**

ઓટાવા : કેનેડામાં આવેલા ૧૨ જેટલા મોલ્સમાં લગાડેલા ઈન્ફોકિયોસ્ક પરથી અંદાજે પાંચ મિલીયન કેનેડીયનોના ફોટોગ્રાફસ એમની જાણ બહાર અને મંજુરી વિના લીધા હોવાનું પ્રાઈવસી વોચડોગ્સના ધ્યાનમાં આવ્યું છે. ફેડરલ સરકાર, અલબર્ટા અને બ્રિટીશ કોલંબિયામાં ચાલેલી તપાસ દરમિયાન પ્રાઈવસી કમિશનરોને જાણવા મળ્યું હતું કે, કેડીલેક ફેરવ્યુ નામક રીયલ એસ્ટેટ કંપનીએ ચહેરા ઓળખી શકાય એવા કેમેરા લગાડીને જુદા જુદા મોલ્સ પરના ઈન્ફોકિયોસ્ક પરથી અંદાજે પાંચ મિલીયન કેનેડીયનોના ફોટોગ્રાફસ લીધા હતા.




તપાસ દરમિયાન કંપનીએ એવી દલીલ કરી હતી કે, તેમણે ગ્રાહકોની વય અને જાતિ ઓળખવાના આશયથી જ આ ટેકનોલોજીવાળા કેમેરા લગાડયા હતા. કોઈની વ્યકિતગત ઓળખ માટે નહોતા લગાડયા. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોઈ ગ્રાહકોની અંગત બાબતોની જાણકારી એકત્ર નથી કરી. ફોટોગ્રાફસ પણ એનાલીસીસ બાદ ડીલીટ કરી દેવાયા હતા. જો કે, કમિશનરો એવું માની રહ્યા છે કે, કંપનીએ લોકોની અંગત જાણકારી મેળવી હતી અને ગોપનીયતા કાનૂનનો ભંગ કર્યો હતો. તપાસમાં એમ પણ જાણવા મળ્યું હતું કે, ગ્રાહકોની બાયોમેટ્રીક જાણકારી પણ ફોટોગ્રાફસ પરથી મેળવી હતી.

ફેડરલ પ્રાઈવસી કમિશ્નર ડેનીયલ થેરીને કહ્યું હતું કે, ગ્રાહકોને તો જાણ જ નહોતી કે, તેમની તસવીરો ગુપ્ત કેમેરાથી લેવાઈ રહી છે અને ફેસીયલ રેકગ્નાઈઝેશન ટેકનોલોજીથી એનો ઉપયોગ કોઈ અન્ય હેતુ માટે કરવામાં આવનાર હતો. પરવાનગી વિના તસવીર લેવી એ ગોપનીયતા કાનૂનનો ભંગ જ ગણાય. આ વાત જાહેર થતા જ પ્રાઈવસી અધિકારના રક્ષકો મેદાનમાં આવી ગયા હતા અને પ્રાઈવસી ખાતાના કમિશનરે કમિશ્નરે કંપનીને કેમેરા હટાવી લેવાની ફરજ પાડી હતી. ભવિષ્યમાં લોકોની જાણ બહાર અને મંજુરી વિના એવા કોઈ કામ નહીં કરવા તાકીદ કરવામાં આવી હતી.

# કેનેડામાં એચઆઈવી સેલ્ફ ટેસ્ટને માન્યતા

**● સંશોધકો અને સામાજિક કાર્યકરોએ તંત્રના નિર્ણયને આવકાર્યો**

ઓન્ટેરિયો : કેનેડાના ફેડરલ રેગ્યુલેટર્સે સોમવારે કેનેડામાં સર્વ પ્રથમ એચઆઈવી સેલ્ફ ટેસ્ટને મંજુરી આપીને એચઆઈવી સ્ક્રીનીંગની પ્રક્રિયાને વધુ સરળ બનાવવાની દિશામાં મહત્વનું પગલું લીધું હતું. હેલ્થ કેનેડાએ બ્રિટીશ કોલંબિયા સ્થિત બાયોલીટીકલ લેબોરેટરી રિચમન્ડ દ્વારા નિર્મિત વન મિનીટ ફિંગર પ્રિક બ્લડ ટેસ્ટ ડિવાઈસને મંજુરી આપી હતી.

સંશોધકો અને સામાજિક કાર્યકરોએ આ પગલાને આવકાર આપ્યો હતો. જયારે કેટલાકનું એવું માનવું છે કે, આ મંજુરી તો માત્ર પહેલું પગલું છે. જે સેલ્ફ એચઆઈવી ટેસ્ટીંગ રણનીતિને આગળ વધારશે. આ પગલા સાથે કેનેડા પણ વિશ્વ આરોગ્ય સંસ્થાએ અપનાવેલી એચઆઈવી સેલ્ફ ટેસ્ટીંગ ટેકનોલોજીને અનુસરનારા અન્ય એક ડઝન જેટલા રાષ્ટ્રો સાથે જોડાઈ ગયું છે. જેથી ન ઓળખાયેલા કેસની સંખ્યા ઘટાડી શકાય.

૨૦૧૬ સુધીમાં કેનેડામાં એવા ૬૩૦૦૦ લોકો જોવા મળ્યા હતા. જે એચઆઈવી ગ્રસ્ત હોય. જેમાં દર સાત કેસોમાં એક કેસ એવો હતો. જેમાં દર્દીને ખબર નહોતી કે, એમની સ્થિતિ શું છે. કેનેડાના જાહેર આરોગ્ય વિભાગના અંદાજ મુજબ તાજેતરના વર્ષમાં કેનેડામાં એચઆઈવીના નવા ૨૫૬૧ કેસ માત્ર વર્ષ ૨૦૧૮માં નોંધાયા હતા. જેની સામે જી સેવન દેશોમાં એચઆઈવીના ચેપનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

ડો. સીન રોરકેએ કલીનીકલ ટ્રાયલનું નેતૃત્વ સંભાળીને બાયોલીટીકલ સેલ્ફ ટેસ્ટ કીટની સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું હતુ કે, કેનેડામાં અંદાજે ૯૦૦૦ લોકોનું નિદાન થઈ શકયું નથી. એમને જીવન વધારનારી સારવારની તક મળવી જોઈએ અને આ રોગના ચેપને અટકાવી શકાય એને માટે મંજુરી જરૂરી હતી.

હવે એ બધી શકયતાઓના દરવાજા ખુલી જશે એવી આશા રાખી શકાશે. આ ટેસ્ટના પરિણામો ૯૯ ટકા સચોટ રહ્યા હોવાનું પણ કંપનીએ જણાવ્યું હતું.

# ક્યુબેકમાં લોન વૂલ્ફ હુમલો, આડેધડ તલવાર વીંઝતાં બે મોત, પાંચને ઈજા

ઓટાવા : ફ્રાન્સમાં લોન વૂલ્ફ દ્વારા કેટલાક લોકો પર ધારદાર ચપ્પુથી હુમલો કરીને હત્યાની ઘટના પછી કેનેડાનાં ક્યુબેક સિટીમાં પણ તીક્ષ્ણ હથિયાર દ્વારા સ્ટેબિંગની ઘટના બની હતી જેમાં ૨નાં મોત થયાં હતાં અને પાંચને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પોલીસ દ્વારા નાકાબંધી કરીને શકમંદ હુમલાખોરને પકડી લેવામાં આવ્યો છે. ૨૦ વર્ષનાં શકમંદ હુમલાખોર દ્વારા મધ્યકાલીન યુગના યૌદ્ધા જેવો પહેરવેશ પહેરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. હેલોવીનની પ્રાંતીય સંસદ પાર્લામેન્ટ હિલ વિસ્તારમાં નહીં જવા પોલીસે લોકોને સલાહ આપી છે. હુમલાખોરનો હુમલો




કરવા પાછળનો ઈરાદો શું હતો તે જાણવા મળ્યું નથી. ક્યુબેક સિટી એ કેનેડાનો ફ્રેન્ચભાષી પ્રાંત છે. ફ્રાન્સમાં જે રીતે ઈસ્લામિક કટ્ટરપંથી દ્વારા ગયા અઠવાડિયે હુમલો કરાયો તેવી પદ્ધતિથી જ ક્યુબેક સિટીમાં હુમલો કરાયો હતો. ક્યુબેકમાં રહેનાર કેટલાક લોકોએ ફ્રાન્સને ટેકો આપતું વલણ અપનાવ્યું હતું.




# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

દશેરા સ્પેશિયલ
ફાફડા ઝલેબી મળશે

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Quarantine Special
Package
$50 Per Day



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ગુજરાતમાં કોરોનાનાં ૯૯૦ નવા કેસ : ૭નાં મોત

**• રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૧૩૬૬૮ ટેસ્ટ કરાયા : ૧૬૧૫૨૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ**

ગાંધીનગર : રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પ હોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૯૯૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૭૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૧૫૨૫ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૯૫ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૧૫૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૯૩.૦૨ પ્રતિ મિલિયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૩૧૩૬૬૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૧૭૯૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦૧૬૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૯૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૯૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૩૨૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ઉપર ૬૭ છે. જ્યારે ૧૨૨૫૯ લોકો સ્ટેબલ છે. ૧૬૧૫૨૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૪૭ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોપ ર્રેશનના ૨, સુરત કોર્પોરેશન ૨, દાહોદ ૧, સુરત ૧, ગાંધીનગર ૧ સહિત કુલ ૭ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

## જામનગર મેરીટાઈમ બોર્ડમાં કોરોના વિસ્ફોટ, ૧૬ જવાનો સંક્રમિત થયા

રાજ્યમાં સરકાર દ્વારા એકબાજુ કોરોનાનાં કેસોમાં ઘટાડો થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેવામાં જામનગરમાં મેરિટાઈમ બોર્ડમાં કોરોના બ્લાસ્ટ થયો છે. મેરિટાઈમ બોર્ડમાં બોર્ડર વિંગના ૧૬ જવાનો સંક્રમિત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. હાલ તમામ જવાનોને બેડી પોર્ટ ખાતે ક્વોરન્ટિન કરી દેવામાં આવ્યા છે. જો કે, જવાનો કોરોનાનો શિકાર બનતાં સિક્યોરિટી વિભાગમાં દોડધામ મચી જવા પામી છે. ઉલ્લેખનીય છે કે ગત રોજ જામનગર શહેર-જિલ્લામાં કોરોનાનાં ૨૪ કલાકમાં શહેરમાં ૧૭ અને જિલ્લામાં ૧૩ મળી કુલ ૩૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. તો એક દિવસમાં એક પણ મોત ન નોંધાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જામનગરમાં કોરોના મહામારીનો પ્રકોપ ઘટતા સંક્રમણ અને મૃત્યુદર બંનેમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. જ્યારે શહેરમાં ૩૫ અને જિલ્લામાં ૧૫ મળી કુલ ૫૦ દર્દીએ કોરોનાને હરાવતા ડીસ્ચાર્જ કરાયા છે.

## રાજ્યમાં વપરાતાં ઓક્સિજન, ઈન્જેક્શન અને દવાઓના વપરાશમાં ધરખમ ઘટાડો

ગાંધીનગર : ગુજરાતમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે.રાજ્ય સરકારની અસરકારક કામગીરીના પરિણામે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે.તેમજ કોરોનાની સારવારમાં વપરાતી દવાઓ, ઓક્સિજન અને ઈન્જેક્શનની માંગ અને વપરાશમાં ઘટાડો થયો છે. રાજ્યમાં કોરોના હવે ધીમે ધીમે કાબુમાં આવી રહ્યો છે. આ અંગે ઔષધ નિયમન કમિશ્નરએ જણાવ્યું છે કે, મેડિકલ ઓક્સીજન આઈ.પી.અને રેમડેસીવીર ઈન્જેકશન તથા ફેવિપિરાવીર ટેબલેટ ૨૦૦ મિ.ગ્રા અને ૪૦૦ મિ.ગ્રા.ની માંગમાં અને વપરાશમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તે ઉપરાંત આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જ્યંતિ રવિના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કોરોનાના સંક્રમણને અટકાવવામાં સફળતા મળી છે.

તેમણે ઉમેર્યુ કે,ઓક્ટોબર ૨૦૨૦થી કોરોનાના નવા તથા એકટીવ કેસની સંખ્યામાં પણ ઉત્તરોત્તર ઘટાડો થતાં કોરોનાની સારવાર માટે લાઈફ સેવિંગ એવા, મેડિકલ ઓક્સિજનની માંગ અને વપરાશ જે સપ્ટેમ્બર-૨૦૨૦માં દરરોજની ૨૪૦ મેટ્રિક ટન હતી. તે ઓક્ટોબરના અંતમાં ઘટીને દરરોજની ૧૩૫ મેટ્રીક ટન એટલે કે પ્રતિ દિન વપરાશમાં ૧૦૦ મેટ્રિક ટનનો ઘટાડો જોવા મળેલ છે તે જ રીતે મોડરેટ અને સીવીયર કોવિડ-૧૯ દર્દીની સારવાર માટે જરૂરી એવા રેમડેસીવીર ઈન્જેકશનનો વપરાશ સપ્ટેમ્બર માસમાં ૧ લાખ ૮૦ હજાર હતો. તેનો ઓક્ટોબરમાં વપરાશ ફકત ૮૩ હજાર ઈન્જેકશનનો (ઓપન માર્કેટમાં) તથા રાજય સરકારની હોસ્પિટલોમાં ૪૦ હજારનો વપરાશ હતો તે ઘટીને ૩૦ હજાર ઈન્જેકશન જેટલો થયો છે.













હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## જેમ્સ બૉન્ડ ફિલ્મોથી જાણીતા થયેલા સર શૉન કોનેરી સ્કોટલેન્ડની આઝાદીની લડતના સમર્થક રહ્યા

# સર શૉન કોનેરી : હોલિવૂડના અજોડ કલાકારની વિદાય

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

જેમ્સ બૉન્ડની ફિલ્મ વર્ષોથી જગતમાં તેના ચાહકો માટે લોકપ્રિય રહી છે. અત્યાર સુધીમાં અડધો ડઝન હોલિવૂડ એક્ટર જેમ્સ બૉન્ડનો રોલ કરી ચૂક્યા છે. પરંતુ આખી દુનિયામાં જાસૂસીને કારણે ડંકો વગાડનારી એ ફિલ્મોના શરૂઆતી જાસૂસ સ્કોટલેન્ડના અભિનેતા સર શૉન કોનેરી હતા. ૧૯૫૪થી ૨૦૧૨ સુધીમાં તેમણે અઢળક ફિલ્મોમાં કામ કર્યુ હતુ. કિન્તુ તેની મૂળ ઓળખ જેમ્સ બૉન્ડ તરીકેની રહી હતી. તેની અભિનેતા તરીકેની કારકીર્દી દરમિયાન વારંવાર સૌથી લોકપ્રિય જેમ્સ બૉન્ડનો ખિતાબ મેળવનારા કોનેરીનું હાલ ૯૦ વર્ષની જૈફ વયે નિધન થયું છે.

તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ બહામાઝના નાસાઉ ટાપુ પર રહેતા હતા. જેમ્સ બોન્ડની પહેલી ફિલ્મ ડૉ.નો હતી. જેમાં જાસૂસ બનેલા જેમ્સને તેના ઉપરી અધિકારી તપાસ માટે મોકલે ત્યારે જેમ્સ જમૈકા પહોંચે છે. જમૈકા કેરેબિયન ટાપુ સમુહનો હિસ્સો છે. એ કેરેબિયન સમુહમાં જ બહામાઝ ટાપુઓ પણ આવેલા છે. કેરેબિયન વિસ્તાર તેમને બહુ પસંદ આવી ગયો હતો. તેથી પાછલી જિંદગીમાં તેઓએ ત્યાં જ રહેવાનું પસંદ કર્યુ હતુ. એમાં પણ છેલ્લા કેટલાક દિવસથી તેઓ બિમાર હતા. એટલે પરિવારના સભ્યો પણ એમની પાસે પહોંચી ગયા હતા. એમની વચ્ચે જ શાંતિથી તેમણે અંતિમ શ્વાસ લીધા. સર કોનેરીએ એક પછી એક એમ કુલ છ ફિલ્મો બૉન્ડ તરીકે આપી અને આખા જગતમાં જાસૂસ જેમ્સ છવાઈ ગયા હતા. બૉન્ડની એ બધી ફિલ્મો ઈઓન પ્રોડક્શને બનાવી હતી. ઈઓન સિવાય પણ એક બોન્ડ ફિલ્મ ૧૯૮૩માં બની હતી. જેનું નામ નેવર સે નેવર અગેઈન હતુ. તેમાં પણ કોનેરીએ જેમ્સનો રોલ કર્યો હતો. પરંતુ તેમાં તેમની મોટી ઊંમર દેખાઈ આવતી હતી. હોલિવૂડની સૌથી લોકપ્રિય ફિલ્મ સિરિઝમાં સૌથી આગળ બૉન્ડ ફિલ્મોને મુકવામાં આવે છે. લોકપ્રિય છે એટલે તો આજે ૬ દાયકા પછી પણ સિરિઝની ફિલ્મો આવતી રહે છે. લોકપ્રિયતાના પાયા નાખવાનું કામ કોનેરીએ કર્યું હતું. કોનેરીનો જન્મ ૧૯૩૦ની ૨૫મી ઑગસ્ટે સ્કોટલેન્ડના એડિનબર્ગમાં થયો હતો. તેમનો પરિવાર અહીં વળી આર્યલેન્ડથી સ્થળાંતરીત થયો હતો. તેમનું જન્મનું નામ પણ વળી થોમસ શૉન કોનેરી હતું. સ્કોટલેન્ડ બ્રિટનનો ભાગ છે, પણ સંસ્કૃતિ અલગ પડતી હોવાથી ત્યાંની પ્રજા પોતાને સ્કોટિશ કહેવડાવવાનું પસંદ કરે છે.

બાળપણમાં કોનેરીએ સ્કોટલેન્ડમાં ઈંટોના ભઠ્ઠામાં કામ કર્યુ હતું. શબપેટીઓને પોલીસ કરી હતી અને ૧૩ વર્ષની વયે તો સ્કૂલ પણ છોડી દીધી હતી. આ સમયે તેમને બ્રિટનના નૌકાદળ (રોયલ નેવી)માં નોકરી મળી. ૩ વર્ષ સુધી ત્યાં કામ કર્યુ. શારીરિક બાંધો મજબૂત હતો, ઊંચાઈ છ ફુટ કરતા વધારે હતી. એટલે એડિનબર્ગના બજારમાં એક દિવસ છ ગૂંડા તેમને લૂંટવા આવ્યા તો તે તમામની કોનેરીએ ધોલાઈ કરી નાખી. ફિલ્મોમાં આવ્યા પહેલા જ તેઓ બૉન્ડ બની ચૂક્યા હતા. એટલે ફાયદો એ થયો કે, તેમના ખડતલ શરીરથી આકર્ષાઈને તેમને બોડિબિલ્ડિંગના મોડેલિંગમાં થોડું ઘણું કામ મળ્યું. બાકીનો સમય ટ્રક ડ્રાઈવિંગ પણ કરી લેતા. ફૂટબોલર સારા એવા હતા. એટલે માન્ચેસ્ટર યુનાઈટેડમાં રમીને થોડી ઘણી આવક મેળવી લેતા હતા. એક્ટિંગમાં રસ પડવાની શરૂઆત થઈ, એટલે ૧૯૫૩માં એડિનબર્ગમાંથી લંડન શિફ્ટ થયા. લંડનની ભવ્ય નાટય-સંસ્કૃતિમાં પ્રવેશ્યા અને જન્મજાત એક્ટર હોવાને કારણે થોડા વખતમાં જ લોકપ્રિય પણ થયા. શેક્સપિયરના હોય કે, બર્નાડ શૉના હોય. નાટકોમાં કોનેરીને ભારે ફાવટ આવી ગઈ. પરિણામે તેમના માટે તુરંત ફિલ્મના દરવાજા ખૂલ્યા. પહેલી ફિલ્મ ૧૯૫૪માં આવેલી લાઈલક્સ ઈન ધ સ્પ્રિંગ હતી. એમાં તો રોલ સાવ નાનો હતો, પરંતુ તેનાથી તેની આ સફરનો આરંભ થઈ ચૂક્યો હતો. એ વખતે બીબીસી દ્વારા ટીવી સિરિઝ બ્લડ મની બની રહી હતી. તેમાં બોક્સરનો રોલ અમેરિકી એક્ટર જેક પાલેન્સે કરવાનો હતો. પણ એ કરી ન શક્યા. એટલે કોનેરીને તક આપવામાં આવી.

દરમિયાન પ્રોડ્યુસર આલ્બર્ટ બ્રોકલી અને હેરી સેલ્ત્ઝમાને મળીને લેખક ઈયાન ફલેમિંગની વાર્તા પરથી ફિલ્મ બનાવવાનું નક્કી કરાયું. પહેલી ફિલ્મ ડૉ.નો પરથી બનાવવા માટે હીરો શોધવા ફાઈન્ડ જેમ્સ બૉન્ડ સ્પર્ધા રખાઈ અને એમાં હજારો સ્પર્ધકોમાંથી ૬ નામ ફાઈનલ થયા. શરૂઆતમાં તો બૉન્ડ તરીકે પિટર એન્થનીને પસંદ કરી લેવાયા હતા, પણ પછીથી એ યોગ્ય ન લાગતા ૬ પૈકીના બીજા નામ કોનેરી પર પસંદગી ઉતારાઈ. ફિલ્મ બની, રિલિઝ થઈ અને સફળતા મળતા તેઓ છવાઈ ગયા. ત્યાં સુધીમાં કોનેરી યુ.કે.થી અમેરિકા શિફ્ટ થઈ ચૂક્યા હતા. ત્યારપછી તો એક પછી એક બૉન્ડ ફિલ્મો આવતી ગઈ અને સફળતા મળતી ગઈ. એક પછી એક રોલ કર્યા અને પોતાના નામે આખો યુગ કહી શકાય એવી અભિનયકળા તેણે દર્શકો સમક્ષ મુકી. તેઓ જાહેર જીવનમાં પણ સક્રિય રહ્યા હતા. સ્કોટલેન્ડ એક સમયે આઝાદ પ્રાંત હતો, અત્યારે બ્રિટનના તાબામાં છે. વર્ષોથી સ્કોટલેન્ડની આઝાદીની ડિમાન્ડ ચાલી રહી છે. કોનેરી તેમના સમર્થક હતા અને વારંવાર એ માટે ખુલીને બોલતા હતા. સ્કોટિશ નેશનલ પાર્ટીના તેઓ સક્રિય સભ્ય હતા અને ફંડ પૂરું પાડતા હતા. જો કે, સ્કોટેલન્ડ સરકારે તેમના ઉપર ટેક્સ ચોરીનો કેસ કર્યો હોવાથી તેઓ સ્કોટલેન્ડમાં રહેતા ન હતા. બાદમાં કેસ ખોટો પૂરવાર થયો હતો. વળી, સ્કોટલેન્ડની આઝાદીના તરફદાર હોવાથી બ્રિટિશ સરકારને પણ એ બહુ પ્રિય ન હતા. પરંતુ દર્શકોમાં સદા લોકપ્રિય હતા અને રહેશે. એક વખત હોલિવૂડના ધૂરંધર ડિરેક્ટર સ્પિલબર્ગે કહ્યું હતું કે, જગતમાં કુલ સાત સુપરસ્ટાર છે અને કોનેરી તેમાંના એક છે. કોનેરીએ આજીવન એ લોકપ્રિયતા જાળવી રાખી હતી. જેમ્સ બૉન્ડ તરીકે ૧૯૬૨માં ડૉ.નો રોલ, ૧૯૬૩માં ફ્રોમ રશિયા વિથ લવ અને ગોલ્ડફિંગર, ૧૯૬૫માં થન્ડરબોલ, ૧૯૬૭માં યુ ઓન્લી લાઈવ ટ્વાઈસ, ૧૯૭૧માં ડાયમન્ડ્સ આર ફોરેવર, ૧૯૮૩માં નેવર સે નેવર અગેઈનમાં અભિનય કર્યો હતો. ૨૦૦૭ના ફેબ્રુઆરીમાં અંગત કામે કોનેરી અને તેમના પત્ની માઈકલિન ભારત આવ્યા હતા અને દિલ્હીની હોટેલમાં ઉતર્યા હતા. તેમના આગમનની જાણ તેમના ચાહકોને થતાં તેઓ હોટેલમાં ઉમટી પડયા હતા. એ વખતે કોનેરી કોઈક કામસર લોબીમાં નીકળ્યાં ત્યાં સ્વાગત કરવા માટે મોટું ટોળું હાજર હતું. એ જોઈ તેઓ તુરંત રૂમમાં જતા રહ્યા હતા.

બૉન્ડ સિવાયની નોંધપાત્ર ફિલ્મોમાં ધ લૉંગેસ્ટ ડે (૧૯૬૨), મરિન (૧૯૬૪), ધ હિલ (૧૯૬૫), ધ ઓફેન્સ (૧૯૭૩), મર્ડર ઓન ધ ઓરિએન્ટ એક્સપ્રેસ (૧૯૭૪), ધ મેન હૂ વ્હુડ બી કિંગ (૧૯૭૫), અ બ્રિજ ટૂ ફાર (૧૯૭૫), ધ વિન્ડ એન્ડ ધ લાયન (૧૯૭૫), ટાઈમ બેન્ડિટ્સ (૧૯૮૧), ધ અનટચેબલ્સ (૧૯૮૭), ઈન્ડિયાના જોન્સ એન્ડ લાસ્ટ ક્રૂઝેડ (૧૯૮૯), ધ નેમ ઓફ ધ રોઝ (૧૯૮૬), ફેમિલી બિઝનેસ (૧૯૮૯), ધ હન્ટ ફોર ધ રેડ ઑક્ટોબર (૧૯૯૦), મેડિકલ મેન (૧૯૯૨), રાઈઝિંગ સન (૧૯૯૩), અ ગૂડ મેન ઈન આફ્રિકા (૧૯૯૪) અને ધ રોક (૧૯૯૬) તથા ફાઈન્ડિંગ ફોરેસ્ટ (૨૦૦૦)નો સમાવેશ થાય છએ. દાયકાઓ લાંબી કારકિર્દીમાં તેને અનેક એવોર્ડ મળ્યા છે, પરંતુ ધ અનટચેબલ્સ માટે મળેલો સપોર્ટિંગ એક્ટરનો ઑસ્કર સૌથી નોંધપાત્ર એવોર્ડ છે. ગેંગસ્ટાર અલ કેપોન પરથી બનેલી એ ફિલ્મમાં કોનેરીએ પોલીસ અધિકારી જીમ મેલોનનો રોલ કર્યો હતો. આ ઉપરાંત બે વખત બાફ્ટા, ત્રણ વખત ગોલ્ડન ગ્લોબ, સહિતના અનેક ફિલ્મ ક્ષેત્રના એવોર્ડ મળ્યા હતા. તો વળી જાહેર જીવનની કામગીરી માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ સહિતની સંસ્થા અને અનેક દેશોએ તેમનું સન્માન કર્યુ હતું. વારંવાર તેમને ગ્રેટેસ્ટ લિવિંગ સ્કોટનું સન્માન પણ મળ્યું હતું.




**૧૯૫૩માં એડિનબર્ગમાંથી લંડન શિફ્ટ થયા બાદ નાટય-સંસ્કૃતિમાં તેઓ પ્રવેશ્યા અને જન્મજાત એક્ટર હોવાને કારણે થોડા વખતમાં જ લોકપ્રિય પણ થયા : ૧૯૫૪થી ૨૦૧૨ સુધીમાં સર શૉન કોનેરીએ અઢળક ફિલ્મોમાં કામ કર્યું, કિન્તુ તેની મૂળ ઓળખ જેમ્સ બૉન્ડ તરીકેની રહી**

સ્વદેશ



## ફરાઝ ખાનનુ લાંબી બીમારી બાદ નિધન

મુંબઈ: બોલીવૂડ એક્ટ્રેસ રાની મુખર્જીના કો સ્ટાર અને અભિનેતા ફરાઝ ખાન આખરે જિંદગી સામેનો જંગ હારી ગયા છે. બોલીવૂડ અભિનેતાએ બેંગ્લોરની હોસ્પિટલમાં આખરી શ્વાસ લીધા હતા. ફરાઝ ખાનને રાની મુખર્જીની સાથેની ફિલ્મ મહેંદીથી ઓળખ મળી હતી. નિર્માતા પૂજા ભટ્ટે તેમના નિધનની જાણકારી આપીને કહ્યુ હતુ કે, ફરાઝ ખાન આપણને છોડીને જતા રહ્યા છે અને કદાચ તે જગ્યા આપણે રહીએ છે તેના કરતા સારી છે. ૫૦ વર્ષીય અભિનેતાને સારવાર માટે પણ આર્થિક મદદની જરુર પડી હતી.ફરાઝના ભાઈએ અપીલ કર્યા બાદ અભિનેતા સલમાનખાને મદદ કરીને સારવારનો ખર્ચો પણ આપ્યો હતો.



# શ્રદ્ધા કપૂર સોશિયલ મીડિયા પર દીપિકા કરતા આગળ નીકળી ગઇ



મુંબઈ: ઇન્સ્ટાગ્રામ પર સિતારાઓ પોતાના ફોલોઅર્સને કારણે વધુ ચર્ચામાં રહેતા હોય છે. અત્યાર સુધી દીપિકા પદુકોણ ઇન્સ્ટાગ્રામ પર બીજા સ્થાને હતી જે હવે પાછળ થઇ ગઇ છે. શ્રદ્ધા કપૂર તેને પાછળ ધકેલીને આગળ નીકળી ગઇ છે. ભારતીય હસ્તીઓની વાત કરીએ તો શ્રદ્ધા હવે ચોથા સ્થાન પરથી ત્રીજા સ્થાન પર પહોંચી ગઇ છે. ઇન્સ્ટાગ્રામ પર સોથી વધુ ફોલોઅર્સ ધરાવતી વ્યક્તિ વિરાટ કોહલી છે જેના ૮૨.૨ મિલિયન ફોલોઅર્સ છે. બીજા નંબર પર પ્રિયંકા ચોપરા આવે છે જેને ૫૮.૧ મિલિયન ફોલોઅર્સ છે. જ્યારે શ્રદ્ધા કપૂર ૫૬.૪ મિલિયન ફોલોઅર્સ ધરાવે છે. જ્યારે દીપિકા પદુકોણ ૫૨.૩ મિલિયન પર છે. લાગે છે કે. દીપિકા પદુકોણના ફોલોઅર્સ ઘટી જવાનું કારણ તેનું ડ્રગ્સ કેસમાં નામ આવ્યું હોવાનું છે. જોકે આ બાબતે કોઇ સ્પષ્ટતા કે ખુલાસો કરવામાં આવ્યો નથી.

## ગોવામાં અભિનેત્રી પૂનમ પાંડેની ધરપકડ, બે પોલીસકર્મી પણ સસ્પેન્ડ

પણજી: અભિનેત્રી પૂનમ પાંડેની ગોવા પોલિસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. દક્ષિણ ગોવાના પોલિસ અધિક્ષક પંકજ કુમાર સિંહે આ વાતની જાણકારી આપી છે. પૂમન પાંડ ઉપર આરોપ છે કે તેણે સરકારી સંપતિમાં ગેરકાયદે પ્રવેશ કર્યો છે અને અશ્લીલ વીડિયોનું શૂટિંગ કર્યુ છે. દક્ષિણ ગોવા જિલ્લાના કોનકોના શહેરના નાગરિકોએ આ શૂટિંગ માટે સરકારી સંપતિના દૂપયોગની ફરિયાદ કરી છે. સાથે જ પોલિસે કાર્યવાહી દરમિયાન બે



પોલીસકર્મીઓને પણ સસ્પેન્ડ કર્યા છે. એક પોલિસ અધિકારીએ જણાવ્યું કે ઉત્તર ગોવાના સિંકરીમની એક ફાઇવ સ્ટારક હોટેલમાંથી ગુરુવારે પૂનમ પાંડેની ધરપકડ કરવામાં આવી છે. કલાંગપુલ પોલિસની એક ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારબાદ કાનકોના પોલિસને સોંપવામાં આવી છે. કાનકોના શહેરના ચાપોલી ડેમ ઉપર શૂટિંગ દરમિયાન અશ્લિલતાને લઇને બુધવારે એક પોલિસ ફરિયાદ થઇ હતી. ડેમની સંભાળ રાખતા જળ સંસાધન વિભાગ દ્વારા આ ફરિયાદ કરવામાં આવી હતી.



## સુપરહીરો ફિલ્મમાં કેટરિનાની ઓપોઝિટ કોઇ અભિનેતા નહી હોય

મુંબઈ: દિગ્દર્શક અલી અબ્બાસના દિગ્દર્શનમાં બની રહેલી કેટરિના કૈફની સુપરહીરો ફિલ્મ હાલ ચર્ચામાં છે.આ એક મેગા બજેટ ફિલ્મ છે.જોકે હજી સુધી આ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું નથી, પરંતુ કેટરિના લાંબા સમયથી પોતાના પાત્રની તૈયારી કરી રહી છે. કેટલાય સમયથી ચર્ચા હતી કે, કેટરિનાને આ ફિલ્મમાં કોની સાથે રોમાન્સ કરતી દેખાડવામાં આવશે. સૂત્રની વાત સાચી માનીએ તો, કેટરિનાની ઓપોઝિટ આ ફિલ્મમાં કોઇ પુરુષ અભિનેતાને લેવામાં આવવાનો નથી. અલી અબ્બાસ ઝફરે એક વાતચીતમાં કહ્યું હતું કે, આ ફિલ્મમાં કેટરિના કૈફના ઓપોઝિટ કોઇ હીરોની જરૂર નથી. ફિલ્મમાં તે પોતે જ એક હીજો છે. આ ફિલ્મ બહુ ઊંચા સ્તરની અને અલગ જ બનવાની છે.કેટરિના આ ફિલ્મમાં કોઇની સાથે રોમાન્સ કરતી જોવા નહીં મળે. આ ફિલ્મનું શૂટિંગ પોલેન્ડ, જ્યોર્જિયા, દુબઇ, અબુધાબી અને ઉત્તરાખંડમાં થવાનું છે. દુબઇ અને અબુધાબીના લોકેશનને લોક કરી દેવામાં આવ્યું છે.

## જાવેદ અખ્તરે કેસ નોંધાવતા કંગનાએ આરોપ મુક્યા



મુંબઈ: બોલીવુડના જાણીતા ગીતકાર જાવેદ અખ્તરે હાલમાં જ અભિનેત્રી કંગના રનૌતની વિરુદ્ધ માનહાનિનો કેસ નોંધાવ્યો છે. કંગના રનૌતે સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલમાં વાતચીત દરમિયાન ધમકી આપવા સહિત અનેક ચોંકાવનારા આરોપ લગાવ્યા હતા. હવે જાવેદ અખ્તરે કંગના રનૌતની વિરુદ્ધ કાયદાકીય પગલાં ઉઠાવતા તેના પર માનહાનિનો કેસ નોંધાવ્યો છે. જાવેદ અખ્તર દ્વારા માનહાનિનો કેસ નોંધાવવા પર હવે કંગના રનૌતે પણ પ્રતિક્રિયા આપી છે. કંગના રનૌતે એક ટ્વીટ કર્યુ છે, જેના દ્વારા તેણે જાવેદ અખ્તર દ્વારા પોતાના પર કરવામાં આવેલા માનહાનિ કેસની ઠેકડી ઉડાવી છે. એક્ટ્રેસ લખે છે કે, ‘એક હતી સિંહણ અને એક વરુઓનું ઝૂંડ.’ આ સાથે જ કંગનાએ શિવસેના નેતા સંજય રાઉતનું એ ટ્વીટ પણ શેર કર્યુ છે, જેમાં તેમણે જાવેદ અખ્તર દ્વારા કંગના રનૌત પર કેસ નોંધાવવાની વાત કહી હતી.

## દીપિકાની મેનેજર કરિશ્મા પ્રકાશને NCB દ્વારા સમન્સ

મુંબઈ: સુશાંતસિંહ રાજપૂત મામલા સાથે જોડાયેલા ડ્રગ્સ કનેક્શનમાં દીપિકા પાદુકોણની પૂર્વ મેનેજર કરિશ્મા પ્રકાશને જે પૂછપરછ માટે બોલાવવામાં આવી છે. નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરો દ્વારા કરિશ્માને સમન્સ મોકલવામાં આવ્યું છે. બુધવારે પણ કરિશ્મા પ્રકાશને પૂછપરછ માટે એનસીબી દ્વારા બોલાવવામાં આવી હતી. ત્યારે કેટલાક દિવસ પહેલા કરિશ્માને તપાસ એજન્સીએ પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું. પરંતુ તે હાજર થઈ ન હતી. જેના પછી એનસીબીએ તેને સમન્સ મોકલ્યું હતું. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે કરિશ્મા પ્રકાશ કેટલાક દિવસોથી ગાયબ હતી. તેમે સમન્સનો કોઈ જવાબ આપ્યો ન હતો. કરિશ્માએ બુધવારે પૂછપરછ પહેલા આગોતરા જામીન માટે અરજી દાખલ કરી હતી. કોર્ટે મંગળવારે નિર્ણય સંભળવતા કરિશ્મા પ્રકાશની સાત નવેમ્બર સુધી ધરપકડ ન કરવા આદેશ આપ્યો હતો. મામલાની આગળની સુનાવણી સાત નવેમ્બરે થશે. કોર્ટના આદેશ પછી એનસીબી કરિશ્મા પ્રકાશની પૂછપરછ કરી શકે છે. પરંતુ આગળની કાર્યવાહી માટે તેની ધરપકડ નથી કરી શકતી. કોર્ટમાં કરિશ્મા પ્રકાશે વિશ્વાસ અપાવ્યો હતો કે તે તપાસમાં સહયોગ કરશે.

## અમૃતા રાવે પુત્રને જન્મ આપ્યો



મુંબઈ: અમૃતા રાવ અને પતિ આર જે અનમોલને ત્યાં પુત્રનો જન્મ થયો છે. ૧લી નવેમ્બરના સવારે અમૃતાને ત્યાં પુત્ર અવતર્યો છે. આ દરમિયાન અનમોલ ઓપરેશન થિયેટરમાં હાજર હતો અને મા-બાળકની તબિયત સારી હોવાનું સૂત્રએ જણાવ્યું હતું. અમૃતા અને આર જે અનમોલએ લાંબા સમય સુધી એકબીજાને ડેટ કર્યા પછી ચાર વરસ પહેલા લગ્ન કર્યા હતા. અમૃતાએ પોતાના બેબી બમ્પ સાથેનો એક વીડિયો શેર કરીને માતા બનવાની છે તેવા સમાચાર પોતાના ચાહકો સાથે શેર કર્યા હતા. અમૃતા રાવ હાલ ફિલ્મોમાં સક્રિય નથી. તેની છેલ્લી ફિલ્મ ઠાકરે હતી.જેમાં તેણે મીનાતાઇ ઠાકરેનું પાત્ર ભજવ્યું હતું. આ ફિલ્મમાં તે નવાઝુદ્દીન સિદ્દીકીની ઓપોઝિટ હતી.
















# ટ્રમ્પ-બાઈડેન સમર્થકો સડકો પર સામસામે



વોશિંગ્ટન : અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં પોસ્ટ બેલેટ વિવાદ મુદ્દે રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીના સમર્થકો સડકો પર ઊતરી આવ્યાં છે. ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડેને વિસ્કોન્સિન અને મિશિગન રાજ્યો પર કબજો જમાવ્યા બાદ મતગણતરી જારી છે તેવા રાજ્યોમાં ટ્રમ્પના હથિયારધારી સમર્થકો સડકો પર ઊતરી આવ્યાં હતાં. બીજીતરફ ડેમોક્રેટ સમર્થકોએ પણ અમેરિકાના વિવિધ શહેરોમાં રેલીઓનું આયોજન કરીને દરેક મતની ગણતરી કરોની માગ કરી હતી. બુધવારે સાંજે એરિઝોનાની મેરીકોપા કાઉન્ટીમાં મતગણતરી કેન્દ્ર ખાતે ઊમટી પડેલા ટ્રમ્પના સમર્થકોએ પુનઃમતગણતરી કરવાની માગ સાથે ભારે હંગામો મચાવ્યો હતો. ટ્રમ્પ સમર્થકોએ મતગણતરી કેન્દ્રમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કરતાં કેન્દ્ર બંધ કરવાની ફરજ પડી હતી. ટ્રમ્પના સમર્થકોએ મિશિગનમાં પણ મતગણતરી કેન્દ્રો પર હલ્લો કર્યો હતો. ડિટ્રોઈટમાં ટ્રમ્પના સમર્થકોએ મતગણતરી ચાલી રહી હતી તે ટીસીએફ સેન્ટરને ઘેરાવ કરી મતગણતરી અટકાવી દેવા દેખાવો કર્યા હતા. તેમણે મતગણતરી કેન્દ્રમાં ઘૂસવાનો પ્રયાસ કરતા પોલીસ સાથે સંઘર્ષ થયો હતો. બુધવારે સાંજે વોશિંગ્ટન, ડેનવેર, પોર્ટલેન્ડ, લોસ એન્જલસ સહિતનાં શહેરોમાં મોટી સંખ્યામાં ટ્રમ્પ સમર્થકો સડકો પર દેખાવો માટે ઊતરી આવતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી.

## દેખાવો કરતા ૬૦ લોકોની અટકાયત કરાઈ

ટ્રમ્પ સમર્થકોના મતગણતરી અટકાવવાના દેખાવો સામે ડેમોક્રેટ ઉમેદવાર જો બાઇડેનના સમર્થકોએ સડકો પર રેલીઓ કાઢી દરેક મતની ગણતરી કરવાની માગ કરી હતી. આ દરમિયાન ઠેરઠેર હિંસા અને તોડફોડ કરવામાં આવી હતી. હિંસાને પગલે પોલીસ દ્વારા ૬૦ લોકોની અટકાયત કરાઈ હતી.

## મતગણતરી અટકાવવા ટ્રમ્પ દ્વારા કોર્ટમાં અપીલ કરાઈ

ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે પેન્સિલ્વેનિયા, મિશિગન,નેવાડા અને જ્યોર્જિયામાં જો બાઇડેનની તરફેણમાં ટ્રેન્ડ કરી રહેલી મતગણતરીને અટકાવવાની માગ સાથે અરજીઓ દાખલ કરી હતી. પેન્સિલ્વેનિયા અને મિશિગનમાં ટ્રમ્પના સમર્થકોએ આરોપ મૂક્યો હતો કે, રાજ્યના કાયદા પ્રમાણે મતગણતરીના સ્થળે ઓબ્ઝર્વરને યોગ્ય સુવિધા અપાતી નથી. ટ્રમ્પના અંગત વકીલ રૂડી ગિવલિઆનીએ જણાવ્યું હતું કે, અમે વિસ્કોન્સિનમાં પણ પુનઃમતગણતરીની માગ સાથે અપીલ કરી શકીએ છીએ.

## જો બાઈડન અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા તો ચીનની ખેર નહીં રહે

વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પના સાશનકાળમાં ચીન સાથે ભયંકર તણાવ વધ્યો હતો. ટ્રમ્પે કોરોના વાયરસથી લઈને ભારત સાથેના તણાવ, ટ્રેડવોર અને તાઈવાન મુદ્દે ડ્રેગન પર આક્રમક પ્રહારો કર્યા હતાં. ટ્રમ્પે તો કોરોના વાયરસને જાહેરમાં અનેકવાર ચાઈના અને વુહાન વાયરસ ગણાવ્યો હતો. ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે બાઈડન પર ચીનને લઈને નરમ લવણ અપનાવવાના આરોપો લગાવ્યા હતાં.

નિષ્ણાંતોનું કહેવું છે કે ટ્રમ્પ કેબાઈડેન બંન્ને વિસ્તારવાદી નીતિ અપનાવવામાં લાગેલા ચીન વિરુદ્ધ આક્રમક વલણ અપનાવશે. ટ્રમ્પે ચીનને લઈને હુમલો કર્યા બાદ બાઈડેને પણ ચીનને પાઠ ભણાવવાનું વચન આપ્યુ હતું. ચીની બાબતોના અમેરિકી નિષ્ણાંત મરિઓન સ્મિથે કહ્યું હતું કે, ચીન આજે અમેરિકા માટે સુરક્ષા, આર્થિક અને મૂલ્યો પ્રમાણે સૌથી મોટો ખતરો બની ગયું છે.

સ્મિથે કહ્યું હતું કે, બાઈડેનનો ચીન પર વધુ ભાર છે. સીનેટરથી લઈને ઉપરાષ્ટ્રપતિના પોતાના ૪૫ વર્ષના રાજકીય કાર્યકાળમાં જો બાઈડેને ચીન અને અમેરિકા વચ્ચે એકજૂથતા પર ભાર આપ્યો હતો. વર્ષ ૨૦૧૩મા ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે જો બાઈડેનને પોતાના જૂના મિત્ર ગણાવ્યા હતા. પરંતુ હવે એક રાષ્ટ્રપતિ તરીકે બાઈડેન ચીન પ્રત્યે કડક વલણ અપનાવી શકે છે. જેથી અગાઉથી જ ચાલી રહેલો ચીનની સાથે તણાવ વધી શકે છે.

## ભારતીય મૂળના બિઝનેસમેન શ્રી થાનેદાર મિશિગન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ચૂંટાયા

ભારતીય મૂળના કરોડોપતિ બિઝનેસમેન અને ડેમોક્રેટ ઉમેદવાર શ્રી થાનેદાર મિશિગનના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ૯૩ ટકા મત સાથે ચૂંટાઇ આવ્યા છે. બે વર્ષ પહેલાં તેઓ મિશિગનમાં ગવર્નરપદની ચૂંટણી પણ લડયા હતા. ૬૫ વર્ષીય વૈજ્ઞાનિક અને બિઝનેસમેન એવા થાનેદારે તેમની પોતાની સંપત્તિમાંથી ૪,૩૮,૬૨૦ ડોલરનું રેકોર્ડ ચૂંટણી ભંડોળ એકઠું કર્યું હતું. થાનેદાર મિશિગનના થર્ડ ડિસ્ટ્રિક્ટમાં કુલ ૯૩ ટકા મત સાથે ચૂંટાઇ આવ્યા હતા. મૂળ કર્ણાટકના બેલગામના વતની એવા શ્રી થાનેદારે ૧૮ વર્ષની વયે કેમેસ્ટ્રીમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરી લીધી હતી.

## ડેમોક્રેટિક પાર્ટીના ૭૮ વર્ષના નેતા જો બાઈડેનની લાંબી રાજકીય કારર્કિદી

અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જો બાઈડેનની રાજકીય કારકિર્દી ખુબ જ લાંબી છે. જો આ વખતે તો ચૂંટણી જીતે તો અને શપથ લે તો તેઓ ૭૮ વર્ષના અમેરિકાના સૌથી ઉંમરલાયક રાષ્ટ્રપતિ હશે.

જો બાઈડેનનું આખુ નામ જોસેફ રોબિનેટ બાઈડેન જૂનિયર છે. તેમનો જન્મ ૧૯૪૨માં પેન્સિલવેનિયા રાજ્યના સ્કૈંટન શહેરમાં થયો હતો. પણ નાનપણમાં જ તેઓ ડેલવેયર જતા રહ્યાં હતાં. ૧૯૭૨માં બાઈડેન સેનેટ માટે ચૂંટાયેલા સૌથી નાની ઉંમરના લોકોમાંના એક હતાં. સેનેટ તરીકે ચૂંટાયાના થોડા જ દિવસમાં બાઈડેનની પત્ની એન દિકરી નાઓમીનું મોત નિપજ્યું, જ્યારે પુત્ર હંટર અને બ્યૂ ગંભીર રૂપે ઘાયલ થયા હતાં. બાઈડન પોતાના ત્રણેય દિકરાઓની સારસંભાળ માટે વિલમિંગટન અને વોશિંગ્ટન ડીસી વચ્ચે દરરોજ એમટ્રેક ટ્રેનમાં અપડાઉન કરતા હતાં. જેથી તેઓ ‘‘એમટૈક જો’’ના નામથી જાણીતા બની ગયા. પાંચ વર્ષ સુધી બાઈડેને તેમની બહેન વૈલેરી અને તેમના પરિવારની મદદથી બ્યૂ અને હંટરને સિંગલ ફાધર તરીકે મોટા કર્યા હતાં. વર્ષ ૨૦૧૫માં ૪૬ વર્ષની ઉંમરે બાઈડેનના પુત્ર બ્યૂનું બ્રેઈન કેંસરના કારણે મોત થયું હતું. બાઈડનના નાનો દિકરો હંટર એક વકિલ છે અને લોબિસ્ટ તરીકે તેની કારકિર્દી ભ્રષ્ટાચારના આરોપથી ઘેરાયેલું રહ્યું છે. નીલિયાના લગ્નના ૫ વર્ષ બાદ બાઈડેને જિલે સાથે લગ્ન કર્યા હતાં. તેમને એશ્લી નામની એક પુત્રી છે જેનો જન્મ ૧૯૮૧માં થયો હતો.

## અમેરિકાના શહેરમાં એક શ્વાન ભારે સરસાઈથી ચૂંટણી જીતીને બની ગયો શહેરનો મેયર

વોશિંગ્ટન : રેબિટ હટ નામના એક નાનકડા શહેરના મેયરપદ માટે થયેલા મતદાનના પરિણામો આવી ગયા છે. શહેરે વિલ્બર બિસ્ટ નામના શ્વાનને પોતાના મેયરપદે ચૂંટી કાઢયો છે. કેન્ટકીમાં રેબિટ હટમાં વસી રહેલા નાનાકડા સમુદાયે ફ્રાન્સિસી બુલડોગને પોતાના નવા નેતાપદે ચૂંટી કાઢયો છે. રેબિટ હેશ હિસ્ટોરિકલ સોસાયટીએ જણાવ્યા મુજબ વિલ્બર બિસ્ટ ૧૩,૧૪૩ મતે ચૂંટણી જીતી ગયો હતો. રેબિટ હેશ હિસ્ટોરિકલ સોસાયટી તે આ નાનકડા શહેરની માલિક છે. સોસાયટીએ બુધવારે ફેસબૂક પોસ્ટમાં શ્વાન મેયરપદે ચૂંટાઈ આવ્યાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે,’ રેબિટ હેશમાં મયેરપદની ચૂંટણી સંપન્ન થઈ ચૂકી છે. વિલ્બર બિસ્ટ શ્વાન નવા મેયર બની ચૂક્યા છે. તેમને કુલ ૨૨,૯૮૫ મતમાંથી ૧૩,૧૪૩ મત મળ્યા હતા.’

## ફિલ્મ સર્જક મીરા નાયરનો પુત્ર ઝોહરાન ન્યુયોર્કમાંથી ચૂંટણી જીત્યો

ન્યુયોર્ક : ફિલ્મ સર્જક મીરા નાયરના યુગાન્ડીયન-ભારતીય પુત્ર ઝોહરાન ક્વામી મમદાણી ન્યુયોર્ક સ્ટેટ એસેમ્બલીમાં ચૂંટાઇ આવ્યો હતો. આમ ન્યુયોર્ક વિધાનસભામાં ચૂંટાઇ આવનાર બં ભારતીયોમાં એક ઝોહરાનનો સમાવેશ થાય છે. ૩૬મા વિધાનસભા ડિસ્ટ્રિકટ માટે ડેમોક્રેટિક ઉમેદવાર ઝોહરાન મમદાણી વર્તમાન એસેમ્બલી સભ્ય અરાવેલા સિમોટાસને ડેમોક્રેટિક પ્રાઇમરીમાં હરાવી સામાન્ય ચૂંટણીમાં બિન હરિફ ચૂંટાયો હતો. જૂન પ્રાઇમરીમાં નાંખવામાં આવેલા મતોમાં તેને ૮૪૧૦ મત અ્રૃ થવા ૫૧.૨ ટકા મળ્યા હતા. ન્યુયોર્ક શહેરમાં મંગળવારે મતદાન પુરૂં થયા પછી મમદાણી આપોઆપ જ વિજયી બન્યા હતા. વિધાનસભામાં પહેલી વાર ચૂંટાઇ આવનાર ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ ઓફ અમેરિકા પાર્ટીના તેઓ પ્રથમ ઉમેદવાર હતા.

## ચાર ભારતીય અમેરિકન ડેમોક્રેટ્સ ફરીથી હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવમાં ચૂંટાઈ આવ્યા

વોશિંગ્ટનઃ અમેરિકાની તાજેતરની હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ ચૂંટણીમાં ભારતીય મૂળના ડેમોક્રટાક પક્ષના ચારે ચાર ઉમેદવારો ફરીથી ચૂંટાઇ આવ્યા હતા જેમાં એમી બેરા, પ્રેમિલા જયપાલ,રો ખન્ના અને રાજા કૃષ્ણમૂર્તીનો સમાવેશ થતો હતો. પહેલી જ વાર ભારતીય અમેરિકન સમાજે પ્રભાવી રીતે ઉભરી આવ્યું હતું. અમેરિકામાં વસતા આશરે ૧૮ લાખ ભારતીયોને રિઝવવા રિપબ્લીકન અને ડેમોક્રેટિક પાર્ટીએ કોઇ કસર બાકી રાખી નહતી. ફલોરિડા, જ્યોર્જીયા, મિશિગન, ઉત્તર કેરોલિના, પેન્સીલવેનિયા અને ટેક્સાસમાં ભારતીય સમાજ કટોકટીના સમયમાં અત્યંત ઉપયોગી સાબીત થયું હતું. ભારતીય અમેરિકન સાંસદોના ઔપચારિક જુથ માટે કૃષ્ણામૂર્તિ એ બનાવેલા કિથત સમોસા કાઉક્સમાં હજુ પણ કદાચ એક સભ્યનો ઉમેરો થઇ શકે છે.

## ચૂંટણીમાં અનેક રાજ્યોમાં જામી ભારે રસ્સાકસી

વોશિંગ્ટન : મત ગણતરી દરમિયાન જોવા મળેલા ટ્રેન્ડમાં બિડેન જીતતા દેખાય છે. જોકે, હવે ડેમોક્રેટીકના ઉમેદવાર જો બાઇડેન બહુમતીની નજીક પહોંચી ગયા છે. છતાં બંને ઉમેદવારોની વચ્ચે નિવેદનબાજી, આરોપ પ્રતિઆરોપનો દોર શરૂ થઇ ગયો છે. નેવાડામાં લગભગ ૨ લાખ નવા બેલેટ ખોલવામાં આવ્યા છે. એવામાં અહીંની ગણતરી હજુ પણ ચાલી રહી છે. તો બીજી તરફ પેન્સિલવેનિયામાં ડોનાલ્ડ ટ્રમ્પને જે લીડ મળી હતી તે ઓછી થઇ ગઈ છે. એરિઝોનામાં પણ આ જ સ્થિતિ છે, જ્યાં બાઇડેનને મળેલ લીડ ઓછી થઇ ગઈ છે. અમેરિકના મીડિયાના જણાવ્યા મુજબ, અનેક રાજ્યોમાં શુક્રવારના રોજ પરિણામો સ્પષ્ટ થઇ શકે છે. જ્યારે મોટા રાજ્યોમાં શનિવાર સુધી રાહ જોવી પડશે. અમેરિકાના એરિઝોનામાં જો બાઇડેનની લીડ ઘટી રહી છે. પહેલા જ્યાં બાઇડેન લગભગ ૭૦ હજાર મત સાથે આગળ હતા તે ઘટીને હવે માત્ર ૧૦ હાજર મતથી આગળ છે.

# અમદાવાદ પાસે કાપડના ગોડાઉનમાં આગ: ૧૨ના મોત

## આગની ઘટનામાં દાઝેલા છ જણાને હોસ્પિટલમાં ખસેડાયા : આગ પર કાબૂ મેળવવા ૧૨ બંબા કામે લાગ્યા

અમદાવાદ: શહેરમાંના પીરાણા પીપળજ રોડ પર નાનુકાકા એસ્ટેટમાં આવેલા કાપના ગોડાઉનમાં બોઈલર ફાટતા આગ લાગી હતી. બોઈલરના કારણે થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે દીવલો પણ ધરાશાયી થઈ હતી. આગમાં અત્યાર સુધી ૧૨ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ભીષણ આગમાં છ જણા ગંભીર રીતે દાઝી જતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે છ માંથી પાંચની હાલત વધુ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે બીજી તરફ આગની જાણ થતા જ ફાયરની ૧૨ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આગની ઘટનામાં ચાર લોકોના મોત થયા છે જ્યારે ધરાશાયી થયેલી છત નીચે ચારથી પાંચ લોકો દટાયા હોવાની આશંકા હોવાથી શોધખોળ હાથ ધરાઈ હતી.



અંદાજે ૩૦થી ૪૦ જેટલા જેટલા ફાયર વિભાગના કર્મચારીઓ બચાવ કામગીરીમાં જોડાયેલા છે. ઘટનાને પગલે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગની ઘટનાને લઈને ફાયર વિભાગે કહ્યું કે ઘટના અંગે માહિતી મળી હતી.

### ૧૦ મહિનામાં છ જીવલેણ આગ, ૩૯ મોત

અમદાવાદ: અમદાવાદમાં જીવલેણ આગના બનાવો ચિંતાજનક રીતે વધ્યાં છે. વર્ષ ૨૦૨૦ વસમુ હોય તેમ ચાલુ વર્ષે જીવલેણ આગના અડધો ડઝન બનાવોમાં ૩૯ માનવજીંદગી ભરખાઈ ચૂકી છે.

**વસમું વર્ષ ૨૦૨૦ : છ જીવલેણ આગમાં ૩૯ જીવ હોમાયા**

- પિરાણા, પીપળજ રોડ પ્રોસેસ હાઉસમાં આગ: ૧૨ મોત
- નવરંગપુરા શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડ: ૮ કોરોના પેશન્ટના મૃત્યુ
- નારોલ ચિરિપાલ ફેક્ટરી (નંદન એક્ઝિમ) આગ: ૮ કર્મચારીના મૃત્યુ
- ધોળકા વિશાલ ફેબ્રિક્સ (ચિરિપાલ ગ્રુપ)માં આગ: ૬ના મોત
- ઓઢવ લોટસ લેબલ ઈન્ડસ્ટ્રીઝમાં આગ: ૩ મોત
- ગોતાના ગણેશ જીનેસીસ ટાવરમાં આગ: બે મોત

# વીએમસીની હરાજીમાં હવે મંત્રી યોગેશ પટેલ જાતે જમીનદલાલ!

વડોદરા- દંતેશ્વરની જમીનના વળતરના વિવાદીત કિસ્સામાં ડબલ વળતર નહીં ચૂકવવા મેદાને પહેલા રાજ્યના નર્મદા મંત્રી યોગેશ પટેલનુ નામ ગાંધીનગરગૃહમાં ગાજ્યુ ત્યારે સાંભળનારા સૌ નવાઈ પામી ગયા હતાં. રાજ્યના મંત્રી યોગેશ પટેલ જાતે આજે જમીનના દલાલ બન્યા હતાં. ગાંધી નગરગૃહ ખાતે કોર્પોરેશનના ૨૭ પ્લોટની જાહેર હરાજી યોજાઈ હતી. તેમાં યોગેશ પટેલનુ નામ બોલાતા જ સૌ આૃર્યચકિત થઈ ગયા હતાં અને કેમ ન થાય ? રાજ્યના મંત્રી યોગેશ પટેલે જાતે હરાજીમાં ઉપસ્થિત ન રહીને પોતાના વતી પ્રતિનિધિ તરીકે એમ.એસ.યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય અને ભાજપના આગેવાન એવા સત્યેન કુલાબકરને રાખ્યા હતા. જેઓ પ્લોટની બોલી બોલવા સ્થળ પરથી યોગેશ પટેલ સાથે મોબાઈલ પર સતત સંપર્કમાં હતાં.સવાદ ખાતેના પ્લોટ માટે જ્યારે બોલી બોલાઈ તો આઈઓસીએલ અને કારેલીબાગના એક ઉમરલાયક બિલ્ડર આશિષકુમાર રમેશચંદ્ર શાહ પણ આ પ્લોટ ખરીદવા તૈયાર હતા.વિશ્વાસપાત્ર સૂત્રોએ કહ્યું હતું કે, યોગેશ પટેલ વતી સત્યેન કુલાબકરે આઈઓસીએલના પ્રતિનિધિને કાનમાં કંઈક કહીને બોસાડી દીધા હતા. પછી હવે યોગેશ પટેલ અને કારેનીબાગના બિલ્ડર જ હરિફાઈમાં રહ્યા હતાં.

## કાંકરેજના પૂર્વ MLA ખાનપુરાનું નિધન

ગાંધીનગર: કાંકરેજના પૂર્વ ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરાનું કોરોનાની સારવાર દરમિયાન અમદાવાદની હોસ્પિટલમાં ટુંકી માંદગી બાદ નિધન થયું હતું. એક મહિનાથી યુ.એન. મહેતા હોસ્પિટલમાં તેઓ દાખલ હતા, ત્યારે ટૂંકી માંદગી બાદ ધારસી ખાનપુરાનું નિધન થયું છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યનું નિધન થતા પીએમ મોદીએ ટ્વિટ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. ધારસી ખાનપુરા કાંકરેજ તાલુકાના વડા ગામના વતની હતા. અનેક વખત તેઓ કાંકરેજના ધારાસભ્ય રહી ચૂક્યા છે. ખાનપુરાના નિધનથી ઠાકોર સમાજના લોકોને મોટી ખોટ પડી છે. કોંગ્રેસના ખાનપુરા ગરીબોના બેલી તરીકે જાણીતા હતા.

# ફ્રાંસના રાષ્ટ્રપતિના પોસ્ટર પર વાહન ચલાવનારા કોંગી કોર્પોરેટર ભેરવાયા

અમદાવાદ: ગત રવિવારે રોયલ અકબર ટાવર પાસે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુએલ મેક્રોંના પોસ્ટર રોડ પર ચોંટાડી તેના ઉપર વાહન ચલાવી વિરોધ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ મુદ્દે વેજલપુર પોલીસે પાંચથી વધુ લોકોની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. વેજલપુર પોલીસે કોંગી કોર્પોરેટર અસરાર બેગ મિર્ઝા ઉર્ફે હાજી બાવા સહિત સાત લોકો સામે જુહાપુરા વિસ્તારમાં રસ્તા પર ફ્રાન્સના રાષ્ટ્રપતિના ફોટો લગાવવા, કોરોનાનાં સમયમાં સોશિયલ ડિસ્ટંન્સનું પાલન ન કરવા, માસ્ક ન પહેરવા તેમ જ મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી ઉશ્કેરવાનું કામ કરવા બદલ ફરિયાદ નોંધી છે. હવે પોલીસ દ્વારા તમામની ધરપકડ કરવા માટેના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ કોર્પોરેટર હાજી બાવાએ જણાવ્યું હતું કે, હું તો ત્યાં લોકોને હટાવવા માટે ગયો હતો. કેટલાક રાજકીય લોકોને કારણે મારી સામે ફરિયાદ કરવામાં આવી છે. હું આવા વિરોધથી દૂર જ રહેવા માગુ છું પણ સ્થાનિક કોર્પોરેટર હોવાના કારણે ત્યાં કોઈ અન્ય બનાવ ન બને તે માટે ગયો હતો. હું તો મારા વિસ્તારમાં કોઈ પણ અણબનાવ ન બને તે માટે સતત પ્રયાસ કરું છું.

# ગુજરાતને GST વળતરનાં લેણાં પેટે ૬૯૩ કરોડનો બીજો હપ્તો ચૂકવાયો

ગાંધીનગર- ગુજરાત સરકારને જીએસટી વળતર સ્વરૂપે વધુ રૂ. ૬૯૨.૭૮ કરોડ અપાયા છે. કેન્દ્ર સરકારે લોન લઈને આ બીજા હપ્તાની રકમ સોમવારે રાજ્યને ચૂકવી છે. કેન્દ્ર સરકારે બીજા હપ્તામાં કુલ રૂ. ૫,૩૩૨.૯૯ કરોડની લોન લીધી છે, જે પૈકી સૌથી વધુ રકમ મેળવનારા રાજ્યોમાં ગુજરાતનો ત્રીજો નંબર છે. ભાજપશાસિત કર્ણાટક રાજ્યને કેન્દ્રએ બીજા હપ્તામાં સૌથી વધુ રૂ. ૯૩૨.૦૪ કરોડ ચૂકવ્યા છે, જ્યારે મહારાષ્ટ્રને બીજા નંબરે રૂ. ૮૯૯.૭૪ કરોડ ચૂકવાયા છે.

વર્ષ ૨૦૨૦-૨૧માં જીએસટી કોમ્પેન્સેશનના લેણાં પેટે કેન્દ્ર સરકાર તરફથી આ બીજો હપ્તો છે. આ અગાઉ કેન્દ્ર સરકારે ૨૩ ઓક્ટોબરે વળતરના લેણાં પેટે પહેલો હપ્તો લોન તરીકે છૂટો કર્યો હતો. એ વખતે ગુજરાતને રૂ. ૬૯૯ કરોડ ફાળવાયા હતા. આમ અત્યાર સુધી ગુજરાતને જીએસટી વળતરના લેણાં પેટે બે હપ્તામાં રૂ. ૧,૩૯૧.૭૮ કરોડ ચૂકવાયા છે. ગુજરાત કરતાં બે રાજ્યોને આ લેણાં વધુ ચૂકવાયા છે. ભાજપશાસિત કર્ણાટક અને બે હપ્તામાં રૂ. ૧,૮૭૨.૮૪ કરોડ અને મહારાષ્ટ્રને રૂ. ૧,૮૦૮.૧૪ કરોડ ચૂકવાયા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં ઓક્ટોબર સુધીના ૭ મહિનાના સમયગાળામાં જીએસટી વળતરના લેણાં પેટે રાજ્યને કેન્દ્ર સરકાર પાસેથી આશરે રૂ. ૧૬ હજાર કરોડ લેવાના નીકળે છે, જેની સામે કેન્દ્રએ લોન લઈને રાજ્યને રૂ. ૧,૩૯૨ કરોડ ચૂકવ્યા છે.

# ગુજરાતમાં MLAને 5ને બદલે 3 વર્ષ માટે જ સવાલ પૂછવા 'ફતવો' જાહેર

૧૪મી ગુજરાત વિધાનસભા અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૮માં એક ધારાસભ્ય એક સપ્તાહમાં વધુમાં વધુ ત્રણ જ પ્રશ્નો પુછવાનું જાહેર કર્યા બાદ ''અતારાંક્તિ પ્રશ્નોમાં છેલ્લા પાંચ વર્ષની માહિતી માંગતા પ્રશ્નોને બદલે છેલ્લા ત્રણ વર્ષની માહિતી માંગતા પ્રશ્નો દાખલ થશે'' એવો ફતવો બહાર પાડવામાં આવ્યો છે.

''સવાલ, જવાબદેહિતા એ લોકતંત્રનો આત્મા છે'' આ વિધાનો સ્વતંત્ર ભારતના નિર્માણથી થતા રહ્યા છે. જો કે, હવે ગુજરાતમાંથી પ્રશ્ન પુછવા પર પાબંધી લાદી ભારતીય લોકતંત્રનો લોપ કરાઈ રહ્યો છે. વિધાનસભામાં ''જેની જેટલી સંખ્યા તેનો તેટલો સમય'' આ સિધ્ધાંત પછી આસ્તે આસ્તે ધારાસભ્યમાં લોકો દ્વારા નિહિત અધિકારોમાં કાપ મુકાઈ રહ્યો છે.

વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ કરેલા નિર્ણયો સંદર્ભે સચિવ ડી.એમ.પટેલે ગત સપ્તાહે એક પત્રક પ્રસિધ્ધ કર્યુ છે. જેમાં અત્યાર સુધી ધારાસભ્યો છ માસના સમયગાળા બાદ પ્રશ્નો પુછી શકાતા હતા તે વધારીને હવે એક વર્ષ કરાયો છે. જ્યારે અતારાંકિત પ્રશ્નોમાં છેલ્લા પાંચ વર્ષની માહિતી ઘટાડી ત્રણ વર્ષ કરાઈ છે.

અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાના નિર્ણયને ન્યાયોચિત ઠેરવવા માહિતી ભેગી કરવામાં અધિકારીઓનો શ્રમ અને સરકારી ખર્ચનું કારણ આગળ ધર્યુ છે.

# વડોદરાના ભટનાગર બંધુઓ દ્વારા બેંક સાથે ૨,૬૫૪ કરોડનું કૌભાંડ

મુંબઈ સ્થિત સિરીયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસર (SFIO) દ્વારા વડોદરાના ભટનાગર બંધુઓ દ્વારા આચરવામાં આવેલા બેંક સ્કેમની તપાસ શરૂ કરવામાં આવી છે. ભટનગાર બંધુઓ દ્વારા તેમની કંપની ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. તેમજ અન્ય ૧૪ કંપનીના નામે બેંક સાથે રૂ. ૨૬૫૪ કરોનું કૌભાંડ કર્યુ હતું. જેમાં SFIO દ્વારા અમીત ભટનાગરને સમન્સ પણ મોકલવામાં આવ્યો છે. જે અનુસાર ૨૪મી નવેમ્બરે અમીત ભટનાગરે SFIO સમક્ષ હાજર રહેવાનું છે. ઉલ્લેખનીય છેકે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમીત ભટનાગરને જામીન આપવામાં આવ્યા છે. વડોદરા સ્થિત કંપની ડાઈમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.ના એમડી અમીત ભટનાગર દ્વારા ડાયમંડ પાવર તેમજ અન્ય ૧૪ કંપનીઓના નામે બેંક સાથે રૂ. ૨૬૫૪ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. જે કેસમાં તેમની ધરપકડ પણ થઈ હતી. જે બાદ હાલ તેઓ ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન પર છે. ત્યારે મુંબઈ સ્થિત સ્થિત સિરીયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસર (SFIO) દ્વારા કૌભાંડની તપાસ શરૂ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના કોર્પોરેટ અફેર મંત્રાલયના આદેશ બાદ આ તપાસ શરૂ કરવામાં આવી છે. SFIO દ્વારા વધુ તપાસ કરવા માટે ડાયમંડ પાવરના એમડી અમીત ભટનાગરને સમન્સ આપી તા. ૨૪મી નવેમ્બરના રોજ હાજર રહેવા આદેશ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, આ જ કેસમાં સીબીઆઈ દ્વારા ભટનાગર સામે જુલાઈ ૨૦૧૮માં ચાર્જશીટ કરવામાં આવી હતી. જ્યારે ઈડી દ્વારા ડિસેમ્બર ૨૦૧૮માં તપાસ અહેવાલ સુપરત કરાયો હતો.

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# દેશનું વિભાજન કરનારા સામે સતર્ક થવું પડશે : મોદી

**• સરદાર જયંતીએ સરદાર પટેલને વડાપ્રધાને કેવડિયા કોલોની ખાતે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા**



રાજપીપળા : ભારતે આતંકવાદની સૌથી વધુ પીડા ભોગવી છે અને આતંકવાદ સામે લડતા અનેક વીર જવાનો અને નિર્દોષ નાગરિકો ગુમાવ્યા છે. આપણે દુનિયાને સર્વે ભવંતું સુખીનઃ અને વસુધૈવ કુટુંમ્બકમ ના સંદેશાઓ આપ્યા છે જ્યારે ભારતને તોડી વિભાજન કરવાની તાકાત દેશમાં પ્રવૃત્ત થઈ છે જેનાથી સતર્ક બનવું પડશે તેમ વડાપ્રધાન મોદીએ આજે કેવડિયા કોલોની ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં કહ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે સુરક્ષા દળોની આજની પરેડ જોઈને પુલવામા હુમલાની યાદ તાજી થાય છે. આ સમયે જ્યારે દેશ દુઃખમાં હતો ત્યારે પણ કેટલાક રાજકારણીઓ પોતાના સ્વાર્થને સાધવામાં પડયા હતા અને પુલવામા હુમલા વિષે બેફામ નિવેદનબાજી કરતા હતાં. તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે આ પ્રકારના હીન આક્ષેપો તથા ભદ્દી માનસિકતા ધરાવતા લોકોને તાજેતરમાં લપડાક વાગી જ્યારે પાડોશી દેશની સંસદમાં પુલવામાં હુમલા અંગેના ખુલાસાઓ થયા. વડાપ્રધાને કહ્યું હતું કે હું આવા રાજકીય દળોને કહેવા માંગું છું કે દેશહિત અને સુરક્ષા દળોના મનોબળને તોડી પાડતા દેશ વિરોધી તત્વો માટે થતી રાજનીતિ માત્ર દેશવિરોધી તાકાતને મ્હોરા બનાવશે જે પક્ષ કે દેશના હિતથી વિપરીત હશે.

આતંકવાદનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે વૈશ્વિક આતંકવાદ સામે આજે સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે, ત્યારે આવી સ્થિતિમાં આતંકવાદ સામે શાંતિ અને માનવતાના ઉપાસકોએ એકજૂટ થવું જોઈએ દેશમાં શાંતિ-ભાઈચારો તથા સદભાવના જ આતંકવાદનો મુકાબલો કરી શકે તેમ છે.

સરદાર વલ્લભભાઈને શ્રધ્ધાજલિ અર્પતા વડાપ્રધાને જણાવ્યું હતું કે આજનું ભારત તેના સાર્વભૌમત્વ અને સન્માનની સુરક્ષા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. આજે ભારતની ધરતી પર નજર નાખનારાઓને યોગ્ય જવાબ મળી રહ્યો છે. કોરોના સામેની લડતનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે ભારતે જે રીતે તાકાત અને ઈચ્છાશક્તિથી સામનો કરીને જે લડત આપી છે તે અભૂતપૂર્વ છે. તેમણે કોરોના વોરિયર્સને યાદ કરી તેમના બલિદાનના ઈતિહાસને આ દેશ ક્યારેય ભૂલશે નહી.




## દેશની સૌપ્રથમ સી-પ્લેનની સુવિધાનો થયેલો પ્રારંભ

રાજપીપળા : દેશની પ્રથમ સી પ્લેન સેવાનો શુભારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કેવડિયા ખાતેથી કરાવ્યો હતો. વડાપ્રધાન અને ઉડ્ડયન મંત્રીએ કેવડિયાના તળાવ નંબર ૩ ઉપરના ટર્મિનલ ખાતેની સુવિધાઓની માહિતી મેળવી હતી બાદમાં મોદી સી પ્લેનમાં બેસી અમદાવાદ ગયા હતાં. સી પ્લેન ૧૯ પેસેન્જરોની ક્ષમતા ધરાવે છે. પેસેન્જર પ્લેન સંપૂર્ણ કમ્પ્યુટર કંટ્રોલ સિસ્ટમ ધરાવે છે આથી સામાન્ય પેસેન્જર પ્લેનના પાયલોટ માટે લેન્ડિંગ અને ટેક ઓફ એ મુખ્ય કામગીરી રહે છે. સી પ્લેનમાં કોમ્પ્યુટર કંટ્રોલ્સ હોતા નથી.

## કેવડિયા ખાતે આરોગ્યવન, ધ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, એકતા મોલનું લોકાર્પણ

રાજપીપળા : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સંકલિત વિકાસ માટે વિવિધ ૧૭ પ્રોજેક્ટસના લોકાર્પણ અને ૪ નવા પ્રોજેક્ટના શિલાન્યાસ પ્રસંગે આજે પ્રથમ તબક્કામાં આરોગ્યવન, એકતામોલ અને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનું લોકાર્પણ કર્યુ હતું. મોદી સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ જોડાયા હતા.




રદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫ મી જન્મ જયંતીના પૂર્વ દિવસે આ પ્રવાસન આકર્ષણ પ્રોજેક્ટસના લોકાર્પણ મોદીએ સંપન્ન કર્યા હતા.લોકાર્પણ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ ડો.અનિલ મુકિમ અને વન વિભાગના અગ્ર સચિવ ડો. રાજીવ ગુપ્તા એ આ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી વડાપ્રધાનને આપી હતી.

આ બધા જ પ્રોજેક્ટ વિક્રમજનક સમયમાં પૂર્ણ થતા કેવડિયા વિશ્વ સ્તરના એક પ્રવાસન કેન્દ્ર તરીકે ઉભરી આવતા દરેક વયજૂથના સભ્યો માટે રસપ્રદ આકર્ષણો બની રહેશે. ''આરોગ્ય વન'' નું લોકાર્પણ કરતા મોદીએ ટ્વીટ કરતા જણાવ્યું હતું કે, કેવડિયા સ્થિત ''ધ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક'' પોષણને સ્પર્શતા અનેકવિધ આયામો વિષે જાગૃતિ ફેલાવવા માટેનપું સર્જનાત્મક સ્થળ છે.



## મોદીએ કેશુબાપા, કનોડિયા બંધુના શ્રધ્ધાંજલિ આપી

ગાંધીનગર : ભાજપના કેશુભાઈ પટેલનું અવસાન થતાં વડાપ્રધાને કાર્યક્રમમાં ફેરફાર કરીને સીધા ગાંધીનગર પહોંચવાનો નિર્ણય કર્યો હતો. અમદાવાદ એરપોર્ટે ૯.૪૫ કલાકે તેમનું વિમાન આવ્યા બાદ રાજયપાલ અને મુખ્યમંત્રીએ તેમનું સ્વાગત કર્યું હતું અને વડાપ્રધાન રોડ માર્ગે સીધા ગાંધીનગરના સે-૧૯ સ્થિત કેશુભાઈના બંગલે પહોંચ્યા હતા. જયાં કેશુબાપાની તસ્વીરને ફુલ અર્પણ કરી શ્રધ્ધાંજલિ પાઠવી હતી. અહીંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધા જ સે-૮ સ્થિત કનોડિયા હાઉસ પહોંચ્યા હતા. જયાં મહેશ અને નરેશ કનોડિયાને પણ શ્રધ્ધાંજલિ આપી હતી.






# ગુજરાતના માજી મંત્રી પરષોત્તમ સોલંકી સામેના બે ક્રિમીનલ કેસ હાઈકોર્ટે રદ કર્યા

- ૧૯૯૬માં નોંધાયેલો બોગસ વોટિંગનો કેસ અને ૨૦૧૪માં નોંધાયેલો બેનામી રોકડના કેસની ફરિયાદ થઈ હતી

ભાવનગર : ગુજરાતના મત્સ્યોદ્યોગ મંત્રી અને ભાનવગર(ગ્રામ્ય)ના ભાજપ ધારાસભ્ય પરષોત્તમ સોલંકી સામેના ૧૯૯૬માં નોંધાયેલા બોગસ વોટિંગના કેસ અને ૨૦૧૪માં નોંધાયેલા બેનામી રોકડના કેસની ફરિયાદ અને કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટે રદ કરી છે. આ ઉપરાંત ૨૦૧૪ની ચૂંટણી દરમિયાન રાજકોટ જિલ્લાના જસદણમાં અને



૧૯૯૬ની વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાવનગરમાં નોંધાયેલા કેસ રદ કરવાની સોલંકીની બન્ને પિટિશન જસ્ટિસ ગીતા ગોપીએ આપ્યો મંજૂર કરી છે.

વર્ષ ૧૯૯૬માં વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાવનગરમાં પોલીસે કેમિકલની ૧૯ બોટલ સાથે બે શખ્સોને ઝડપ્યા હતા. ચૂંટણીમાં વપરાતી શાહીને ભૂંસવા માટે આ કેમિકલ વપરાતું હોવાનું પૂછપરછમાં બહાર આવ્યું હતું અને આ શખ્સોએ એવી કબૂલાત કરી હતી કે તેઓ પરષોસત્તમ સોલંકીના એજન્ટ છે. આ કેસમાં પ્રથમ ચાર્જશીટમાં અરજદાર સોલંકીનું નામ નહોતું પરંતુ પુરવણીની ચાર્જશીટમાં બે વર્ષ બાદ તેમને આરોપી તરીકે દર્શાવાયા હતા. આ કેસ રદ કરતા આદેશમાં હાઈકોર્ટે નોંધ્યું છે કે મેજિસ્ટ્રેરિયલ કોર્ટ સમક્ષ ઓથોરિટી દ્વારા કોઈ લેખિત ફરિયાદ ન કરવામાં આવે ત્યાં સુધી કોર્ટ પોતાની રીતે આમ સંજ્ઞાન લઈ શકે નહીં.

# ધોરાજીમાં PSI મારા સગા છે કહી રૂ. ૧૫ લાખ માંગી વેપારીને ધમકી

- દોઢ વર્ષથી માલ ખરીદતા શખ્સે વેપારીને ફોન કરીને કહ્યું : પૈસા નહીં આપે તો ધંધો નહીં કરવા દઉં

ધોરાજી : ધોરાજી શહેરની નદી બજારમાં કિરાણા સ્ટોર ચલાવતા વેપારી પાસે એક શખ્સે રૂ.૧૫ લાખની ખંડણી માંગ્યાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. શહેરમાં ગુનેગારોને કાયદાનો કોઈ ખોફ ન રહ્યો હોય એવી ઘટનાથી ચોંકી ઊઠેલા પોલીસતંત્રમાં પણ દોડધામ મચી ગઈ હતી.

શહેરના જમનાવડ રોડ પર રહેતા અને નદીબજાર વિસ્તારમાં કૃણાલ કિરાણા ભંડાર નામે દુકાન ચલાવતા પ્રકાશકુમાર લવજીભાઈ સંભવાણી (ઉ. ૪૧)એ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર ધોરાજી ખાતે પાંચપીરના વાડી વિસ્તારમાં શકીલ પ્રોવિઝન સ્ટોર ધરાવતો શકીલ મીર દોઢ વર્ષથી માલ ખરીદતો હતો. થોડા દિવસ પહેલાં શકીલે પ્રકાશકુમારને ફોન કરી ૧૫ લાખની ખંડણી માંગી હતી. ત્યારબાદ આરોપી શકીલે ફરી બીજા દિવસે ફોન કરી ધમકી આપતા જણાવેલું કે "તારે ધંધો કરવો હોય તો પંદર લાખ આપવા પડશે અને સુરેન્દ્રનગરના પીએસઆઈ મારા સગા છે. પોલીસ મારું કંઈ બગાડી શકે નહીં.

# દિવાળીમાં વિદેશપ્રવાસ ન હોવાથી પ્રવાસન ઉદ્યોગને કરોડોનો ફટકો

અમદાવાદ : મોટાભાગના ગુજરાતીઓ પ્રવાસ કરવાનું ખૂબ જ પસંદ કરતા હોય છે. ખાસ કરીને દિવાળીના વેકેશનમાં માત્ર દેશમાં નહીં વિદેશમાં ક્યાંયપણ ફરવા જવાનું થાય ત્યાં ગુજરાતી પર્યટક ચોક્કસ જોવા મળે છે. ગુજરાતમાંથી જ દિવાળીની રજાઓમાં ૫૦ હજારથી વધુ લોકો વિદેશ ફરવા માટે જતા હોય છે. પરંતુ કોરોના વાયરસને લીધે આ વખતે સંપૂર્ણ સ્થિતિ બદલાઈ ગઈ છે અને વિદેશ અવર-જવર માટેની સામાન્ય ફ્લાઈટ બંધ છે. આ વખતે ગુજરાતીઓના વિદેશપ્રવાસે નહીં જવાથી રાજ્યની ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીને રૂપિયા ૫૦ કરોડથી વધુના નુકસાનનો સામનો કરવો પડશે. ગત વર્ષે ૨૭ ઓક્ટોબરના દિવાળીનું પર્વ હતું. આમ, ગત વર્ષે ઓક્ટોબર-નવેમ્બર એમ બે માસમાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૩.૮૯ લાખ મુસાફરોની અવર-જવર વિદેશ માટે નોંધાઈ હતી. આવી જ રીતે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૭માં ૩.૧૫ લાખ, ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૮માં ૩.૪૫ લાખ મુસાફરોની અવર-જવર વિદેશ માટે હતી. આમ, દિવાળીની રજાઓ દરમિયાન વિદેશ ફરવા જનારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો હતો.

# પાલિતાણામાં પત્નીની હત્યા કરી લાશને સ્કૂટર પર લઈને ફરનાર પતિ પકડાયો

ભાવનગર : જિલ્લાના પાલીતાણા માં એક યુવાને પત્નીની બેરહેમીપૂર્વક હત્યા કરી હતી. રોજેરોજના ઝઘડાથી કંટાળી યુવાને પત્નીને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જ્યારે મૃત પત્નીની લાશને રફેદફે કરવા એકટીવા બાઈક પર જઈ રહેલા યુવાનને લોકોએ ઝડપી પોલીસ હવાલે કરી દીધો હતો. પાલીતાણાના સિંધી કેમ્પમાં રહેતા અને ગેસ એજન્સીમાં ગેસના સિલિન્ડર વિતરણની કામગીરી કરતા અમિત મથુરભાઈ હેમનાણીના લગ્ન વેરાવળના નૈનાબેન સાથે થયા હતા. અમિતના આ



ત્રીજા લગ્ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

અમિત હેમનાણીના પિતા મથુરભાઈ હેમનાણી કરિયાણાની દુકાન ધરાવે છે. અમિતને તેની પત્ની નૈના સાથે વારંવાર ઘરેલુ ઝઘડાઓ થતા હતા. જેથી કંટાળી જઈને અમિતે પત્ની નૈનાને દુપટ્ટા વડે ગળે ટુંપો આપી મોતને ઘાટ ઉતારી દીધી હતી. પત્નીની હત્યા કરી તેની લાશને રફેદફે કરવા માટે તેણે પોતાની પત્નીની લાશને એકટીવા બાઈક પર આગળ બેસાડી જઈ રહ્યો હતો, ત્યારે ડુંગરપુર નજીક કેટલાક ગામ લોકોએ એકટીવા પર જઈ રહેલા યુવાનને જોયો હતો. જેમાં નૈનાબેનના પગ જમીન સાથે ઢસડાતા જોઈ જતા ગામલોકોને યુવાન પર શંકા જતા તેને ઊભો રાખવાનો પ્રયાસ કર્યો હતો. જો કે યુવાને ગાડી પુર ઝડપે હંકારી દીધી હતી.

# મહુવાના તલગાજરડામાં વિકરાળ આગ ભભૂકી : ૧૫ ચાલી બળીને ખાક થઈ

- ઘર વિહોણા બનેલા મજુર પરિવારોને રહેવા-જમવાની વ્યવસ્થા હાથ ધરતું તંત્ર : ફાયર સ્ટાફે દોડી જઈ આગ કાબુમાં લીધી

મહુવા : મહુવા તાલુકાના તલગાજરડા ગામે રાતોલ રોડ પર ઝુપડા બાંધી વસવાટ કરતા મજુર પરિવારની ખોલીઓમાં આજે સમીસાંજના એકાએક આગ ભભુકી ઉઠતા ૧૫ ખોલી બળીને ખાક થઈ જવા પામી હતી. જો કે, સદનસીબે પરિવારના સદસ્યો મજુરીકામે ગયા હતા જેના પગલા જાનહાની ટળી હતી. જ્યારે આગજનીને લઈ ઘરવિહોણા બનેલા મજુર પરિવારોને રહેવા-જમવાની વ્યવસ્થા તંત્રએ હાથ ધરી હતી. બનાવની જાણવા મળતી વિગતો અનુસાર મહુવા તાલુકાના તલગાજરડા ગામે રાતોલ રોડ ઉપર આવેલ પ્રા.આ. કેન્દ્ર નજીક ઝુપડા બાંધી વસવાટ કરતા ગોધરા પંથકના મજુર પરિવારની ખોલીમાં આજે બુધવારે



સમીસાંજના ૫.૦૦ કલાકના અરસા દરમિયાન આગ ભભુકી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આજુબાજુની ૧૫ ખોલીમાં આગ પ્રસરી જવા પામી હતી. આગજનીની જાણ થતા મહુવા નગરપાલિકાના ફાયર-ફાઈટર ઘટના સ્થળ પર દોડી ગયા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી કાબુમાં લીધી હતી.

# ભૂજના નીરજ અંતાણી USમાં ટ્રમ્પની પાર્ટીના સેનેટર બન્યા

ઓહિયો સ્ટેટ સેનેટમાં પહેલા ભારતીય મૂળના અમેરિકન તરીકે ચૂંટાઈ આવીને ૨૯ વર્ષીય રિપબ્લિકન નીરજ અંતાણીએ ઈતિહાસ રચ્યો છે. હાલમાં સ્ટેટ પ્રતિનિધિ એવા નીરજ અંતાણી મંગળવારે ડેમોક્રેટિક પાર્ટીના માર્ક ફોગેલને પરાજિત કરી ઓહિયો સ્ટેટ સેનેટના ૬ઠ્ઠા ડિસ્ટ્રિક્ટના સેનેટર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ જિલ્લામાં મોન્ટગોમરી કાઉન્ટીના મોટાભાગના હિસ્સાનો સમાવેશ થાય છે. શપથ ગ્રહણ કર્યા પછી નીરજ અંતાણી ઓહિયોની સેનેટમાં પહેલા ભારતીય મૂળના સેનેટર બન્યાનો ઈતિહાસ રચશે.

ચૂંટણીનાં પરિણામ બાદ અંતાણીએ જણાવ્યું હતું કે, હું જે સમાજમાં જન્મ્યો અને ઉછર્યો તેના સમર્થન માટે ઘણો આભારી છું. મારા દાદા-દાદી તેમના મોટાભાગનું જીવન બ્રિટિશ શાસિત ભારતમાં જીવ્યાં હતાં. સાત દાયકા પહેલાં તેમને આઝાદી મળી હતી. ઓહિયો સ્ટેટમાં ભુજના ૨૯ વર્ષીય નાગર યુવાન નીરજ અંતાણી રિપબ્લિકન પાર્ટીના સેનેટ તરીકે ચૂંટાઈ આવ્યા છે. નોંધનીય છે કે, તેઓ અગાઉ ઓહિયો સ્ટેટમાંથી જ સ્ટેટ રિપ્રેઝન્ટેટિવ બન્યા હતા. પોલિટિકલ સાયન્સના સ્નાતક એવા નીરજ અંતાણી ૨૦૧૪માં ઓહિયો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં સ્ટેટ લો મેકર તરીકે સૌથી યુવા વયે ચૂંટાયા હતા.

# ભાવનગર-મુંબઈ વચ્ચે ડેઈલી ફલાઈટ શરૂ કરવા એર ઈન્ડિયાનો સધિયારો

ભાવનગર : ભાવનગર-મુંબઈ વચ્ચે છ માસ બાદ હવાઈ સેવા શરૂ થયાને બે માસ જેટલો સમય થવા આવ્યો છતાં પૂરતા પ્રમાણમાં ટ્રાફિક મળી રહ્યો નથી. ભાવનગર-મુંબઈ વચ્ચેની ફ્લાઈટનો ટાઈમ સાંજનો કરી દેવાયો છે. જેથી એર ઈન્ડિયા પાસે આ વિમાની સેવાને અઠવાડિયામાં ચાર દિવસના બદલે ડેઈલી કરી સવારની ફ્લાઈટ શરૂ કરવામાં આવે તેવી માગણી કરાઈ છે. ભાવનગર-મુંબઈ વચ્ચે ૧૪મી સપ્ટેમ્બરથી ત્રણ દિવસ વિમાની સેવાનો પુનઃ શરૂ કરવામાં આવી હતી. હવાઈ સેવા અનલોક થતાંની સાથે જ ઘણાં સમયથી જે સવારની ફ્લાઈટની માગણી હતી તે પણ પૂર્ણ થઈ હતી. જો કે, ત્યારબાદ ફ્લાઈટના શિડયૂલમાં ફેરફાર કરી અગાઉની જેમ સાંજનો સમય કરી નાંખવામાં આવ્યો છે. હાલ એર ઈન્ડિયા દ્વારા અઠવાડિયામાં ચાર ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવી રહી છે.

# હવે સોમનાથ મંદિર સુધી પહોંચવા મરીન ડ્રાઈવ જેવો વોક-વે બનશે

સોમનાથ : સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથને લઈને એક ખુશખબર મળી રહ્યા છે, હવે મરીન ડ્રાઈવ જેવો વોક-વે માટે બહાર નહીં જવું પડે. સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથમાં જ મરીન ડ્રાઈવ જેવો વોક-વે બનવા જઈ રહ્યો છે. સોમનાથ મંદિર સુધી પહોંચવા માટે દોઢ કિ.મી. લાંબો એક વોક-વે બની રહ્યો છે. ૧.૫ – કિ.મી. લાંબો નવો વોક-વે સોમનાથના સાગર દર્શનથી ત્રિવેણી સંગમ સુધી બનાવવામાં આવશે. ૭૦૦ – મીટર પહોળા વોક-વેમાં મ્યુઝિક સિસ્ટમ તેમજ આધુનિક લાઈટિંગ હશે.

મુંબઈમાં જે રીતે મરીન લાઈન્સ છે તેવો જ વોક વે અહીં બનશે અને દરિયાની ઉપરથી લોકોને અવર જવર કરવા માર્ગ મળશે. આ ઉપરાંત એક નવું યાત્રી સુવિધા કેન્દ્ર બનશે. છેલ્લા ૩ વર્ષમાં સોમનાથ મંદિરમાં યાત્રી સુવિધા કેન્દ્ર બનીને કાર્યરત થયું છે. તેમજ વાહન પાર્કિંગની સમસ્યા ન થાય તે માટે ૨૫૦૦ કાર પાર્ક થઈ શકે તેવું વિશાળ પાર્કિંગ બનીને તૈયાર થયું છે.

- મરીન ડ્રાઈવ જેવો વોક-વે બનશે

સોમનાથ મંદિર સુધી પહોંચવા માટે દોઢ કિ.મી. લાંબો એક વોક વે બની રહ્યો છે. મુંબઈમાં જે રીતે મરીન લાઈન્સ છે તેવો જ વોક વે અહીં બનશે અને દરિયાની ઉપરથી લોકોને અવર જવર કરવા માર્ગ મળશે. આ ઉપરાંત એક નવું યાત્રી સુવિધા કેન્દ્ર બનશે.

# સૌરાષ્ટ્રમાં ચર્ચાસ્પદ મયુર શીંગાળા હત્યા કેસમાં ૬ આરોપીને આજીવન કેદ

રાજકોટ- સૌરાષ્ટ્રમાં ચકચાર જગાવનાર મોટામવા ના સરપંચ મયુર શિંગાળા હત્યા કેસ માં ૬ આરોપીઓ ગાડું ભૂરા વકાતર, મહેશ ગાડું વકાતર, ઉત્તમ ગાડું વકાતર, અને વજીબેન ગાડું વકાતર, હંસા ગાડું વકાતર, લતા ગાડું વકાતર ૬ આરોપીઓને આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ આજીવન સખત કેદની સજા તથા ૫૦૦૦ દંડ અને દંડ ન ભરે તો ૧ મહિના સાદી કેદની સજાનો હુકમ કરાયો છે.

બે આરોપીને શંકાનો લાભ અપાયો છે. રાજકોટની સેશન્સ અદાલતે ૯ વર્ષ પહેલાના ચકચારી હત્યા કેસમાં મહત્વનો ચુકાદો આજે આપ્યો હતો. ચૂંટણીના વેર-ઝેરમાં તારીખ ૧૮-૧૧-૨૦૦૯ ના રોજ મયૂર શીંગાળાની હત્યા થઈ હતી. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી હતી.

# વડોદરામાં તાંત્રિક પ્રશાંત ઉપાધ્યાય સામે દુષ્કર્મનો કેસ



વડોદરા : વારસિયા વિસ્તારના દુષ્કર્મી બગલામુખી તાંત્રિક પ્રશાંત ઉપાધ્યાય હાલમાં જેલમાં છે ત્યારે તેના પર દુષ્કર્મનો કેસ નોંધાતા પોલીસ હરકતમાં આવી ગઈ છે. પોલીસે તાત્રિકની પાપલીલામાં ભાગીદાર થયેલી અંગત શિષ્યા દિશા ઉર્ફે જોન સચદેવની ધરપકડ કરી છે. તાંત્રિકની પાપલીલામાં અન્ય મહિલાઓ પણ ભોગ બની હોવાની પોલીસને આશંકા છે. પીડિતાના ઉતારવામાં આવેલા વીડિયો કિલપિંગ્સ તથા લેપટોપ સહિતના ઈલેક્ટ્રોનિક સાધનો કબજે કરવા માટે ગોત્રી પોલીસે આજે આરોપી શિષ્યા દિશા જોનને કોર્ટમાં રજૂ કરીને બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા છે.

હાલમાં ૨૧ વર્ષની પીડિતા જયારે ૧૬ વર્ષની હતી ત્યારે આરોપી બગલામુખી તાંત્રિક પ્રશાંત મહેશચંદ્ર ઉપાધ્યાય (રહે, ૭ દયાનંદ પાર્ક, મધર્સ સ્કૂલ પાસે, ગોત્રી) એ આશ્રમ તરીકે ઓળખાતા તેમના બંગલે વર્ષ ૨૦૧૩થી ૧૬ સુધીના સમયગાળામાં ૧૨ વખત દુષ્કર્મ આચર્યુ હતુ. જે સંદર્ભમાં ગોત્રી પોલીસે મુખ્ય આરોપી પ્રશાંત ઉર્ફે ગુરુજી મહેશચંદ્ર ઉપાધ્યાય તથા દિશા ભગતસિંહ સચદેવા ઉર્ફે જોન (રહે, કાન્હા ગોલ્ડ ડભોઈ વાઘોડિયા રોડ મૂળ મુંબઈ) તથા દિક્ષા જસવાની ઉર્ફે સીમા (રહે, કાન્હા ગોલ્ડ ડભોઈ વાઘોડિયા રોડ) તથા ઉન્નતી જોષી સામે આઈ.પી.સી. ૩૨૮, ૩૭૬(૨) (એન)(આઈ) ૫૦૬(૨) ૧૧૪ અને પોસ્કો હેઠળ તા.૩૦મી ઓકટોબરે રાતે એફ.આઈ.આર. નોંધી હતી. ઉપરોકત આરોપી પૈકીની દિશા ઉર્ફે જોનની તાજેતરમાં પોલીસે અટકાયત કરી હતી.

### હવે મંદિરની કામખ્યાં 'દિશા'નો નકાબ ચિરાશે

વડોદરા : વારસિયાના બહુચર્ચિત બગલામુખી તાંત્રીક પ્રશાંત ઉપાધ્યાયના આશ્રમ પરીસરમાં કામખ્યા માતા તરીકે ઓળખાતી દિશા ઉર્ફે જોન હાલમાં પોલીસની નીગરાણી વચ્ચે સયાજી હોસ્પિટલમાં છે જેના કોવિડ ટેસ્ટનો રીપોર્ટ જાહેર થયા પછી ધરપકડ કરાશે. તાંત્રીકની પાપલીલાની રાઝદાર દિશા જોન ઉર્ફે દિશા સચદેવાની ગુનાઈત ભુમિકા અંગે ગોત્રી પોલીસ ને ઘણી જ ચોંકાવનારી માહીતી સાંપડી છે. પોલીસ દિશા જોનની પૂછપરછ શરુ કરશે તો પાખંડી તાંત્રિક વિરુધ્ધમાં જડબેસલાક પુરાવા મળશે અને અત્યાર સુધીમાં રહસ્ય બની રહેલી અનેક ગુનાઈત કહાનીઓનો પર્દાફાશ થશે. શહેરના વાઘોડિયા રોડ કાન્હા ગોલ્ડ ખાતેના નિવાસસ્થાનેથી ગઈકાલે રવિવારે ગોત્રી પોલીસે ઝડપી પાડેલી દુષ્કર્મના આક્ષેપ સાથેની ફરીયાદમાં તાંત્રીકની મદદગાર દિશા ઉર્ફે જોન પોલીસ ઈન્વેસ્ટીગેશન માટે મહત્વનું પાત્ર છે. તેણીના ભુતકાળ ઉપર નજર કરવામાં આવે તો સને ૨૦૦૮માં મુંબઈ છોડીને વડોદરા આવી હતી.

## દાહોદ હાઇવે પર અકસ્માત, પિતા-પુત્ર પર ટ્રકના પૈંડા ફરી વળ્યા, બંનેના મોત

પંચમહાલ - દાહોદ હાઈવે પર અકસ્માતમાં ૨ લોકોનાં મોત નિપજ્યા છે. હાઈવે પર બેફામ દોડતા એક ટ્રકે એક પરિવારનો માળશો વિખેરી નાંખ્યો છે. ટ્રકે બાઈટ ચાલક દંપતીને અડફેટે લીધુ છે . આ અકસ્માત (છષ્ઠૈંદ્બીહં)માં પિતા અને પુત્રનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જોકે બાઈકસવારની પત્નીને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડાઈ છે. ગોધરા દાહોદ હાઈવે પર ઓરવાડા પાસે ટ્રકે બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર ૩ પૈકી ૨ના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. ગોધરાથી દાહોદ તરફ જઈ રહેલા ટ્રક ચાલકે કાબુ ગુમાવતા ટ્રક રેલિંગ તોડી બાજુમાંથી પસાર થતી બાઈકને કચડી આગળ ધપી ગયો હતો. દરમિયાન બાઈક પર સવાર પતિ-પત્ની અને ૬ વર્ષનો પુત્ર ટ્રક નીચે દબાઈ ગયા હતા. જેમા પિતા અને તેના ૬ વર્ષના પુત્રનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જોકે આ અકસ્માતમાં પત્નીનો બચાવ થયો હતો પરંતુ ગંભીર હાલતમાં તેને ગોધરાની સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

## કરજણમાં પૈસાથી વોટને ખરીદતા બીજેપી કાર્યકરોનો વીડિયો વાયરલ

કરજણ : ગુજરાતની આઠ બેઠકો પર સવારે સાત વાગ્યાથી કોરોના ગાઈડ લાઈન પ્રમાણે મતદાન થઈ રહ્યું છે. ત્યારે અઢી કલાકમાં અંદાજે કુલ ૧૦ ટકા મતદાન નોંધાયુ છે. જેમા સૌથી વધુ અબડાસામાં ૧૨ ટકા, મોરબીમાં ૧૧ ટકા, લીંબડીમાં ૧૧ ટકા, કરજણમાં ૬ ટકા, કપરાડામાં ૭ ટકા, ગઢડામાં અંદાજે ૧૦ ટકા મતદાન જ્યારે ડાંગમાં ૮ ટકા મતદાન અને ધારીમાં ૬ ટકા મતદાન નોધાયુ છે. પરંતુ ચૂંટણી વચ્ચે કરજણમાંથી એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. કરજણમાં ચૂંટણી પંચના નિયમના ધજાગરા ઉડ્યા છે. અહીં કોંગ્રેસ દ્વારા એક વીડિયો વાયરલ કરીને રાજનીતિ ગરમાવી નાંખી છે.

પેટાચૂંટણીના મતદાન વચ્ચે ગુજરાત કોંગ્રેસે કરજણના પોર – ઈટોલા વિસ્તારનો એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં ભાજપના કાર્યકરો નાણાં વેચતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. સંદેશ ન્યૂઝ આ વાયરલ થયેલા વીડિયોની પુષ્ટિ કરતું નથી. બીજી બાજુ આ વીડિયો સામે આવતા ચૂંટણી પંચ સજાગ થઈ ગયું છે અને તેમને તપાસના આદેશ આપ્યો છે.

વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે ૧૦૦-૧૦૦ની નોટો મતદારોને અપાઈ રહી છે. કરજણમાં મતદાન દરમિયાન પૈસા આપતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. રાજકીય પક્ષના કાર્યકરો પૈસા વહેંચતા હોવાનો વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વીડિયોમાં પૈસા આપી ભાજપને મત આપવાનું કહેતા સંભળાઈ રહ્યું છે. આ ઘટના બાદ કરજણના જનરલ ઓબ્ઝર્વરે તપાસના આદેશ આપ્યા છે.

## ઊંઝા APMC કૌભાંડનું એપી સેન્ટર, હવે સિક્યુરિટી સુવિધામાં પોલંપોલ

ઊંઝા : ઊંઝા એપીએમસી હવે સત્તાધીશો માટે કૌભાંડ કરવાનું એ.પી. સેન્ટર બની ગયું હોય તેમ હવે નવું એક કૌભાંડ સામે આવ્યું છે જે સિક્યુરિટી કૌભાંડ છે જેમાં ઊંઝા એપીએમસીમાં સુરક્ષાના હેતુસર રાખવામાં આવેલી સિક્યુરિટી એજન્સીમાંથી પણ એપીએમસી ચેરમેન દિનેશ પટેલના મળતીયા ડીરેક્ટરો જઈને દર મહિને પોતાના હપ્તાઓ લઈને કૌભાંડ આચરતા હોવાની વિગતો આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. ચેરમેન દિનેશ પટેલ પોતે તો કૌભાંડ કર્યા જ પણ પોતાના માનીતા ડિરેક્ટરોને પણ કેટલીક અલગ અલગ સમિતિઓમાં ચેરમેન અને સભ્ય બનાવી ગોઠવી દીધા. આ ૩ ડિરેક્ટરો દર મહિને સિક્યુરિટી એજન્સીના સંચાલક પાસેથી એક ચોક્કસ નિયત કરેલી રકમનો હપ્તો લઈ આવતા હતા જે હવે જગજાહેર થતાં ઊંઝા એપીએમસીને તેઓએ કૌભાંડ કરવા માટેનું મોકળુ મેદાન બનાવી દીધું હતું તે ફરી પુરવાર થઈ રહ્યું છે. અગાઉ ઊંઝા એપીએમસીમાં ભોજનાલય કૌભાંડ સામે આવ્યું હતું.

## આગ્રાથી સુરત જતી બસમાંથી 3 કરોડના દાગીના સાથે 3 પકડાયા

પાલનપુર : રાજસ્થાનના સિરોહી જિલ્લાના સરુપગંજ પોલીસને મળેલ બાતમી આધારે પોલીસે ઉડવારીયા ટોલ નાકા પર એસ.કે. ટ્રાવેલ્સની બસને રોકી તલાશી લેતાં તેમાંથી મળી આવેલ ૩.૫૬ કિલો ચાંદી , ૫૪૨ ગ્રામ સોનુ તથા ૧૧૨૦૦ રોકડા અને ૯૪૬ ગ્રામ ડાયમંડ તથા ૨.૬૦૮ કિ.ગ્રા.સ્ટોન મળી આશરે ૩ કરોડનો મુદ્દામાલ મળી આવતાં એસ. એસ.પી. મિલનકુમાર તથા ડી.એસ.પી. કિશોરસિંહ ચૌહાણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પકડાયેલા ત્રણ આરોપીની પોલીસે પુછપરછ કરતાં આ જથ્થો અલગ અલગ શહેરમાં ડીલીવરી કરવાનો હોવાનું બહાર આવ્યું હતું.

## ૮ નવે.થી ઘોઘા-હજીરા વચ્ચે રો-પેક્સ સર્વિસ શરૂ ફરી થશે

દહેજ : કેન્દ્રીય શિપિંગ મંત્રાલય દ્વારા ઘોઘા અને હજીરા વચ્ચે ૮મીથી પેસેન્જર તથા કાર્ગો માટે રો-પેક્સ ફેરી સર્વિસ શરૂ થશે, જેનું ઉદ્ઘાટન વડા પ્રધાન મોદીના હસ્તે વીડિયો કોન્ફરન્સથી થશે, સાથોસાથ, ઘોઘા અને દહેજ વચ્ચે ઘણા સમયથી બંધ એવી ફેરી માત્ર મુસાફરો માટે આ જ દિવસથી શરૂ થશે, તેમ કેન્દ્રીય શિપિંગ રાજ્યમંત્રી મનસુખ માંડવિયાએ રવિવારે અમદાવાદમાં પત્રકાર પરિષદમાં જાહેર કર્યું હતું. શિપિંગ મંત્રાલયે અદાણી જૂથની કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો છે, જે બોટદીઠ વ્હારફેજ વસૂલશે, જ્યારે ઈન્ડિગો સી-વેઝ પ્રાઈવેટ લિમિટેડ કંપની રો-પેક્સ ફેરી ચલાવશે. ઘોઘા-હજીરા વચ્ચે રો-પેક્સ સર્વિસ દિવસમાં ત્રણ ટ્રીપ કરશે. અત્યારે ઘોઘા-હજીરા વચ્ચે રસ્તાનું અંતર ૩૭૦ કિલોમીટર છે, જે રો-પેક્સ દ્વારા દરિયાઈ માર્ગે ૯૦ કિલોમીટરનું ૪ કલાકમાં કપાઈ જશે. રાજ્યમંત્રીએ એક દાવો કર્યો હતો કે, રો-રો સર્વિસ અનેકવાર ચાલુ કરી અને બંધ થઈ ગઈ, પણ આ સમસ્યા ઘોઘા-હજીરા રૂટ ઉપર નહીં નડે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
www.firstflightcanada.com



"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

We represent many insurance companies, we can shop around for best rates.

# ૮ બેઠકની પેટાચૂંટણીમાં કુલ ૬૦.૭૫ ટકા મતદાન

**•શહેરી વિસ્તાર કરતાં આદિવાસી વિસ્તારમાં વધુ મતદાન : કુલ ૧૧,૩૯,૧૬૩ મતદારોએ મતદાન કર્યું, ૬૩.૬૨ ટકા પુરૂષો, ૫૭.૬૯ ટકા મહિલાઓએ મતદાનમાં ભાગ લીધો**

અમદાવાદ : કોરોના કાળ વચ્ચે યોજાયેલી પેટાચૂંટણીમાં મતદારોએ ક્યાંક ઉત્સાહ દેખાડયો હતો તો ક્યાંક નિરસતાના દર્શન થયા હતાં. આમ છતાંય આઠ બેઠકોમાં કુલ ૬૦.૫૭ ટકા મતદાન નોધાયુ હતું. જોકે,છેલ્લા કલાકમાં મતદાન વધુ થતાં કુલ મતદાનની ટકાવારી ૬૦ ટકા સુધી પહોંચી હતી. મહત્વની વાત એછેકે, શહેરી વિસ્તાર કરતાં આદિવાસી-પછાત વિસ્તારમાં મતદાનનુ પ્રમાણ વધુ રહ્યુ હતું. આઠેય બેઠકો પૈકી કપરાડામાં સૌથી વધુ ૭૭.૫૦ ટકા મતદાન થયુ હતું.

ઉજી નવેમ્બરે ધારી, અબડાસા ,લિંબડી ,કરજણ , કપરાડા , ડાંગ , ગઢડા અને ધારી બેઠક પર મતદાન થયુ હતું. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા મુજબ , આઠેય બેઠકો પર કુલ ૧૧,૩૯ , ૧૬૩ મતદારોએ મતદાનમાં હિસ્સો લીધો હતો. ૬૩.૬૨ ટકા પુરૂષો અને ૫૭.૬૯ ટકા મહિલા મતદારોએ મતદાન કર્યુ હતું. કરજણ , કપરાડા અને ડાગ બેઠક પર પુરૂષોનુ મતદાન નોધપાત્ર રહ્યુ હતું જયારે ડાંગ અને કપરાડામાં આદિવાસી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઇને જાગૃતતાના દર્શન કરાવ્યા હતાં. આદિવાસી વિસ્તાર ડાંગમાં ૭૫.૦૧ ટકા અને કપરાડામાં ૭૭.૫૦ ટકા મતદાન નોધાયુ હતું. શહેરી વિસ્તાર કરતાં આદિવાસી વિસ્તારમાં મતદારોએ લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લઇને જાગૃતિ પ્રસ્તુત કરી હતી.

અબડાસામાં ૬૧. ૮૨ ટકા મતદાન નોધાયુ હતું જયારે લિંબડીમાં મતદારો નિરસ રહેતાં કુલ મતદાન ૫૮.૦૧ ટકા રહ્યુ હતું. મોરબીમાં વધુ મતદાન થાય તે માટે રાજકીય પક્ષોએ ખુબ ધમપછાડા કર્યા પણ ૫૨.૩૨ ટકા જ મતદાન નોધાયુ હતું. ધારીમાં તો પેટાચૂંટણી નિરસ હોય તેવુ સ્પષ્ટ જણાયુ હતું કે,આઠેય બેઠકોમાં સૌથી ઓછુ મતદાન જ આ બેઠક પર થયુ હતું. અહીં ૪૫.૭૯ ટકા જ મતદાન થયુ હતું.

ગઢડામાં ય ધાર્યા કરતાં ઓછુ મતદાન થયુ હતું. આ બેઠક પર પણ ૫૦.૭૬ ટકા મતદાન નોધાયુ હતું. કરજણમાં મતદાનની ટકાવારી ૭૦.૦૧ રહી હતી. કરજણ બેઠક પર મતદારોનો ઉત્સાહને લીધે મતદાનની ટકાવારી નોધપાત્ર રહી હતી. અત્યારે તો ભાજપ-કોંગ્રેસે મતદાન આધારે વિશ્લેષણ કરવાનુ શરૂ કર્યુ છે પણ ૧૦મીએ મતગણતરી યોજાશે ત્યારે ખબર પડશે કે, મતદારોએ શું નિર્ણય કર્યો છે.



## મોરબીમાં ચાલુ મતદાને રૂપાણીનાં પત્નીએ પ્રચાર કર્યો: કોંગ્રેસની રાવ

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણી પણ છેલ્લા કેટલાક વર્ષોથી ભાજપમાં સક્રિય રીતે કામ કરી રહ્યાં છે. રાજકોટ જિલ્લાની મોરબી વિધાનસભા મતવિસ્તારમાં અંજલિબેન રૂપાણી ભાજપના કાર્યકર્તાઓ સાથે ભાજપતરફી મતદાન કરવા પ્રચાર પ્રસાર કરી રહ્યાં હોવાની ફરિયાગ ચૂંટણી અધિકારીને કરીને તેમની વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા માગ કરી હતી. કોંગ્રેસ દ્વારા ચૂંટણી અધિકારીને કરેલી ફરીયાદ અનુસાર મતદાનના દિવસે મતદાર સિવાયની બહારની કોઇ પણ વ્યકિત વિધાનસભા વિસ્તારમાં રોકાઇ શકે નહીં તેમજ પ્રચાર પણ કરી શકે નહીં તે છતાં મુખ્ય પ્રધાનના પત્નિ અંજલિબેન રૂપાણી મોરબી વિસ્તારમાં ભાજપના કાર્યકરો સાથે રાખીને પ્રચાર માટે ફરી રહ્યાં હતા. જેથી આચારસંહિતા ભંગ સહિતના કલમો હેઠળ તેમની સામે કડક કાર્યવાહી કરીને પગલા ભરવા જોઇએ. બીજી બાજુ ધારીમાં ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવારોએ ચૂંટણી જીતવા માટે સુરતથી મતદારો ઉતાર્યા હતા. ધારીમાં કોંગ્રેસ ઉમેદવાર સુરેશ કોટડિયાનાં પત્ની પક્ષના નિશાનવાળું માસ્ક પહેરેલાં જોવા મળ્યાં હતાં.

## કોરોના કેરમાં નેતાઓ નાચતા રહ્યા મતદારોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું

:પેટાચૂંટણી જાહેર થઈ તે પહેલાંથી જ ગુજરાતમાં કાયદો- નિયમો ખિસ્સામાં મૂકીને રાજકિય નેતાઓએ પ્રચારાત્મક કાર્યક્રમો શરૂ કર્યા હતા. કોરોનાને કોરાણે મૂકી રેલીઓ, સભાઓમાં ડીજેના તાલે નાચતા નેતાઓના મેળાવડાઓને કારણે ચેપનો ફેલાવો પણ વધ્યો. જો કે, વિધાનસભાની આઠેય બેઠકના મતદાન કેન્દ્રોમાં મતદારોએ સોસિયલ ડિસ્ટન્સ જાળવીને જંગી વોટિંગ કર્યું છે. મતદાન માટે મતકેન્દ્રો ઉપર કોરોનાથી બચવા કરાયેલા કુંડાળાની કતારમાં ઊભા રહીને લેશમાત્ર ડર્યા વગર પોતાના મૂળભૂત અધિકારનો ઉપયોગ કર્યો હતો. સાંજે પાંચ વાગ્યાની સ્થિતિએ આઠેય બેઠકો ઉપર કુલ ૧૮,૭૫,૦૩૨માંથી ૧૦,૬૬,૮૦૬ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં કુલ પુરૂષ મતદારોમાંથી ૫૯.૩૫ ટકા અને મહિલાઓમાંથી ૫૪.૨૬ ટકા મતદાન થયુ છે.

## કોંગ્રેસ હાર ભાળી ચુકી છે, તમામ મતદાતાઓનો આભાર : સીએમ

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપની નીતિ-રીતિમા વિશ્વાસ રાખીને ગુજરાતના મતદારોએ ભારે મતદાન કર્યુ છે. બહોળા પ્રતિસાદ બદલ ગુજરાતના મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે. મણિનગર ખાતે આવેલા હેડગેવાર ભવન ખાતે સરસંઘચાલક મોહન ભાગવતની મુલાકાતે આવેલા મુખ્યમંત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, ભાજપના એક-એક કાર્યકરે કોરોનાની મહામારી વચ્ચે પણ જે સંનિષ્ઠ પ્રયત્નોથી કાર્ય કર્યુ છે તેનાથી ભાજપની જીત નક્કી છે. આજે થયેલું મતદાન દર્શાવે છે કે, ગુજરાતના મતદારોને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં વિશ્વાસ છે. લોકોને ભાજપની નીતિમાં વિશ્વાસ છે અને વિધાનસભાની ૮ પેટા ચૂંટણીની બેઠકો પર ચોક્કસ જીતીશ છું તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે,કોંગ્રેસ નિરાશ છે.આ ચૂંટણીમાં તે પોતાની હાર ભાળી ગઈ છે. તેથી વિવિધ પ્રકારના નિવેદનો કરીને પ્રજાને ગુમરાહ કરવાનું કામ કરી રહી છે.

# કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજા વિરુદ્ધના ૧૫ કેસમાં કાર્યવાહી શરૂ

અમદાવાદઃ ચૂંટાયેલા રાજકીય નેતાઓ સામે નોંધાયેલા પડતર કેસોના ઝડપી નિકાલ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં જ કરવામાં આદેશને પગલે હવે ગુજરાતમાં પણ નેતાઓ સામેના કેસની ઝડપી સુનાવણીઓ શરૂ કરવામાં આવી છે. કુતિયાણાના એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજા વિરૂદ્ધ ગુજરાત હાઇ કોર્ટમાં પડતર કેસની સુનાવણીની શરૂઆત થઇ ગઇ છે. કાંધલ જાડેજા વિરૂદ્ધ હાલમાં જે ૧૫ કેસો પેન્ડિંગ છે તે કેસની સુનાવણી ચાલી રહી છે. ધારાસભ્ય કાંધલ જાડેજા વિરૂદ્ધ ગેરકાયદેસર હથિયાર, ખંડણી, હુમલો,



રમખાણ, કસ્ટડીમાંથી ફરાર થવું અને નકલી દસ્તાવેજો સહિતના ગુનાઓ સામેલ છે. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ ગુજરાત હાઈ કોર્ટે નીચલી કોર્ટોને નિર્દેશ આપ્યો છે કે, ગુજરાતના વર્તમાન અને પૂર્વ સાંસદો તેમજ ધારાસભ્યો વિરૂદ્ધ ચાલી રહેલા કેસોની નિયમિત સુનાવણી યોજી સત્વરે તેનો નિકાલ કરવામાં આવે. ગુજરાત હાઈ કોર્ટમાં કાંધલ જાડેજા સામેના પડતર કેસોની સુનાવણી પણ શરૂ કરી દેવામાં આવી છે. કાંધલ સામેના કેસની સુનાવણી ગત સોમવારથી શરૂ કરી દેવાઈ છે અને આગામી દિવસોમાં અન્ય ધારાસભ્યોના કેસો પણ ચાલશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૫માં પોરબંદરમાં એક હત્યા કેસમાં કાંધલ જાડેજાને નિર્દોષ છોડી મૂકાયા હતાં.

# ગુજરાતની તમામ નીચલી અદાલત ૨૩મીથી સંપૂર્ણપણે કાર્યરત થશે

અમદાવાદ : ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં જિલ્લા મથકોમાં આવેલી કોર્ટો તેમજ માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનમાં આવતી કોર્ટો સિવાય તમામ નીચલી અદાલતો ૨૩મી નવેમ્બરથી સંપૂર્ણપણે પુનઃ કાર્યરત કરવાનો આદેશ ગુજરાત હાઇકોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે. આ અદાલતોને પૂર્ણ સ્ટાફ ક્ષમતા તેમજ કોવિડ અંગે રાજ્ય અને કેન્દ્ર સરકારે જારી કરેલી માર્ગદર્શિકાના પાલન સાથે પ્રત્યક્ષ કામગરી શરૂ કરવા આદેશ અપાયો છે.

હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં નિર્દેશ અપાયો છે કે તમામ પક્ષકારોની મંજૂરી અને જજની મંજૂરી હોય તો ઓનલાઇન સુનાવણી થઈ શકશે. આ ઉપરાંત નિર્દેશ અપાયો છે કે પ્રત્યક્ષ સુનાવણીને લગતી એસ.ઓ.પી. તેમજ હાઇકોર્ટના પરિપત્રના ગુજરાતી ભાષાંતર સિવાય પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજો તેમજ પ્રિન્સિપાલ જ્યુડિશિયલ ઓફિસરોએ હાઇકોર્ટની પરવાનગી વિના પ્રત્યક્ષ સુનાવણીને લગતા કોઇ અલગ પરિપત્ર જાહેર કરવા નહીં. કોર્ટમાં આવતી ફાઇલો અને દસ્તાવેજોને ૨૪ કલાક સુધી અલગ સ્થળે રાખવા અને ત્યારબાદ જ તેને સ્પર્શ કરવાનો નિયમ યથાવત રાખવા નિર્દેશ કરાયો છે.

## અમદાવાદમાં વિપક્ષ નેતા તરીકે પહેલીવાર દલિત મહિલા કમળાબેનની નિમણૂક

અમદાવાદ : અમદાવાદમાં વિપક્ષી નેતા દિનેશ શર્માનો વિવાદ દિવસે ને દિવસે વધી રહ્યો છે. તેવામાં બે અઠવાડિયા પહેલાં રાજીનામું આપનાર દિનેશ શર્માના સ્થાને ગુજરાત કોંગ્રેસે બહેરામપુરાના કોર્પોરેટર કમળાબેન ચાવડાની નિમણૂક વિપક્ષ નેતા તરીકે કરી છે. દિનેશ શર્માએ ટર્મ પુરી થવાના ગણતરીનાં દિવસો પહેલાં જ ૧૯ ઓક્ટોબરે રાજીનામું આપ્યું હતું. રાજ્યસભાની ચૂંટણી બાદ અમદાવાદ કોંગ્રેસનો કકળાટ બહાર આવ્યો હતો. અને અમદાવાદના બે ધારાસભ્યોએ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિપક્ષ નેતા દિનેશ શર્માને હટાવવાની માગ કરી હતી. વિવાદ વધતાં સામે ચાલીને દિનેશ શર્માએ ગુજરાત કોંગ્રેસને રાજીનામું આપી દીધું હતું. જે બાદ ગણતરીના દિવસો માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા બહેરામપુરાના કોર્પોરેટર કમળાબેન ચાવડાની વિપક્ષ નેતા તરીકે પસંદગી કરવામાં આવી છે.

# અમદાવાદ એરપોર્ટ ૭મીથી ૫૦ વર્ષ માટે અદાણી ગ્રૂપને હવાલે

**•યુઝર ડેવલપમેન્ટ ફી તરીકે મુસાફરોને વધુ ચાર્જ ચૂકવવો પડશે તેવી અટકળો**

અમદાવાદ : અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાનગી કંપનીને સોંપી દેવાને આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. ૭ નવેમ્બરથી અદાણી ગ્રૂપ અમદાવાદ એરપોર્ટને આગામી ૫૦ વર્ષ માટે હસ્તગત કરી લેશે. તાજેતરમાં જ અદાણી એન્ટરપ્રાઇઝ દ્વારા લખનૌ અને મેંગલુરૂ એરપોર્ટ હસ્તગત કરવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકારે ફેબ્રુઆરી ૨૦૧૯માં અમદાવાદ ઉપરાંત લખનૌ, જયપુર, મેંગલુરૂ, થિરૂવનંતપુરમ અને ગુવાહાટી એમ ૬ એરપોર્ટ બીડીંગ પ્રક્રિયા બાદ અદાણી ગ્રૂપને સોંપવાનો નિર્ણય લીધો હતો. આ ખાનગી ગ્રૂપ પર પેસેન્જર ફી મુજબ રૂપિયા ૧૭૭ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને ચૂકવશે. મતલબ કે, અમદાવાદ એરપોર્ટમાં જેટલા પણ મુસાફરોની અવર-જવર નોંધાય તેમાં પ્રત્યેક મુસાફર પ્રમાણે રૂપિયા ૧૭૭ ચૂકવવાના થશે. કોરોના વાયરસે પગપેસારો કર્યો તે અગાઉ અમદાવાદ એરપોર્ટમાં પ્રત્યેક દિવસે સરેરાશ ૩૦ હજાર મુસાફરોની અવર-જવર હતી.

## સ્વ. નરેશ-મહેશ કનોડિયા વિશે ટિપ્પણી કરનાર નીતિન પટેલ સામે આક્રોશ

અમદાવાદઃ મોરબીમાં ચૂંટણીસભામાં નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે નરેશ કનોડિયા અને મહેશ કનોડિયા સંદર્ભે કરેલી ટિપ્પણીથી દલિત સમાજમાં ભારે રોષ ફેલાયો છે. તેમજ ઠેરઠેર તેમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. હવે પોલીસે પણ નીતિન પટેલ સામેના વિરોધને કારણે અમદાવાદમાં તેમના નિવાસ, ઓફિસ અને શહેરમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. તકેદારીના ભાગરૂપે હવે કોઈ વિરોધ ન થાય તે માટે અમદાવાદ શહેરમાં રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. મંગળવારે મોડી રાતે શહેરના પૂર્વ વિસ્તારમાં નીતિન પટેલનાં પૂતળાંનું દહન થયા બાદ શહેરમાં હાલ પોલીસને કડક કાર્યવાહી કરવાની સૂચના અપાઈ હતી. નીતિન પટેલના ઘરની પાસે પણ ખાસ સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે.

# હિંમતનગરમાં ગર્ભવતી પત્નીનું પ્રેમી સાથે મળી કારસ્તાન, પતિનું ગળું દબાવી હત્યા

**• હત્યા બાદ લાશને ૯ કલાક સુધી બાથરૂમમાં મૂકી રાખી**

હિંમતનગર : સાબરકાંઠાના હિંમતનગરથી તલોદ રોડ પર ૧૮ દિવસ પહેલાં પ્રાંતિજના અંબાવાડાની સીમમાંથી પસાર થતી ખારી નદીના પુલ નીચે ત્રીસેક વર્ષના અજાણ્યા યુવકની લાશ મળી હતી. જે બાદ અંબાવાડાના સરપંચના પતિ સોમાભાઈ નાથાભાઈએ પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પોલીસે લાશનો કબ્જો લઈ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં માહિતી મળી હતી કે નનાનપુર ગામની



સીમમાં આવેલ માર્ક એલોય કંપનીમાંથી અમરનાથ નામનો શખ્સ ગુમ થયેલ છે. જે માર્ક એલોય કંપનીમાં મેન્ટેનન્સ વર્કર તરીકે નોકરી કરતો હતો અને ગઢોડાની સીમમાં આવેલ સાગર વિલેજ સોસાયટીમાં રહેતો હતો. પોલીસે અમરનાથના ઘરની આસપાસમાં રહેતા લોકોની પૂછપરછ કરતાં માહિતી મળી હતી કે અમરનાથ, તેની પત્ની, બે વર્ષનું બાળક અને પપ્પુ નામનો શખ્સ સાથે રહેતાં હતા. અમરનાથની પત્ની નિધિએ પાડોશીઓને કહ્યું કે અમરનાથ ઝઘડો કરીને ક્યાંક જતો રહ્યો છે. જે બાદ નિધિ સાથે બે વર્ષનો બાળક અને પપ્પુ ઠાકુર ઘરનો સામાન લઈને બિહાર જતા રહ્યા છે. ત્યારે પત્ની ફરાર થઈ ગઈ હોવાની માહિતી મળતાં પોલીસનો શક મજબૂત બન્યો હતો. અને પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી અને મૃતકના ભાઈનો સંપર્ક કરી ફોટા વગેરે મોકલી ઓળખ સ્થાપિત કરી હતી.

# પોરબંદરના દરિયામાંથી માછીમારો સાથે બોટનું પાક. દ્વારા અપહરણ

પોરબંદર : ગુજરાતના દરિયાકિનારા પર પાકિસ્તાનનો ડોરો છે. અને ગુજરાતના દરિયાકિનારે પર અવારનવાર પાકિસ્તાન પોતાની નાપાક હરકતોને અંજામ આપતું હોય છે. હજુ તો ગઈકાલે જ જામનગરમાં ફ્રાન્સથી આવેલ રાફેલ વિમાનોનો કાફલો પહોંચ્યો હતો. તો પણ પાકિસ્તાન છે કે સુધરવાનું નામ લેતું નથી. પાકિસ્તાની સિક્યોરિટી એજન્સી દ્વારા પોરબંદરના દરિયામાંથી ભારતીય બોટનું અપહરણ કર્યું હોવાની ઘટના સામે આવી છે.

અગાઉ પણ અનેકવાર પાકિસ્તાન દ્વારા દરિયામાં માછીમારી કરતાં ભારતીય માછીમારોની બોટોનું અપહરણ કરીને પાકિસ્તાન લઈ જવામાં આવે છે. આ વખતે પણ પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ દ્વારા ૈંમ્ન્ પાસેથી ભારતીય બોટનું અપહરણ કરવામાં આવ્યું છે. આ બોટમાં ૬ માછીમારો પણ હતા. બોટ સહિત ૬ માછીમારોને પાકિસ્તાન લઈ જવામાં આવ્યા છે.

આ બોટ ઓખાની હોવાનું અનુમાન છે. અને આ મામલે હજુ વધુ જાણકારી પ્રાપ્ત થઈ નથી. પણ ભારતીય બોટનું અપહરણ કરીને લઈ જવામાં આવી હોવાની ઘટનાને પગલે ભારતીય સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે. અને કયા માછીમારોને પાકિસ્તાન લઈ ગયું ગયું તે અંગે તપાસ શરૂ કરી છે.

# બાપુનગરમાં ફાયરિંગ બાદ તલવારો ઉછળી, પાંચ સાગરિતોની ધરપકડ

અમદાવાદ : અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં જાહેરમાં ફાયરિંગ અને તલવાર વડે જીવલેણ હુમલો કરનાર અજય અને શરદ સહિત ૫ લોકોની બાપુનગર પોલીસ અને એસઓજી એ ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય આરોપી ગૌરવ ચૌહાણ સહિતના આરોપી પોલીસ ગિરફતથી દૂર છે.જ પોલીસે આરોપી અજય, શરદ કાલે, ચિરાગ માથુર, મનોજ માથુર અને યોગેશ માથુરની ધરપકડ કરી લીધી છે. આ તમામ આરોપીએ ટપોરીગીરી કરતા અને ફાઈનન્સનું કામ કરતા ગૌરવ ચૌહાણ સાથે મળી બાપુનગર વિસ્તારમાં અશોક ગોસ્વામી પર જાહેરમાં તલવાર વડે હુમલો કર્યો હતો. અને તલવારના ઘા માર્યા હતા. સાથે જ ફાયરિંગનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ગૌરવ ચૌહાણ અને અશોક ગોસ્વામી સાથે મળીને ફાઈનાન્સનું કામ કરતા હતા. જોકે બને વચ્ચે તકરાર થતા અશોક ગોસ્વામી ગૌરવથી છુટા પડીને રાહુલ ચૌહાણ નામના વ્યક્તિ સાથે ફરતો હતો. જેને લઈને ગૌરવ રાહુલ સાથેના ફરવા માટે વારંવાર દબાણ કરતો હતો. પોતાની ગેંગનો સભ્ય રાહુલ સાથે ફરવાનું બંધ ના કરતા આખરે તલવાર વડે તેના ૯ સાગરીતો સાથે મળી અશોક ગોસ્વામી પર હુમલો કર્યો હતો.

# નવસારીમાં ગધેડાએ લાત મારી દેતાં વ્યક્તિએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

**• ઢોર સામે કાર્યવાહી ન કરવા બદલ સીઓ અને સ્ટેન્ડિંગના ચેરમેન સામે ફરિયાદ**

અમદાવાદ : ગુજરાતના નવસારીની આ ઘટનામાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે જવાબદારો સામે કેસ નોંધવા માટે આદેશ કર્યો હતો જેના કારણે ચીફ ઓફિસર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જેમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ સુપૈયાએ અરજદારોને વચગાળાની રાહત આપી કોઈ સખત કાર્યવાહી ન કરવા માટે આદેશ આપ્યો છે. આ સાથે પ્રતિવાદી પક્ષને નોટીસ પાઠવીને કેસની વધુ સુનાવણી ચોથી ડિસેમ્બરે કરવાનું નક્કી કર્યું છે.

તદ્દન અસામાન્ય અને અજીબોગરીબ આ કિસ્સામાં નવસારીમાં રહેતા એક એડવોકેટના પિતાને રસ્તા પર ગધેડાએ લાત મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેના પરિણામે તેમને હોસ્પિટલમાં દાખળ કરીને સર્જરી કરાવવી પડી હતી. જે બાદ વકીલે નવસારી નગરપાલિકાના ચીફ ઓફિસર દશરથસિંહ ગોહિલ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પ્રેમચંદ લાલવણી વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવા માટે અરજી આપી હતી. પોલીસે આ અંગે પ્રાથમિક તપાસ કરતા સામે આવ્યું હતું કે નગર પાલિકાએ ઢોર પકડવા માટે સ્ટાફ અને પકડાયેલા ઢોરના પાંજરા રાખવાની કામગીરી કરી હતી. બીજી તરફ એ પણ સામે આવ્યું હતું કે વકીલે તેમના વિસ્તારમાં રખડતા ઢોરને રાખવા બાબતે વાંધા અરજી કરી હતી. આ બાબતે જ્યારે વકીલે ડીએસપી કક્ષાએ ફરિયાદ નોંધાવતા તેની તપાસમાં પણ સામે આવ્યું હતું કે નગરપાલિકા, તેના અધિકારી અને પદાધિકારીઓએ પૂરતી તકેદારી લીધી ન હતી.

# ગુજરાતીઓ રક્તદાન, અંગદાનમાં મોખરે ફેફસાના પત્યાર્પણ માટે માળખું વિકસાવાશે

**• ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા શ્રેષ્ઠ કાર્યશૈલીને પરિણામે દેશમાં પ્રથમ : આનંદનો અવસર**

અમદાવાદ : નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાવ્યું છે કે, રક્તદાન કરવા અંગે ઉત્સાહ અને જાગૃતિ ગુજરાતીઓમાં વધારે છે. ૫૦ બોટલ રક્તની જરૂરિયાત સામે ૫૦૦ બોટલ રક્ત એકત્રિત કરી આપનારા ગુજરાતમાં કોઈ દર્દી રક્તના અભાવે જીવન ન ગુમાવે તે આપણું લક્ષ્ય છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ગુજરાત શાખાના સન્માન સમારોહ પ્રસંગે શ્રી નિતીનભાઈએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય રક્તદાનમાં દેશભરમાં પ્રથમ છે. ઉપરાંત અંગદાન અને અંગ-પ્રત્યારોપણમાં પણ ગુજરાત મોખરે છે. કિડની ઈન્સ્ટીટયૂટમાં ભારતના સર્વાધિક કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન થાય છે.

હાલમાં જ અમદાવાદમાં બાળહૃદયરોગની હોસ્પિટલનું લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે થયું. જેથી રાજ્યમાં હવે નાના બાળકથી લઈને વયોવૃદ્ધ માટે હૃદય પ્રત્યારોપણની સુવિધા અને તેનું આંતરમાળખું સુદ્રઢ બનશે. તેમણે વધુમાં કહ્યું કે, કોરોનાકાળમાં ફેફસાના સંક્રમણ અને અન્ય જટિલતાઓ સામે આવતા ઘણા કિસ્સામાં ફેફસાના પ્રત્યાર્પણની પણ આવશ્યકતા ઉભી થઈ હતી. આવનારા દિવસોમાં ગુજરાતમાં ફેફસાના પ્રત્યાર્પણ શક્ય બને તે માટે આરોગ્ય વિભાગ માળખું વિકસાવી રહ્યું છે. નિતીન પટેલે કહ્યું કે, સિકલસેલ એનેમીયા અને થેલેસેમિયાના દર્દીઓની ઓળખ તથા સારવારના ક્ષેત્રે રેડક્રોસ સોસાયટીની કામગીરી સર્વોત્તમ છે. હોસ્પિટલની વધે, તબીબી સુવિધાઓ વધે ત્યારે રક્તની જરૂરિયાત પણ વધે છે.

# સુરતમાં યુવકની હત્યા બાદ લાશને દિવાલમાં ચણી દીધી

**• પાંડેસરામાં યુવકની વર્ષ ૨૦૧૫માં થયેલી હત્યાનો ભેદ ૪ વર્ષ બાદ પોલીસે ઉકેલ્યો**

સુરત : સુરતનાં પાંડેસરા વિસ્તારમાં વર્ષ ૨૦૧૫માં થયેલી એક યુવકની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો હતો. પોલીસની આ તપાસમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. અંગત અદાવતમાં યુવકની હત્યા કર્યા બાદ આરોપીએ તેની લાશને દિવાલમાં ચણી દીધી હતી. આ ખુલાસાથી ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સુરતના પાંડેસરા વિસ્તારમાં વર્ષ ૨૦૧૫માં ૧૯ વર્ષીય શિવમ ઉર્ફે કિશનની હત્યા થઈ હતી. જેની હાલ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને એફએસએલની હાજરીમાં તપાસ ચાલી રહી છે. પણ આ હત્યાકાંડમાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પાંડેસરા પોલીસે આ હત્યાકાંડમાં એક આરોપીની ધરપકડ કરી લીધી છે. જેણે પોલીસને જણાવ્યું કે, તેણે શિવમની હત્યા કરીને લાશ દિવાલમાં ચણી દીધી હતી. આરોપીની કબૂલાત બાદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. અને બાદમાં લાશને જે જગ્યાએ ચણી દેવામાં આવી હતી તે આશાપુરા વિભાગ-૩માં પોલીસ પહોંચી હતી. અને દિવાલ તોડવાની કામગીરી શરૂ કરી હતી. અને દિવાલમાંથી યુવકની લાશને બહાર કાઢી હતી.

## પેટાચૂંટણી પહેલા જ સ્ટિંગ ઓપરેશન : સોમાભાઈએ કહ્યું કોઇને ૧૦ કરોડથી વધુ નથી આપ્યા

# કોંગી ધારાસભ્યોને ખરીદવા ભાજપે કરોડો રૂપિયા વાપર્યા

અમદાવાદ: ગુજરાતની ૮ બેઠકોની પેટા ચૂંટણીમાં પણ ભાજપે પાંચ કોંગ્રસી માજી ધારાસભ્યોને ઉમેદવાર બનાવીને મેદાનમાં ઉતાર્યા બાદ પ્રચાર પડઘમ શાંત થવાની સાથે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા બાદ ટિકિટથી વંચિત રહી ગયેલા લીમડી વિધાનસભાના માજી ધારાસભ્ય સોમાભાઇ પટેલનો કોંગ્રેસી ધારાસભ્યોને પણ રૂ ૨૦ કરોડ નહીં પણ ૧૦ કરોડથી વધુ નહીં આપ્યા હોવાની કબૂલાત કરતો કથિત વીડીયો કોંગ્રેસે જાહેર કરતા રાજકારણમાં ખડભડાટ મચી ગયો હતો. એટલું જ નહીં સોમાભાઇ તો એવું પણ કહ્યું છે કે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય પ્રધાન રૂપાણી અને નવા ભાજપ પ્રદેશ પ્રમુખ સાથે રાજીમાના અંગે સોદાબાજી થઈ હતી.

રાજ્ય વિધાનસભાની આઠ બેઠકોનુ ૩જી નવેમ્બરે મતદાન થવાનું છે અને સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. ત્યારે ભાજપ દ્વારા પૈસા આપીને જનપ્રતિનિધિ ખરીદવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. કોંગ્રેસના પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે, ભાજપ દ્વારા નેતાઓના ખરીદ-વેચાણ અને સોદાબાજી કરવામાં આવે છે. ભાજપ ભ્રષ્ટાચારના પૈસાથી સોદાબાજી કરી ધારાસભ્યોને ખરીદે છે. સાથે જ સી. આર. પાટીલ અને અમિત શાહ સામે એસીબી અને મની લોંડરિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાવામાં આવે તેવી માગ પણ કરવામાં આવી છે. તેમણે વધુમાં કહ્યું હતુ કે, ભારતીય જનતા પાર્ટીની ચાલ, ચરિત્ર અને ચહેરો સ્પષ્ટ ઉજાગર થયો છે. અમિત ચાવડાએ એવું પણ કહ્યું હતુ કે, વિડિયોમાં સ્પષ્ટ રીતે જોઇ શકાય છે કે, કઇ રીતે ભાજપે ધારાસભ્યો સાથે સોદાબાજી કરી છે. કરોડો રૂપિયા આપી રાજીનામા અપાવ્યા છે.

### કોંગ્રેસના અધ્યક્ષે બેજવાબદાર બની મારા પર આક્ષેપ કર્યાઃ સી. આર. પાટીલ

અમદાવાદઃ સીઆર પાટીલે વિવાદ અંગે જણાવ્યું કે, કોંગ્રેસે મનઘડત આક્ષેપો કર્યા છે તે બતાવવા હું હાજર થયો છું. જે વીડિયો વાયરલ થયો તેમાં સોમાભાઈનો ચહેરો દેખાતો નથી. સોમાભાઈએ અધ્યક્ષનો ઉલ્લેખ કર્યો જ નથી. મારો ઉલ્લેખ માત્ર મિત્ર પૂરતો જ કર્યો છે. કોંગ્રેસના અધ્યક્ષે બેજવાબદાર બની મારા પર આક્ષેપ કર્યા છે. ૧૫મી માર્ચે સોમાભાઈએ રાજીનામુ આપ્યું અને મેં જુલાઈ મહિનામાં પ્રદેશનો પદભાર સાંભળ્યો હતો એવું કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયો મામલે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે જણાવ્યું હતુ. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના લોકો પણ માને છે કે આઠ સીટ ભાજપ જીતી રહી છે જેના પગલે આ કાવતરું અને કથિત વીડિયો રજૂ કર્યો છે. કોંગ્રેસને જુઠ્ઠાણા ફેલાવાની આદત છે. અમિતભાઇના મોઢામાં આવાજ શબ્દો હોય છે. લોકોની વચ્ચે જઇ લોકોના પ્રશ્નોને વાંચા આપવી જોઈએ.

# લગ્ન તો મૂંગામૂંગા જ થશેઃ ૨૦૦ મહેમાન માટે મંજૂરી, પણ ઢોલ-નગારાં નહીં વાગે

ગાંધીનગર- ઓક્ટોબરની જેમ નવેમ્બર મહિનામાં પણ ગુજરાતમાં અનલોક- ૫નો અમલ યથાવત છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લગ્ન પ્રસંગોમાં ૧૦૦ને બદલે ૨૦૦ મહેમાનને હાજર રાખવાની છૂટ આપી છે. આ નિર્ણય કર્યા બાદ પણ લગ્ન પ્રસંગ, સત્કાર સમારોહમાં વિવિધ ધાર્મિક વિધિઓ વખતે ઢોલ- શરણાઈ કે ડીજે વગાડી શકાશે નહીં. બેન્ડ બાજા સાથે વરઘોડો પણ નિકાળવા પર પ્રતિબંધ યથાવત છે. આથી, લગ્ન તો મૂંગામૂંગા જ થશે. ગૃહ વિભાગના અધિક સચિવ કે.કે. નિરાલાની સહીથી સોમવારે પ્રસિદ્ધ જાહેરનામામાં ભારત સરકારે ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ જાહેર કરેલી ગાઈલાઈન (અનલોક-૫)ને ૩૦મી નવેમ્બર ૨૦ સુધી લંબાવવામાં આવી છે. જો કે, તેમાં ૯મી ઓક્ટોબરે લગ્ન, સત્કાર સમારોહ જેવી અન્ય ઉજવણીઓ સંદર્ભે ગૃહ વિભાગે કરેલા હુકમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે અનુસાર કોવિડ-૧૯ની મહામારી સંદર્ભે અગાઉ જાહેર થયેલી ફરજિયાત માસ્ક, સેનિટાઈઝર, થર્મલ ગનથી તાપમાન સહિતની આરોગ્ય ચકાસણી જેવી શરતોને આધિન ખુલ્લા અને બંધ સ્થળે ક્ષમતાના ૫૦ ટકાથી વધુ નહીં પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ- પ્રસંગનું આયોજન કરવા છૂટછાટ આપવામાં આવી છે.

ઉપરોક્ત સુધારાથી હવે જો સમારોહ સ્થળ ઓછામાં ઓછા ૪૦૦ વ્યક્તિઓની મર્યાદાનું હોય તો જ ૨૦૦ મહેમાનો સાથે પ્રસંગની ઉજવણી કરવા મંજૂરી મળી શકશે. ગુજરાતમાં સામાન્ય રીતે દિવાળી બાદ અને ખાસ કરીને કારતક સુદ અગિયારસે તુલશી વિવાહ બાદ લગ્નનો આરંભ થાય છે.

## ગુજરાતી અભિનેતા આશિષ કક્કડનું નિધન

અમદાવાદ : અમદાવાદમાં રહેતા રાજ્યના જાણીતા ફિલ્મ કલાકાર અભિનેતા દિગદર્શક અને નાટ્યકાર આશિષ કક્કડનું દુખદ નિધન થયું છે.

આશિષ કક્કડે પોતાના કોલેજનાં દિવસો દરમિયાન જ નાટ્યક્ષેત્રે ખુબ જ સક્રિય આશિષ કક્કડને અભિનયમાં ખુબ જ રસ હતો. એટલો જ રસ તેમને બેકસ્ટેજ અને લાઈટિંગ જેવા પ્રોડક્શનની નાનામાં નાની બાબતમાં ખુબ જ રસ હતો. પોતાના યુવાનીના દિવસોમાં તેમણે અનેક નાટકોમાં ખુબ જ સારો અભિનય આપ્યો હતો. પોતાની એક શોર્ટ ફિલ્મ થકી તેમણે બોલિવુડ ક્ષેત્રે પણ પદાર્પણ કર્યુ અને વિવિધ ગુજરાતી હિન્દી ફિલ્મોમાં કામ કર્યું હતું.

## તલોદમાં કોંગ્રેસના કોર્પોરેટર દ્વારા મહિલાનું ૭ વર્ષ સુધી શોષણ કરાયું

- **પ્રથમવાર બાળકનો જન્મ થયો, બીજી વખત ગર્ભપાત કરાવ્યો**

સાબરકાંઠાઃ તલોદ નગરપાલિકાના કોર્પોરેટર સામે તલોદની એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. તલોદ નગરપાલિકાના કોર્પોરેટર સામે મહિલાએ ફરિયાદ કરી છે કે તેને લગ્નની લાલચ આપી સતત સાત વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું છે તો સાથે જ એક બાળકનો જન્મ પણ થયો છે તો બીજી વાર બળજબરી પૂર્વક ગર્ભપાત પણ કરાવ્યો હોવાની ફરિયાદ નોંધાવી છે.

તલોદ પાલિકાના કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર રાજુ શાહ સામે મહિલાએ ફરિયાદ નોંધાવી છે. મહિલાને કપટ પૂર્વક મંદિરમાં મંગલસૂત્ર પહેરાવી લગ્નની લાલચ આપી સતત સાત વર્ષ સુધી દુષ્કર્મ આચર્યુ હતું. તે દરમિયાન મહિલાએ એક બાળકને જન્મ આપ્યો હતો. તો બીજી વાર મહિલા પ્રેગ્નેન્ટ થતા આરોપી રાજુ શાહએ મહિલાને બળજબરી પૂર્વક ગર્ભપાત પણ કરાવ્યો હોવાનું મહિલાએ ફરિયાદ નોંધાવી છે ત્યારે હવે તલોદ પોલીસ અને મહિલા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કિસ્સો સામે આવતા સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવો આવ્યો છે.

# રાજ્યમાં પાલિકાઓ અને પંચાયતોની ચૂંટણી સત્વરે યોજવા હાઈકોર્ટમાં રિટ

- **બંધારણીય આદેશ પ્રમાણે ચૂંટણીઓ પાછળ ન ઠેલાવી જોઈએ**

અમદાવાદઃ ગુજરાતની છ મહાનગરપાલિકાઓ સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી ત્રણ મહિના પાછળ ઠેલવાના રાજ્યના ચૂંટણી પંચના નિર્ણય સામે ગુજરાત હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે.

અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે ૧૨-૧૦-૨૦૨૦ના રોજ રાજ્યના ચૂંટણી પંચે પરિપત્ર જારી કર્યો હતો કે ગુજરાતના સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ત્રણ મહિના માટે પાછળ ઠેલવામાં આવે છે. ગુજરાતની છ મહાનગરપાલિકોઓની ટર્મ ૧૦-૧૨-૨૦૨૦ના રોજ પૂર્ણ થાય છે અને અન્ય નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ટર્મ પણ આ સમયગાળામાં જ પૂર્ણ થાય છે. જેમાં ૫૫ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે. ગુજરાતની ખાલી પડેલી આઠ વિધાનસભા બેઠકો પર અત્યારે પેટાચૂંટણીનું આયોજન પંચ દ્વારા થઈ રહ્યું છે પરંતુ કોવિડની મહામારીનું કારણ આપી સ્થાનિક ચૂંટણીઓ ત્રણ મહિના પાછળ ઠેલવામાં આવી છે. અરજદારની રજૂઆત પ્રમાણે સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદા મુજબ તેમજ બંધારણના અનુચ્છેક ૨૪૩(યુ) પ્રમાણે દર વર્ષે કોઈ નિષ્ફળતા કે વિલંબ વગર રાજ્યના ચૂંટણી પંચે નગરપાલિકાના નવા ચૂંટાયેલા માળખાની રચના કરવાની હોય છે. જૂની ચૂંટાયેલી પાૅખને વધુ સમય સત્તામાં રાખવા ચૂંટણી પાછળ ઠેલવાની ગેરરીતિ ન થઈ શકે તે માટે આ જોગવાઈ બંધારણમાં કરવામાં આવી છે.

## દિયોદરમાં ખંડણી માંગવા મુદ્દે ૩ પોલીસ સહિત ૫ સામે ગુનો

દિયોદર : દિયોદર તાલુકાના જાલોઢા ગામના યુવાનને સગા સંબંધી સાથે કુવાણાનો ઈસમ અમદાવાદ ખાતે લઈ જઈ પોલીસને બોલાવી ધમકી આપી એક ઓરડીમાં ગોંધી રાખી એક કરોડની ખંડણી માંગતા ચકચાર મચી જવા પામી છે. જેમાં દિયોદર પોલીસ મથક ખાતે અમદાવાદના ત્રણ પોલીસકર્મી સહિત પાંચ ઈસમો સામે ફરિયાદ નોંધાવાઈ છે. દિયોદર કોર્ટમાં ફરિયાદ કરતા કોર્ટે ત્રણ પોલીસ કોન્સ્ટેબલ સહિત પાંચ સામે ગુનો નોંધવાનો હુકમ કર્યો હતો. જાલોઢા ગામે રહેતા નવીનગીરી જામતગિરી ગૌસ્વામીના સગાને ખોટા કેસમાં ફસાવી દેવા પોલીસને નામે ધમકી અપાઈ હતી. આ મામલે કોર્ટના આદેશ બાદ ગૌસ્વામી મહેશગીરી રામગીરી, ગૌસ્વામી ખેમગીરી ભીખાગીરી ગૌસ્વામી રહે. કુવાણા, નરેશ લખમણ ચોસાલીયા, પોલીસ કોન્સ્ટેબલ, વિવેકાનંદ પોલીસ સ્ટેશનના ડ્રાઈવર તથા સિધ્ધરાજસિંહ દરબાર-કોન્સ્ટેબલ સામે તપાસ શરૂ થઈ છે.

## અમદાવાદમાં દારૂ પીધા બાદ ૪ શખ્સ દ્વારા મહિલા સાથે ગેંગરેપ

અમદાવાદ : અમદાવાદમાં ૪ બાળકોની માતા સાથે દુષ્કર્મ આચરાયું હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આરોપીઓ નરાધમે દારૂ પીને ૪ બાળકોની માતા સાથે દુષ્કર્મ આચર્યાનો આરોપ લાગ્યો છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહેતી ચાર બાળકોની માતાને એક રિક્ષા ચાલક સાથે સંબંધ હતો. ત્યારબાદ રીક્ષા ચાલક પોતાના અન્ય મિત્રોને લઈને આ મહિલા પાસે આવ્યો હતો. રીક્ષા ચાલક અને તેમના મિત્રોએ દારૂ પીધા બાદ મહિલા સાથે સામુહિક બળાત્કાર ગુજાર્યો હતો. આ વિશે સરદારનગર પોલીસ સ્ટેશને મહિલાએ રેપની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ૪ યુવકોની અટકાયત કરી હતી. સરદારનગર પોલીસ સ્ટેશનમાં મહિલાએ નોંધાવેલ ફરિયાદના આધારે જાણવા મળી રહ્યું છે કે રિક્ષા ચાલક અને તેના મિત્રોએ સરદારનગર વિસ્તારમાં લઈ જઈને રૂમમાં બળાત્કાર ગુજાર્યો હતો. ચાર બળાત્કારી યુવકની પોલીસે અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે.

## પૃથ્વી પણ અન્ય તારાઓ અને ગ્રહોને ગ્રહણ (પિધાન) કરતી હોય છે સૂર્ય-ચંદ્ર-ગ્રહણની જેમ એક બીજાને ગ્રહણ કરે છે

ચંદ્ર જ્યારે પૃથ્વીની પ્રદક્ષિણા કરતો હોય ત્યારે ચંદ્ર પૃથ્વી અને તારાઓની વચ્ચે આવે છે આને તારાઓનું ગ્રહણ થયેલ કહેવાય છે. આ રીતે ચંદ્ર પરિભ્રમણ સમયે ચાર કે પાંચ તારાઓને ગ્રહણને જ્યોતિષ શાસ્ત્રમાં "પિધાન" કહે છે આ એક આકાશી ઘટના હોય છે. મોટા ભાગે આનો સમય ગાળો ૧ કલાક જેટલો હોય છે. આને મોટા ભાગે ટેલિષ્કોપ (દુરબીન)થી જોઈ શકાય છે. આ પિધાનને નરીઆંખે જોઈ શકાતુ નથી. સૂર્ય-ચંદ્રગ્રહણની જેમ તારાઓના પિધાનને સ્પર્શ-મધ્ય-મોક્ષ પણ હોય છે.

આછા પ્રકાશિત દુરના તારાઓનું આ પિધાન સુદ પક્ષની શરૂઆતની તિથી સમયથી વદ પક્ષની આખરની તિથી સમયે બનતી આ ખગોળિય સ્થિતીને જોઈ શકાય છે. એટલે કે વદની ૧૩ તિથીથી સુદની ૩ થી ૫ સુધીની તિથીમાં જોવા મળે છે. આવા પિધાન ગ્રહોને પણ થતા હોય છે. જ્યારે મનુષ્ય અન્ય ગ્રહો ઉપર નિવાસ કરશે ત્યારે તેને જે તે ગ્રહ ઊપરથી પૃથ્વીનું ગ્રહણ જોઈ શકાશે ત્યાથી પૃથ્વીગ્રહણ થયેલું માનવામાં આવશે. એટલે કે પૃથ્વી પણ તારાઓને ગ્રહણ કરતી જોવા મળે છે.





(૧) સૂર્ય-બુધ-શુક્ર ગ્રહણ ઊપરથી જોતા પૃથ્વી - ચંદ્ર, મંગળ, ગુરૂ, શનિ, યુરેનશ, નેપ્ચ્યુન, પ્લુટોને પિધાન (ગ્રહણ) કરે છે.

(૨) ચંદ્ર, મંગળ, ગુરૂ, શનિ, યુરેનશ, પ્લુટો ઊપરથી જોતા પૃથ્વિ- શુક્ર, બુધ, સૂર્યને પિધાન (ગ્રહણ) કરે છે.

(૩) ગ્રહો અને પૃથ્વી તેની ભ્રમણ કક્ષાના માર્ગને કારણે સમયે-સમયે એક બીજાને પિધાન (ગ્રહણ) કરતા હોય છે.

(૪) તેવી જ રીતે અન્ય તારાઓ પણ એક બીજાને પિધાન (ગ્રહણ) કરતા હોય છે.

(૫) સૂર્યગ્રહણ વખતે જેમ ચંદ્ર- સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે

(૬) ચંદ્રગ્રહણ વખતે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે છે. તેને આપણે ગ્રહણ થયું એવું માનવામાં આવે છે.

(૭) પૃથ્વી પોતાની ધરી ઊપર અને સૂર્યનું ભ્રમણ કરે છે. પૃથ્વી પશ્ચિમથીપૂર્વ તરફ ભ્રમણ કરે છએ.

(૮) ચંદ્ર પૃથ્વીની ચારેબાજુ ભ્રમણ કરે છે.

(૯) પૃથ્વી અને ચંદ્ર ભ્રમણથી ઋતુઓ આવે છે.

(એ) વસંત ઋતુનું આગમન તારીખ ૧૮ ફેબ્રુઆરીથી થાય છે. વૃક્ષ કે છોડ ઊપર નવાપાન ફુલ આવવા

(બી) ગ્રીષ્મ ઋતુનું આગમન તારીખ ૧૯ એપ્રિલથી થાય છે. ગરમી પડવી. ઝાડ-પાન-સુકાવવાની શરૂઆત થાય છે.

(સી) વર્ષા ઋતુનું આગમન તારીખ - ૧૨ જૂનથી થાય છે. વરસાદ (વર્ષા)ની શરૂઆત થાય છે.

(ડી) શરદ ઋતુનું આગમન તારીખ ૨૨ ઓગષ્ટથી થાય છે. પાનખરવાની શરૂઆત થાય છે.

(ઈ) હેમન્ત ઋતુનું આગમન તારીખ ૨૩ ઓક્ટોબરથી થાય છે. પ્રિ-વિન્ટર તહેવારો દિવાળી વિ. શરૂઆત થાય છે.

(એફ) શિશિર ઋતુનું આગમન તારીખ ૨૧ ડીસેમ્બરથી થાય છે. ઠંડી પડવાની શરૂઆત થાય છે. આમ ૬ ઋતુઓ આ ભ્રમણોને કારણે ઊદભવે છે.

(૧૦) ગ્રહો બુધ, શુક્ર, મંગળ, ગુરૂ, શનિ, યુરેનશ, નેપ્ચ્યુન, પ્લુટો, જ્યારે એક સીધી લીટીમાં આવે ત્યારે તે તારાઓ અને એક બીજા ગ્રહોને પિધાન ગ્રહણ કરતા અન્ય ગ્રહો ઊપરથી જોવા મળે છે.

(૧૧) પૃથ્વી પણ અન્ય તારા કે ગ્રહોને પિધાન ગ્રહણ કરતી જોવા મળે છે.

આ ગ્રહ-તારા-પૃથ્વીથી થતા ગ્રહણોને કારણે અવકાશી વાવાઝોડા-નાના-મોટા-તોફાનો, તારા અને ગ્રહો ઊપર આવે છે. ચંદ્ર મંગળ અને ગુરૂ ગ્રહ આ વાવાઝોડાઓથી પૃથ્વીનું રક્ષણ કરે છે. પૃથ્વીને ૩ (ત્રણ) મુખ્ય અને ૨ (બે) ગૌણ મળી કુલ પાંચ આવરણો હોવાથી મોટા ઊલ્કાપિંડો સહેલાથીથી પ્રવેશ કરતા નથી. તેના નાના ટુકડાઓ થઈ જાય છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# વાઘબારસ : મા સરસ્વતીની આરાધનાનો દિવસ

આ વર્ષે વાઘબારસ ૧૨-૧૧-૨૦૨૦ને ગુરુવારે છે. વાઘબારસના દિવસે ગાય અને વાછરડાની પૂજા કરીને તેમને અડદના વડા ખવડાવવામાં આવે છે. જેથી તેને ગૌવત્સ દ્વાદશી પણ કહેવામાં આવે છે. આ દિવસે બહેનો ઘરના ઉંબરાની પૂજા કરીને રંગોળી બનાવે છે. તેમાં વાઘનું ચિત્ર પણ દોરેલું હોય છે. જેથી તેને વાઘબારસ કહેવામાં આવે છે.

વાઘ બારસના દિવસે વાઘથી ગભરાવવાની જરુર હોતી નથી. પણ... વાઘ જેવી શકિત પ્રાપ્ત કરવા માટે હંમેશા તત્પર રહેવુ જોઈએ.તે સિવાય હિંસાત્મક વૃત્તિને બુદ્ધિમત્તાપૂર્વક ટાળવા માટેનો સંકલ્પ આ દિવસે લેવો જોઈએ.

જયોતિષાચાર્યના મતે શાસ્ત્રીય મત પ્રમાણે વાક બારસ એટલે માઁ સરસ્વતી ના પૂજાનું વસંતપંચમીની જેમ જ શ્રેષ્ઠ દિવસ ગણવામાં આવે છે. વાક બારસના દિવસે માઁ સરસ્વતીની પૂજા, કલમની પૂજા, ધનતેરસના દિવસે ધનની પૂજા (સિક્કાઓની, ચાંદી, ઝવેરાત ) કરી શકાય. જયારે દિપોત્સવીના દિવસે માઁ લક્ષ્મીજીની પૂજા કરી સંપત્તિ, સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય. ખરેખર વાઘબારસ ના દિવસે જૂના વર્ષની લેવડ-દેવડ પૂરી કરી નવા વર્ષની શરુઆત કરવા માટે દેવું ચૂકતે કરી ઉઘરાણી લઈ માનસિક શાંતિ મેળવવાનો દિવસ છે.

માઁ સરસ્વતીની પૂજા માટે ૐ ઐમ્ ૐ મંત્ર જપ કરી માનસિક શાંતિ, બૌદ્ધિક વિકાસ, કલા, વિજ્ઞાન અને મેનેજમેન્ટ સંબંધી જ્ઞાનવૃદ્ધિ કરી જીવનને સફળ બનાવી શકાય. વાઘ બારસનું વાઘ અને પર્યાવરણ સાથે સંબંધ છે. પર્યાવરણની શુદ્ધિ માટે જંગલનું ખૂબ જ મહત્વ છે. જંગલની રક્ષા માટે વાઘ માટેનું મહત્વ છે. આજે વાઘ ઓછા થતા જંગલમાં જવાનું , જંગલના વૃક્ષોને કાપવાનું વલણ વધી રહ્યુ છે. તેનાથી પર્યાવરણને ભારે નુકશાન થઈ રહ્યુ છે. કુદરતે દરેકની રક્ષા માટે, સ્વાસ્થ્ય માટે અસંખ્ય જીવોની ઉત્પત્તિ કરી વાઘબારસના દિવસે પર્યાવરણની રક્ષા કરવાનું ઘર અને સમસ્ત વિશ્વને સ્વચ્છ રાખવાનો સંકલ્પ કરી ખરા અર્થમાં વાઘબારસ ઉજવીએ.

આમા માની મૂર્તિને ફૂલહાર પહેરાવીને ભૌતિક રીતે પૂજન તો કરવામાં આવે જ છે, પણ ક્યાંક-ક્યાંક વાકપૂજન એટલે કે વકતૃત્વ દ્વારા પૂજન પણ કરવામાં આવતકું હોય છે. વાકબારસે સરસ્વતીની સાધના કરનારા કવિઓ ખાસ કવિ સંમેલન યોજતા હોય છે. અને પોતાના કાવ્યપુષ્પો દ્વારા મા સરસ્વતીની પૂજા પ્રાર્થના કરે છે. વાક્બારસ નિમિત્તે આપણે પણ મા શારદાન પ્રાર્તના કરીએ કે “હે શારદા ! અમારી બુદ્ધિ વિકારોમાં ન ફસાય, અમારું જ્ઞાન બીજાઓના કામમાં આવે ને અમારી વાણી બીજાઓના હૃદયને સાંત્વના આપનારી તેમજ મધુર થાઓ.”



**વાક બારસના દિવસે માઁ સરસ્વતીની પૂજા, કલમની પૂજા, ધનતેરસના દિવસે સિક્કાઓની, ચાંદી, ઝવેરાતની પૂજા કરવાથી લાભ મેળવી શકાય**

## દિવાળીમાં મા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત કરી શકાય

દિવાળીનો પર્વ હિંદૂ ધર્મમાં જ નહિં પરંતુ દરેક ધર્મમાં ધામ-ધૂમથી ઊજવવામાં આવે છે. આ વર્ષે પણ પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. દિવાળીના દિવસે દરેક ઘરમાં લક્ષ્મી પૂજન થાય છે. જે વ્યક્તિ પર માતા લક્ષ્મીની કૃપાદ્રષ્ટિ પડી જાય છે તેના જીવનમાં સુખ-સમૃદ્ધિની ખામી રહેતી નથી, તેના જીવનમાંથી દરિદ્રતા અને અશાંતિ દૂર થઈ જાય છે. દિવાળીના દિવસોમાં પૂજાની સાથે અન્ય કેટલીક વાતોનું ધ્યાન રાખવામાં આવે તો પણ માતા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત કરી શકાય છે. તો જાણી લો કે દિવાળીના દિવસોમાં કઈ કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ.

– ક્રોધ માણસનો સૌથી મોટો શત્રુ છે. વ્યક્તિએ પોતાની ખરાબ આદતો પર નિયંત્રણ રાખવું જોઈએ. દિવાળી પર કોઈપણ વ્યક્તિ પર ક્રોધ ન કરવો. જે લોકો અન્ય પર ક્રોધ કરે છે તેના ઘરમાં માતા લક્ષ્મી સ્થાયી વાસ નથી કરતાં.

– ઘરમાં ક્લેશ અને ઝઘડો ન કરવો જોઈએ. પરિવારના સભ્યો સાથે પ્રેમથી રહેનારની જ મનોકામના માતા લક્ષ્મી પૂર્ણ કરે છે.

– જે ઘરમાં સ્વચ્છતાનો અભાવ હોય ત્યાં પણ માતા લક્ષ્મી સ્થાયી વાસ નથી કરતી. તેથી આ દિવસોમાં સાફ-સફાઈ પર ખાસ ધ્યાન આપવું.

– માતા-પિતા અને વડિલોને નિરાશ ન કરવા. તેમનું અપમાન કરનાર પોતાના માટે દરિદ્રતાને આમંત્રણ આપે છે.

– દિવસે-સાંજના સમયે સૂવું નહીં. સ્વસ્થ લોકોએ સંધ્યા સમયે પથારીમાં ન રહેવું જોઈએ. તેના બદલે ભગવાનના નામનું સ્મરણ કરવું જોઈએ.

# ધનતેરસ : ભગવાન ધન્વંતરિનો પ્રાગટ્ય દિન

શુક્રવાર, તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૦ના દિવસે શુભ મુહૂર્તમાં આરોગ્યની સુખાકારી માટે તેમજ આવકવૃદ્ધિ માટે, ધનની રક્ષા માટે પવિત્ર દિને ધનવંતરિ દેવની પંચોપચાર પૂજા, આરતી કરીને રોગનાશ-રોગથી બચવા માટે અને સારા સ્વાસ્થ્યની કામના કરીને ધનવંતરિના ધ્યાન મંત્રના જાપ તેમજ સ્વાસ્થ્ય માટેના મંત્રના જાપ કરવાથી સુખાકારી વધે છે. આ દિવસે દસ રૂપિયાના સિક્કા, ચાંદીના સિક્કા અને સુવર્ણના સિક્કાની પણ લક્ષ્મીના આહ્વાહન અને પંચોપચાર પૂજા-આરતી બાદ પૂજા કર્યા બાદ ધ્યાન મંત્રજાપ કરવાથી શુભ ફળ મળે છે. પૂજા માટે ભક્તિભાવપૂર્વક દેવ-દેવીનું બાજઠ પર કોરું વસ્ત્ર પાથરીને તેના પર મગ-ઘઉં યા ચોખા મૂકી સ્થાપન કરવું અને કુમકુમ-અક્ષત- આરતી-નૈવેદ્ય કરીને જાપ કરવા.

જેથી ધનતેરશના દિવસે લક્ષ્મીપ્રાપ્તિ માટે, આરોગ્ય પ્રાપ્તિ માટે અને ઔષધિય જ્ઞાન પ્રાપ્તિ માટે ધનતેરશનું મહત્વ વધી જાય છે. જેની પાછળ જગત આંધળી દોટ મૂકે છે તે લક્ષ્મીને ભારતીય સંસ્કૃતિએ પવિત્ર અને માતા સમાન માની છે. લક્ષ્મીના પતિ ભગવાન વિષ્ણુ છે. પુરુષ તેનો પુત્ર છે. વેદોમાં લક્ષ્મીની સ્તુતિ કરતાં કહ્યુ છે કે પાપકર્મો માટે વપરાય તે અલક્ષ્મી, સત્ અને પરોકપકાર માટે વપરાય તે લક્ષ્મી અને નિઃસ્વાર્થ કાર્ય માટે વપરાય તે મહાલક્ષ્મી. ભારતીય સંસ્કૃતિએ લક્ષ્મીને નહીં તેના દુરપયોગને ત્યાજ્ય ગણ્યો છે. ટૂંકમાં પૂજા એટલે નીતિથી ધન કમાવવુ. આ દિવસે સમુદ્ર મંથનમાંથી મા લક્ષ્મી, આયુર્વેદાચાર્ય ધન્વંતરિ પ્રગટ થયા હોવાથી ધન્વંતરિ ત્રયોદશી પણ કહેવામાં આવે છે.તેઓ માનવજાતિના કલ્યાણ માટે સમુદ્રમાંથી ઔષધિઓ સાથે પ્રગટ થયા હતા. આ દિવસે લોકો સોનું-ચાંદી પણ ખરીદતા હોય છે.

જયોતિષાચાર્ય ડૉ. મહેશ દશોરાએ જણાવ્યું કે શુભ દિવસે, શુભ સમયમાં લક્ષ્મીજીને ખુશ રાખવામાં આવે તો આખું વર્ષ જ નહીં પણ જીવન પણ લક્ષ્મી કૃપામય બની જાય એટલા માટે ધનતેરસ જવેલર્સને તો ફળે જ પણ સોનું-ચાંદી ખરીદીને ધનની પૂજા કરનારને પણ વધુ ફળે છે. આ એક પ્રકારનું લાંબા ગાળાનું ઈન્વેસ્ટમેન્ટ છે. જેનું મૂલ્ય ભવિષ્યમાં વધતાં લક્ષ્મી વધે જ છે. શરીરમાંથી પંચધાતુની કમી દૂર કરવા માટે પણ ધનલક્ષ્મી પૂજાનું વિશેષ મહત્વ છે. ધનપૂજા કરી ધનતેરસના દિવસે નીતિથી ધન કમાવા માટે સંકલ્પ કરવો જોઈએ. લક્ષ્મી-સમૃદ્ધિ હોય પણ સ્વાસ્થ્ય સારૂં ન હોય તો સુખ ભોગવી શકાતું નથી. માટે ધનતેરસના દિવસે સ્વસ્થ રહેવાનું, જીવનને સમૃદ્ધિમય બનાવવા અને વધુ સમૃદ્ધ બનવા માટે ગરીબોને હટાવવાનો નહીં પણ ગરીબી હટાવવાનો સંકલ્પ કરીએ. ઉચ્ચ ભાવનાથી રંગોળી બનાવીએ. આ દિવસે ધનલક્ષ્મીની પૂજા કરવાની સાથે સાથે ગૃહલક્ષ્મીને પણ ખુશ ખુશ રાખીએ.



**રોગનાશ-રોગથી બચવા માટે ધનવંતરિ દેવની પંચોપચાર પૂજા, આરતી કરવું : સારા સ્વાસ્થ્યની કામના સાથે ધનવંતરિના ધ્યાન મંત્રના જાપ તેમજ સ્વાસ્થ્ય માટેના મંત્રના જાપ કરવાથી સુખાકારી વધે છે.**

## ભગવાનને મિષ્ટાન ધરાવવા નવા વાસણો લો

ધન તેરસે જવેલરી, સોના-ચાંદીના સિક્કા ખરીદવા માટે, શ્રી યંત્રની પૂજા કરવાનું વિશેષ મહત્વ છે. આ દિવસે નવા પાત્રમાં ઈષ્ટદેવ, કુળદેવ, ભગવાન ગણપતિજીની સાથે બધા જ દેવોને, ભગવાન વિષ્ણુ-લક્ષ્મીને મિષ્ટાન્ન ધરાવવામાં આવે છે અને ૐ શ્રીં શ્રીં નમઃ મંત્રના જપ કરાય છે.

## ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કેવી રીતે કરશો

૧. પૂર્વ દિશા અથવા ઈશાન ખુણામાં ગંગાજળથી સ્વચ્છ કરી બાજોઠ પાથરી તેના ઉપર લાલ સ્થાપનનું કપડું પાથરવું. ૨. મહાલક્ષ્મી, વિષ્ણુ, કુબેર, ધન્વંતરી, ગણેશજી, કુળદેવી ઈત્યાદિ પ્રમાણે સ્થાપન કરવું. ૩. ફોટો અથવા મૂર્તિને ચુંદડી વસ્ત્ર ઓઢાડવું, કંકુથી ચાંદલા કરવા. અક્ષત–ચોખા ચોંટાડવા. અબીલ, ગુલાલ, ફૂલ ચઢાવવા. ૪. ત્યારબાદ ૧ મુઠી ચોખા ઉપર પાણી ભરેલો કળશ મૂકી પાંચ નાગરવેલના પાન ગોઠવવા. કળશની અંદર ચાંદીનો સિક્કો, ૧ સોપારી, થોડી હળદર નાખવી. ઉપર શ્રીફળ મૂકવું. શ્રીફળ કંકુનો ચાંદલો કરી. ચોખા ચડાવી. અબીલ, ગુલાલ, હળદર, લાલ ફૂલ ચઢાવી. ત્યારબાદ કમળની આઠ પાંદડી ઉપર ઘીનો દીવો કરવો. ધૂપ કરવો. ૫. ડાબી બાજુ તલના તેલનો દીવો અને જમણી બાજુ ઘીનો દીવો કરવો. શ્રીયંત્રની પૂજા કેસરથી, ચંદનથી કરવી અને દરેક દેવને સોનાનું તિલક એટલે કેસરનું તિલક કરવું. આ પૂજા સમયે એક દીપક અલગથી પ્રગટાવવો. જેમાં ૧૩ કોડી રાખી શકો તેને પૂજા સ્થાનમાં તેનાથી જ લક્ષ્મી અને ધનકૂબેરની પૂજા કરવી. કુબેરજીનો મંત્ર છે : ઓમ યક્ષાય કુબેરાય વૈશ્રવવાય, ધન–ધાન્યધિપતયે ધન–ધાન્ય સમૃદ્ધિ મમ દેહિ દાપય સ્વાહા.. જપ કરવો. ૬. લક્ષ્મીજીનો મંત્ર છે. ઓમ હ્રીં શ્રીં લક્ષ્મીભ્યો નમઃ એમ લક્ષ્મીજીની પણ મંત્ર કરવો. પછી પુસ્તક, દાગીના, ચોપડા, કલમ, ઈત્યાદિની પૂજા કરવી. નૈવેદ્યમાં મીઠાઈ, ગોળ, ખાંડ, ઘી ધરાવી શકો છો. કેળું પણ ધરાવી શકાય છે.

# કાળી ચૌદશ : નકારાત્મક શકિતનું વિસર્જન કરો

શુક્રવાર, તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૦ બપોર બાદ તથા શનિવાર તા. ૧૪ નવેમ્બરની બપોર સુધી કાળીચૌદશ-નરક ચતુર્દશી છે. આ દિવસે સંસારી લોકોએ ઘરનો ક્લેશ-કકળાટ અને નકારાત્મક શક્તિના વિસર્જન માટે લૌકિક પરંપરા મુજબ અડદના વડાં બનાવીને ચાર રસ્તે વિસર્જન કરવાનો રિવાજ છે. આત્મશક્તિ માટે-ભૂતપ્રેત ભય નિવારણ માટે-દુષ્ટ તત્ત્વોથી રક્ષા માટે અને હિંમત-આત્મવિશ્વાસની વૃદ્ધિ માટે કાળીચૌદશે મંત્રજાપ અને મંત્ર-તંત્રની સાધના ફળદાયી બને છે. શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૨૦થી શનિવાર તા. ૧૪-૧૧-૨૦૨૦ બપોર સુધી કાળીચૌદશ છે. આ દિવસે મંત્ર-તંત્ર સાધના-ઉપાસના- સ્મશાન સાધના, ભૂતપ્રેત સાધના વગેરે માટે શ્રેષ્ઠ દિવસ છે. કાળીચૌદશ એટલે આસુરી શકિત પર દૈવીય શકિતના વિજયનું પર્વ તેમજ વિચલિત મનને સ્થિર કરવાનું, મનોબળ વધારવાનું પર્વ છે. આ દિવસે રાક્ષસોના ત્રાસમાંથી મુકિત મેળવવા માટે શકિત ઉપાસના કરવામાં આવે છે. મહાકાલીની ઉપાસના કરવાથી આધ્યાત્મિક પ્રગતિ થાય છે અને આવનારા સંકટોમાંથી વ્યકિત બચી શકે.

કાળીચૌદશને નરક ચતુર્દશી, રૂપ ચૌદશ પણ કહેવામાં આવે છે. કાળી ચૌદશના દિવસે હનુમાનજી, ભગવાન ઘંટાકર્ણ, મહાવીર ભગવાન, બટુક ભૈરવની ઉપાસનાનું વિશેષ મહત્વ છે. આ દિવસે વિશેષ મંત્ર જપ અનુષ્ઠાન કરવાથી આત્મવિશ્વાસ વધે છે. અને કષ્ટમય દિવસોમાં માનસિક શાંતિ અનુભવાય. કાળીચૌદશના દિવસે ખાસ કરીને માઁ કાળી ની ઉપાસના કરવાનો વિશેષ મહત્વ પણ શાસ્ત્રમાં દર્શાવવામાં આવ્યુ છે.

આ દિવસે તેલ માત્રમાં લક્ષ્મીની અને જળમાત્રમાં ગંગાજીનો વાસ હોય છે. સંધ્યા સમયે તેલમાં તળેલા વડાને ઘરના સભ્યોના માથેથી ઉતારીને ચાર રસ્તે મૂકવામાં આવે છે અથવા ગરીબજનોને ખવડાવવામાં આવે છે. શાસ્ત્રીય માન્યતા પ્રમાણે આ રીતે કરવાથી ઘરમાંના અનિષ્ટ તત્વ દૂર થાય છે આ દિવસે સુંદરકાંડ, હનુમાન ચાલીસા, હનુમાન કવચના પાઠ કરવામાં આવે છે. આ દિવસે મહૂડી તીર્થમાં મહા યજ્ઞ થાય છે. મંત્ર અને મંત્રની વિધિના જાણકારોએ જ જપ- અનુષ્ઠાન કરવા જોઈએ. અન્યથા મંત્રના ઉચ્ચારણમાં ભૂલ થતાં લાભની જગ્યાએ હાનિ પણ થતી જોવા મળે છે. કોઈપણ મંત્રના સતત જપ કરવાથી એ ધ્વનિનો પ્રભાવ મન-મગજ, સ્વાસ્થ્ય અને વાતવરણ પર થાય છે. તે રીતે વ્યકિત વધુ ઉત્સાહી બની સર્જનાત્મક ક્ષેત્રમાં વધુ સફળતા મેળવે છે.



**આ દિવસે ઘરનો કંકાસ દૂર કરવા અડદના વડાં બનાવીને ચાર રસ્તે વિસર્જન કરવાનો રિવાજ છે. ભૂતપ્રેત ભય નિવારણ માટે કાળી ચૌદશે મંત્રજાપ અને મંત્ર-તંત્રની સાધના ફળદાયી બને છે.**

## નરક ચતુર્દશીના મહા મંત્રો

(૧) ૐ ક્લીમ્ નમઃ (૨) ૐ હુમ્ હનુમંતયૈ નમઃ (૩) ૐ હ્રીમ્ અંજનાય નમઃ (૪) ૐ નમો ભૂતનાથાય મમ સર્વસિદ્ધિ દેહિ હ્રીં ક્લીં શ્રીં સ્વાહા (૫) ૐ વં વં ભું ભુતેશ્વર્યૈ નમઃ (૬) ૐ હ્રીમ્ સ્મશાનવાસિન્યૈ સ્વાહા (૭) ૐ હ્રીં શ્રીં સઃ સ્મશાનવાસિન્યૈ નમઃ સ્વાહા.

### ચોપડા-સોના-ચાંદીની ખરીદી કરવા.

આસો વદ ૬ને શનિવાર તા. ૭-૧૧-૨૦૨૦ને દિવસે પુષ્યનક્ષત્ર જે રવિવાર, ૮-૧૧-૨૦૨૦ના રોજ ૮ કલાક અને ૪૫ મિનિટ સુધી પુષ્ય નક્ષત્ર છે. (૧) મુર્હૂત શનિવાર તા. ૭-૧૧-૨૦૨૦, સમય : સવારે ૮.૨૧ મિ. થી ૯.૨૪ સુધી, બપોરે ૧૨.૩૧ થી ૪.૨૧ મિ. સુધી, રાત્રે ૫.૫૯ મિ. થી ૭.૨૨ મિ. સુધી. (૨) મુર્હૂત - રવિવાર ૮-૧૧-૨૦૨૦ સુધી. સમય : સવારે ૭.૫૬થી ૮.૩૭ સુધી.

### વાઘ બારસ, ગૌવત્સ દવાદશી.

આસોવદ વદ ૧૨ને ગુરૂવાર તારીખ ૧૨

### ધન તેરસ

આસો વદ ૧૩ને શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૨૦ સાંજના ૬.૦૦ કલાક સુધી ધન તેરસ છે. ધન પૂજન - લક્ષ્મી પૂજન- લક્ષ્મી યજ્ઞ. ધનવંત્રી પૂજન (૧) મુર્હૂત સમય : સવારે ૭.૦૯ મિ. થી ૧૦.૪૮ મિ. સુધી. બપોરે ૧૨.૨૭ થી ૧.૪૧ સુધી, સાંજે ૪.૪૨ તી ૫.૫૬ સુધી.

### કાળી ચૌદસ

તારીખ ૧૩-૧૧-૨૦૨૦ને સાંજે ૬.૦૦ કલાકથી તિથી ૧૪ બેસેલી તે તારીખ ૧૪-૧૧-૨૦૨૦ શનિવારને બપોરના ૨.૧૯ સુધી કાળી ચૌદશ છે. (૧) મુર્હૂત સમય શુક્રવાર રાત્રે ૯.૧૮ થી ૧૦.૩૬, મધ્ય રાત્રે પૂજા ૧૨.૩૧ થી સવારે ૫.૧૧ મિ. સુધી, શનિવાર સવારે ૮.૧૪ થી ૯.૨૮ સુધી, બપોરે ૧૨.૧૧ થી ૧.૦૫ સુધી, બપોરે ૨.૧૧ તી ૧.૦૫ સુધી, બપોરે ૨.૧૧થી ૨.૧૯ સુધી,

### દિવાળીના મુહૂર્તો

આસો વદ ૧૪/30 શનિવાર તા. ૧૪-૧૧-૨૦૨૦ ના રોજ બપોરના ૨.૨૧ મિ. થી તા. ૧૫-૧૧-૨૦૨૦ રવિવારે સવારે ૧૦.3૧ સુધી અમાસ છે. (૧) મુર્હૂત સમય - શનિવાર તા. ૧૪-૧૧-૨૦૨૦, બપોરે ૨.૨૫ થી ૪.૧૯, સાંજે ૬.૧૧ થી ૭.૨૬, રાત્રે ૯.૧૧ થી ૨.૧૧ મધ્યરાત્રિ સુધી, રવિવાર તા. ૧૫-૧૧-૨૦૨૦. મુર્હૂત સમય : સવારે ૮.૨૫ થી ૧૦.૨૧ સુધી.

નોંધ : મુહૂર્તનો સમય કેનેડાના સમય મુજબ







# દિલ્હીમાં કોરોના કેર, ૪ મહિના બાદ એક જ દિવસમાં ૬૬ લોકોના મૃત્યુ

નવી દિલ્હી : કોરોના દિલ્હીમાં કેર બનીને ફેલાઈ રહ્યો છે. દેશની રાજધાનીમાં ફરી એકવાર કોરોનાએ ગતિ પકડી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૬૬ લોકોનાં દિલ્હીમાં મોત નીપજ્યાં છે. દિલ્હી સરકારના હેલ્થ બુલેટિન અનુસાર, અગાઉ ૨૭ જૂને ૬૬ લોકોના મોત કોરોનાથી થયા હતા. એટલે કે ચાર મહિના પછી એક દિવસમાં ૬૬ લોકો કોરોનાથી મર્યા છે. તો દિલ્હીમાં સતત ત્રીજા દિવસે કોરોનાના છ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૭૧૫ નવા કેસ નોંધાયા છે.

આ પહેલા બુધવારે દિલ્હીમાં કોરોનાના ૬,૮૪૨ નવા કેસ નોંધાયા હતા. તો મંગળવારે ૬,૭૨૫ નવા કેસ નોંધાયા હતા. છેલ્લા ૧૨ દિવસમાં આ રોગચાળાને કારણે લગભગ ૫૧૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. કોરોનાના દિલ્હીમાં કુલ ૪,૧૬,૬૫૩ કેસ થઈ ગયા છે. તો અત્યાર સુધીમાં કુલ ૬૭૬૯ લોકોનાં મોત નીપજ્યાં છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૨૮૯ લોકો ઠીક પણ થયા છે અને અત્યાર સુધીમાં કુલ ૩,૭૧,૧૫૫ લોકો સાજા થયા છે. રાજધાનીમાં આઈસોલેશનમાં ૨૩,૪૧૧ દર્દીઓ છે. કોરોનાના સક્રિય કેસની વાત કરીએ તો તે ૩૮,૭૨૯ છે. અત્યાર સુધીમાં કુલ ૪૯,૩૨,૭૨૭ પરીક્ષણો કરવામાં આવ્યા છે. દિલ્હીમાં કોરોનાનો મૃત્યુ દર ૧.૬૨ ટકા છે. જ્યારે રેકવરી રેટ ૮૯.૦૮ ટકા છે.

### ભારતમાં કોરોનાનો ફરી ઊથલો, ૧૧ દિવસ બાદ ૫૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા

ગુરુવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૦,૨૧૦ કેસ અને ૭૦૪ મોત નોંધાયાં હતાં. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતોની સંખ્યા ૮૩,૬૪,૦૮૬ ઉપર પહોંચી હતી. દેશમાં અત્યાર સુધીમાં કોરોના મહામારીમાં ૧,૨૪,૩૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૦૦૦થી વધુ દર્દીઓએ કોરોનાને માત આપતાં સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૭૭,૧૧,૮૦૯ થઇ હતી. આ સાથે રિકવરી રેટ વધીને ૯૨ ટકા પર પહોંચી ગયો હતો. બુધવારે દેશમાં ૧૨,૦૯,૪૨૫ સેમ્પલ ટેસ્ટ કરાયાં હતાં જેમાંથી ૫૦,૨૧૦ સેમ્પલ પોઝિટિવ આવતાં પોઝિટિવિટી રેટ ૪.૧૫ ટકા રહ્યો હતો.

### ભારત બાયોટેકની કોરોના રસી કોવાક્સિન ફેબ્રુઆરીમાં લોન્ચ કરી શકાશે : ICMR

ભારત સરકારના એક વરિષ્ઠ વૈજ્ઞાનિકે ગુરુવારે જણાવ્યું હતું કે, સરકાર સમર્થિત કોરોનાની રસી વહેલામાં વહેલી ફેબ્રુઆરી મહિના સુધીમાં લોન્ચ કરી શકાશે. ભારતીય કંપની ભારત બાયોટેક અને સરકાર સંચાલિત આઇસીએમઆર દ્વારા વિકસિત કરાયેલી કોરોનાની રસી કોવાક્સિનની છેલ્લા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલ આ મહિનાથી શરૂ થઇ રહી છે અને અત્યાર સુધીનાં પરિણામો દર્શાવે છે કે કોવાક્સિન સુરક્ષિત અને અસરકારક છે. આઇસીએમઆરના વરિષ્ઠ વૈજ્ઞાનિક રજનીકાંતે જણાવ્યું હતું કે, ત્રીજા તબક્કાની ટ્રાયલ પૂરી થાય તે પહેલાં લોકોને કોરોનાની રસી આપવી કે કેમ તે અંગેનો નિર્ણય આરોગ્ય મંત્રાલયે કરવાનો છે.

### સીરમ ઈન્સ્ટિટ્યૂટની રસી જાન્યુઆરીમાં આવશે

પુણે : કોવિડ-૧૯ રસી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં લોન્ચ થઈ શકે છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ આદર પૂનાવાલાએ જણાવ્યું કે એક સલામત અને અસરકારક રસી આવતા વર્ષની શરૂઆતમાં અમે લોન્ચ કરવા કરી શકીએ છીએ. પૂનાવાલાની કંપની ભારતમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા સંશોધીત રસી કોવિશિલ્ડનું પરીક્ષણ અને ઉત્પાદન કરવા પર કામ કરી રહી છે. તેમણે કહ્યું હતું કે જો ટ્રાયલ સફળ થાય અને નિયમનકારી સંસ્થાઓ પાસેથી મંજૂરી મળે તો રસી જાન્યુઆરી ૨૦૨૧માં આવી શકે છે. ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોવિડ રસીના અંતિમ તબક્કાના ટ્રાયલનાં પરિણામો આવતા મહિને આવી શકે છે.

# શાહ પશ્ચિમ બંગાળના પ્રવાસે, ૨૦૨૧ની ચૂંટણીની તૈયારી શરૂ

કોલકાતા : કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ આજથી બે દિવસના પશ્ચિમ બંગાળના પ્રવાસે પહોંચ્યા હતા. ૨૦૨૧માં આવી રહેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીની પૂર્વતૈયારીના એક ભાગ રૂપે તેઓ પશ્ચિમ બંગાળ ગયા હતા. આજે ગુરુવારે તેઓ પશ્ચિમ બંગાળ ભાજપના નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક યોજશે. તેમની સાથે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મુકુલ રૉય તથા રાષ્ટ્રીય મહામંત્રી કૈલાસ વિજયવર્ગીય પણ છે. એરપોર્ટ પર તેમને અમિત શાહ ઝિંદાબાદ અને ભારત માતા કી જયના સૂત્રો દ્વારા વધાવી લેવામાં આવ્યા હતા. દિલ્હીથી રવાના થવા પહેલાં અમિત શાહે બંગાળી ભષામાં સોશ્યલ મિડિયા પર એક સંદેશો મૂક્યો હતો. એમાં જણાવ્યું હતું કે હું આજથી પશ્ચિમ બંગાળના બે દિવસના પ્રવાસે આવી રહ્યો છું. મારે ભાજપના પશ્ચિમ બંગાળ એકમ, સ્થાનિક લોકો અને મિડિયામાં રહેલા મિત્રો સાથે વાતો કરવી છે. કોરોનાના રોગચાળા પછી અમિત શાહની આ પહેલી બંગાળ યાત્રા હતી. આ પહેલાં તેઓ ચાલુ વર્ષના માર્ચની પહેલીએ અહીં આવ્યા હતા. આવતા વરસે આવી રહેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલાં પક્ષને સુદ્રઢ કરવાની ભાવનાથી અમિત શાહે આ પ્રવાસ યોજ્યો હતો.

# યુપીમાં ફટાકડાની ફેક્ટરીમાં આગથી બ્લાસ્ટ, ૪ ભૂંજાયા



લખનઉ : ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લાના આર્ય સમાજ મંદિર વૉર્ડમાં ગેરકાયદે રીતે ચાલી રહેલા એક ફટાકડાના ગોડાઉનમાં આજે સવારે ધડાકો થતાં ચાર વ્યક્તિ જીવતી બળી ગઈ હતી. એ સાથે મકાનની એક તરફની દિવાલ પણ ધસી પડી હતી.

પોલીસે આપેલી માહિતી મુજબ એક જાવેદના ઘરમાં ગેરકાયદે રીતે ફટાકડા બનાવવામાં આવતા હતા. આજે બુધવારે પરોઢિયે ઘરમાં જોરદાર ધડાકો થયો હતો અને આસપાસનાં મકાનો પણ ધ્રૂજી ઊઠ્યાં હતાં. ફટાકડાવાળા ઘરમાં ચાર વ્યક્તિ હતી અને ચારે જીવતી બળી મરી હતી. પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ત્યાં પહોંચ્યા ત્યારે ચારે બાજુ વિસ્ફોટકો, ફટાકડા બનાવવાનો સામાન અને ઈંટનો કાટમાળ પડ્યો હતો. ઘરમાલિક જાવેદ અને એના પરિવારના ત્રણે ત્રણ સભ્યો જીવતાં બળી ગયાં હતાં. ઉપરાંત એને ત્યાં કામ કરતા બીજા લોકોને પણ નાની મોટી ઈજા થઈ હતી.

# ઈસરો ભારતનો ૧, યુએસના ૪ સહિત ૧૦ ઉપગ્રહો લોન્ચ કરશે

**•આ વર્ષે ઈસરો દ્વારા પ્રથમ લૉન્ચિંગ : સાત નવેમ્બરે**

શ્રીહરિકોટા : છેલ્લી ઘડીના ફેરફારો નહીં થાય તો સાતમી નવેમ્બરે ઈસરો દ્વારા એક સાથે દસ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવશે. આ ઉપગ્રહોમાં ભારતનો એક અને નવ અન્ય દેશોના છે. અન્ય દેશોના ઉપગ્રહોમાં ચાર અમેરિકાના છે.

સાતમી નવેમ્બરે બપોરે ૩ કલાકે આ ઉપગ્રહો લઈને ઈસરોનું પીએસએલવી રોકેટ રવાના થશે. ભારતનો ઉપગ્રહ 'ઈઓએસ-૦૧' નામનો છે, જેનું કામ અર્થ ઓબ્ઝર્વેશનનું છે. એ ઉપરાંત તેનો ઉપયોગ કૃષિ, વનવિસ્તાર અને આફતના અવલોકનો માટે પણ થશે. ભારત અને અમેરિકા ઉપરાંત એક લિથુઆનિયાનો, જ્યારે ચાર લક્ઝમબર્ગના છે. પીએસએલવી રોકેટનું આ વર્ષે આ પ્રથમ લૉન્ચિંગ છે. ગયા વર્ષે પીએસએલવીએ ડિસેમ્બર ૨૦૧૯માં રિસેટ ઉપગ્રહ લૉન્ચ કર્યો હતો. એ પછી ફરી લૉન્ચિંગ આયોજન થાય એ પહેલા જ લોકડાઉન લાગુ થઈ જતાં કામગીરી અટકી હતી. જોકે ઈસરોએ બનાવેલો ઉપગ્રહ જીસેટ-૩૦ લૉન્ચ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનું લૉન્ચિંગ ફ્રેન્ચ ગુયાનાના સ્પેસ પોર્ટ ખાતેથી થયું હતું.

# પૂર્વ લદ્દાખમાં તાપમાન -૧૦ની નીચે, નવી દિલ્હીમાં એક્યુઆઈ ૪૫૦ને પાર

લેહ : લદ્દાખની સીમા પર ચીન સાથેના તનાવ વચ્ચે ભારતીય સેનાએ શિયાળાની આકરી ઠંડી અને ચીનના સૈનિકો એમ બે મોરચે ઝઝૂમવાનું છે.

શિયાળાએ લદ્દાખમાં પોતાનો પરચો બતાવવાનો શરુ કરી દીધો છે. પૂર્વ લદ્દાખમાં જ્યાં ચીન સાથે ટકરાવ ચાલી રહ્યો છે અને હજારો ભારતીય સૈનિકો જ્યાં તૈનાત છે ત્યાં અત્યારથી જ તાપમાન માઈનસ ૧૦ થી ૨૦ ડિગ્રી નીચે જતુ રહ્યુ છે.જોકે આ સ્થિતિમાં પણ ભારતીય સૈનિકોએ ચીન સામે આખો શિયાળો કાઢવો પડશે ત્યારે સેનાએ તેનો સામનો કરવા



માટે પણ તૈયારીઓ શરુ કરી દીધી છે.

અહીયા સૈનિકોની તૈનાતી માટે સિયાચીનની જેમ રોટેશન પધ્ધતિ અપનાવાઈ છે.જેમ કે અહીં સૈનિકોને ૯૦ દિવસ માટે તૈનાત કરાશે અને એ પછી તેમનુ સ્થાન બીજા સૈનિકો લેશે.લદ્દાખમાં પૈંગોંગ લેકથી માંડીને રેઝાંગ લા સુધી ભારતીય સૈનિકો તૈનાત છે અને કદાચ પહેલી વખત ભારતીય સૈનિકો શિયાળામાં અહીંયા તૈનાત કરાયા છે. આ સંજોગોમાં શિયાળાનો સામનો કરવા માટે અમેરિકાથી ખાસ ૧૧૦૦૦ ટેન્ટ મંગાવાયા છે. જ્યારે બીજી તરફ પાટનગર નવી દિલ્હીમાં પ્રદુષણ બેફામ વધી ગયું હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી અને એનસીઆરમાં ઘણાં સ્થળે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૦ના આંકને વટાવી ગયો હતો.

# મથુરામાં મંદિરમાં નમાઝ બાદ ઈદગાહમાં હનુમાન ચાલીસા, ચારની ધરપકડ

મથુરા : મથૂરાના એક મંદિરમાં નમાઝ પઢી વીડિયો વાઈરલ કરવા મામલે પોલીસે ચાર યુવકોની સામે કેસ દાખલ કર્યો હતો. જ્યારે હવે મથુરામાં જ આવેલી એક ઈદગાહમાં ચાર યુવકોએ હનુમાન ચાલીસાનું પઠન કર્યુ હતું અને સાથે જયશ્રી રામના નારા લગાવ્યા હતા તેથી પોલીસે આ ચારેય યુવકોની પણ ધરપકડ કરી કાર્યવાહી કરી છે. બન્ને કેસમાં યુવકો પર મથુરામાં શાંતી ડોળવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ઈદગાહમાં હનુમાન ચાલીસા પઢવાની આ ઘટના મથુરાના ગોવર્ધનમાં સામે આવી છે. જે યુવકોની ધરપકડ કરવામાં આવી છે તેમના નામ સૌરભ લંબરદાર, રાઘવ મિત્તલ, કાન્હા ઠાકુર અને કૃષ્ણા ઠાકુર છે. યુવકો પર શાંતી ડોળવા સહિતની કલમો લગાવવામાં આવી છે. જ્યારે અગાઉ મથુરાના મંદિરમાં નમાઝ પઢી વીડિયો વાઈરલ કરનારા યુવકોમાં બે મુસ્લિમ અને બે હિંદુ છે.

# ફટાકડા પર પ્રતિબંધની માગ સંદર્ભે ગુજરાત સહિત ૧૮ રાજ્યોને નોટિસ

નવી દિલ્હી : પ્રદૂષણને અંકુશમાં રાખવા અને લોકોને આરોગ્યને ધ્યાનમાં રાખીને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવાની માગ કરતી અરજીઓના સંબધમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(એનજીટી)એ ૧૮ રાજ્યો પાસે જવાબ માગ્યો છે.

એનજીટીના પ્રમુખ ન્યાયમૂર્તિ આદર્શકુમાર ગોયલે જણાવ્યું હતું કે તેમણે દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશને અગાઉ જ નોટીસ મોકલી દીધી હતી. ઓડિશા અને રાજસ્થાન સરકારે ફટાકડાના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા અંગે નોટિફિકેશન જારી કરી દીધું છે હોવાથી તેમની પાસેથી જવાબ માગવામાં આવ્યો નથી. એનજીટીએ આંધ્ર પ્રદેશ, આસામ, બિહાર, ચંડીગઢ, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ, તમિલનાડુ, તેલંગણા, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ પાસેથી પણ આ સંદર્ભમાં જવાબ માગ્યો છે. આ રાજ્યોને નોટિસ મોકલીને પૂછવામાં આવ્યું છે કે પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ફટાકડા પર પ્રતિબંધ કેમ મૂકવામાં ન આવે? ટ્રિબ્યુનલે પોતાના આદેશમાં જણાવ્યું છે કે તમામ રાજ્યો કે જ્યાં પ્રદૂષણનું સ્તર સંતોષકારક નથી તેઓ રાજસ્થાન અને ઓડિશાની જેમ ફટાકડા પર પ્રતિબંધ મૂકવાનું વિચારે.

# બિહારના ગંગા નદીમાં હોડી પલટતાં દુર્ઘટના સર્જાઈ: પાંચના મોત, અનેક લાપતા

પટના : બિહારના ભાગલપુરમાં ગંગા નદીમાં હોડી પલટાઈ જતા મોટી દુર્ઘટના ઘટી છે. આ દુર્ઘટનામાં પાંચ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે અનેક લોકો લાપતા છે. આ દુર્ઘટના નવગછિયાના ગોપાલપુર તીનટંગા જહાજ ઘાટ પાસે ઘટી હતી. પ્રાપ્ય જાણકારી પ્રમાણે હોડીમાં ૫૦થી વધારે લોકો સવાર હતા જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘટનાની જાણકારી મળતાની સાથે જ સ્થાનીક પ્રશાસન અને સ્થાનિક રહેવાસીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેઓએ તાત્કાલિક ધોરણે રાહત-બચાવ કામગીરી હાથ ધરી લીધી હતી. એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચવા માટે રવાના થઈ ગઈ છે. અત્યાર સુધીમાં પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા છે જ્યારે ૧૫ લોકોની સ્થિતિ અત્યંત નાજુક છે.

# કોરોનાનું બીજું મોજું : કેસમાં વધારો નોંધાતા ફ્રાન્સ, ક્રોએશિયા, કોસોવો અને ઈંગ્લેન્ડમાં ફરી લોકડાઉન

વોશિંગ્ટન : કોરોના વાઈરસ યુરોપમાં ૨,૭૦,૦૦૦ લોકોનો ભોગ લઈ ચૂક્યો હોવાના સંજોગોમાં સંખ્યાબંધ દેશોએ કડક નિયંત્રણો પુનઃ અમલી બનાવી દીધા છે. કોરોના સંક્રમણના કેસ વધતાં ઓસ્ટ્રિયા, ગ્રીસ અને સ્વીડનમાં સંક્રમણને રોકવા નવાં પગલાં લેવામાં આવ્યાં હતાં. જર્મનીમાં અંશતઃ લોકડાઉન અમલી થવા સાથે ઈટાલીમાં પણ કડક નિયંત્રણો અમલી બન્યાં છે. ફ્રાન્સ, કોસોવો, ક્રોએશિયા અને ઈંગ્લેન્ડમાં ગુરુવારથી શાળા-કોલેજો તો ખુલ્લા રહેશે પરંતુ તેને બાદ કરતાં સંપૂર્ણ લોકડાઉન અમલી બની જશે. વિશ્વભરમાં કોરોના વાઈરસ સંક્રમિતોની કુલ સંખ્યા પૈકી ૫૦ ટકા કેસ અમેરિકા, ભારત અને બ્રાઝિલ એમ ત્રણ દેશમાં નોંધાયા છે. જોકે મૃતકોની સંખ્યા પર નજર નાખવામાં આવે તો અમેરિકા પ્રથમ, બ્રાઝિલ બીજા ક્રમે તો ભારત ત્રીજા ક્રમે છે. રશિયા, જર્મની અને બ્રિટનમાં રોજબરોજ કોરોના સંક્રમિતોની સંખ્યા વધવા લાગતાં હોસ્પિટલ્સમાં ધસારો વધી ગયો છે. કોરોનાની બીજી લહેરના કારણે યુરોપના સંખ્યાબંધ દેશોમાં બીજી વખત લોકડાઉન લાગુ કરાયુ છે. જોકે લોકોને લોકડાઉન સામે નારાજગી છે અને ઠેર ઠેર લોકડાઉનના વિરોધમાં હિંસક દેખાવો શરુ થઈ ગયા છે. પહેલા તબક્કામાં લોકડાઉનને લોકોએ સમર્થન આપ્યુ હતુ પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે.લોકો પોલીસ સાથે સંઘર્ષમાં ઉતરીને લોકડાઉનનો વિરોધ કરી રહ્યા છે.




## યુરોપમાં ફરી લોકડાઉન : અનેક શહેરોમાં લોકોએ સરકાર સામે વિરોધ કરી દેખાવો કર્યા

કોરોના સંક્રમણના કેસની વધી રહેલી સંખ્યાને જોતાં સંખ્યાબંધ યુરોપીય દેશોએ ફરી એકવાર લોકડાઉનનો નિર્ણય લીધો છે. પરંતુ નાગરિકોને સરકારનો નિર્ણય માફક નથી આવી રહ્યો. સરકારના નિર્ણયના વિરોધમાં યુરોપના અનેક શહેરોમાં લોકો સરકાર સામે વિરોધ દેખાવો કરી રહ્યા હતા. લોકડાઉનને પગલે અમલી બનનારા પ્રતિબંધોને કારણે આર્થિક સંકટ વધવાની શક્યતા જોતાં લોકોમાં રોષ છે. યુરોપના લોકો પ્રતિબંધોને વ્યક્તિ સ્વાતંત્ર્ય પરના હુમલા અને ષડયંત્રકારી સિદ્ધાંતના રૂપમાં મૂલવી રહ્યા છે. તેમનું કહેવું છે કે વાઇરસ એક બહાનું છે. વ્યવસાયી અને શ્રમિકો પોતાના ભાવિ વિષે ચિંતિત છે.

## લોકડાઉનને લીધે સ્પેનમાં લૂંટફાટ, ૧૨ને ઈજા

સ્પેનમાં રાતના સમયે કરફ્યુ પણ લગાવાયો છે.રાજ્યોની સીમાઓ સીલ કરાઈ છે.જોકે એ પછી સ્પેનમાં પ્રતિબંધોના ઉલ્લંઘનની ઘટનાઓ બની રહી છે.કેટલીક જગ્યાએ લૂંટફાટ થઈ છે.મેડ્રિડમાં થયેલી હિંસામાં ૧૨ લોકો ઘાયલ થયા છે.આ સિવાયના શહેરોમાં પણ લોકો રસ્તા પર ઉતર્યા છે. સ્પેન, ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, ફ્રાંસ , જર્મની, ઈટાલી, નેધલેન્ડ અને બ્રિટનમાં પૂર્ણ અથવા આંશિક લોકડાઉન લાગુ કરવાયુ છે.જેમાં સૌથી વધારે વિરોધ સ્પેન અને બેલ્જિયમમાં થઈ રહ્યો છે.

## બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં પ્રતિબંધો હટાવવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શનો

બેલ્જિયમમાં પણ કેટલાક જૂથોએ રાજધાની બ્રસેલ્સમાં ઘેરાબંધી કરીને કોરોના સાથે જોડાયેલા પ્રતિબંધો હટાવવાની માંગણી કરી છે.ઈટાલીમાં પણ વિવિધ શહેરમાં લોકડાઉન વિરોધી દેખાવકારો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ છે.જર્મનીમાં માસ્ક પહેરવાના નિયમના વિરોધમાં દેખાવો થયા છે. લોકોના ગુસ્સાનુ કારણ એ છે કે, લોકડાઉનના કારણે તબાહ થયેલી ઈકોનોમીની કિંમત આમ લોકોને ચુકવવી પડી છે.એટલે લોકડાઉનનો ઉપાય હવે લોકોને ગળે ઉતરી રહ્યો નથી.

## પોલેન્ડમાં ૨૪,૬૯૨, જ્યોર્જિયામાં ૨૨૯૫, આર્મેનિયામાં ૨૩૭૪ નવા કેસ નોંધાયા

કોરોના વાઇરસનો કેર દિનપ્રતિદિન વધતો જાય છે. વિવિધ દેશોમાં વીતેલા ૨૪ કલાકમાં સામે આવેલા આંકડા પર નજર નાખવામાં આવે તો પોલેન્ડમાં ૨૪,૬૯૨ નવા કેસ સામે આવ્યા હતા. સ્લોવેકિયામાં ૩૨૧૬ કેસ તો હંગેરીમાં ૪૨૧૯ નવા કેસ સામે આવ્યા હતા. વીતેલા ૨૪ કલાકમાં જ્યોર્જિયામાં ૨૨૯૫ તો આર્મેનિયામાં ૨૩૭૪ નવા કેસ સામે આવ્યા હતા

## હિથ્રો વિમાની મથકે પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો

સંક્રમણના વધી રહેલા કેસને જોતાં ગુરુવારથી બ્રિટનમાં બીજીવાર શાળા-કોલેજોને બાદ કરતાં લગભગ સંપૂર્ણ લોકડાઉન અમલી બનવા જઇ રહ્યું છે. લોકડાઉનમાં ઘરમાં ગોંધાઇ ના રહેવું પડે તે હેતુસર લોકો બ્રિટન છોડી દેવા ઉતાવળા બન્યા હતા. હિથ્રો વિમાની મથકે પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો. સરકારે પાંચમી નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી હોલિડે પર પ્રતિબંધ મૂકી દેતાં લોકો બ્રિટન છોડી રહ્યા છે. આવતીકાલથી બ્રિટનમાં ક્યાંય પ્રવાસ સંભવ નહીં રહે.

# માનવતાના મુક્તિદાતા તથા તારણહાર ઈસ્લામના અંતિમ પયગંબર હઝરત મોહંમદ (સ.અ.વ.)



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

**ઇસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ભાગ-૩

ઉપરના ગેરમુસ્લીમ લેખકો, ચિંતકો, નેતાઓ તથા ઈતિહાસકારો ઉપરાંત બીજા અસંખ્ય ગેરમુસ્લીમ લેખકો, ચિંતકો, નેતાઓ તથા ઈતિહાસકારોએ હઝરત મોહંમદ સાહેબને ભવ્ય અંજલી આપેલ છે અને તેમને એક મહાન નેતા, આદર્શવાદી તથા સુધારણાના સુત્રધારક તરીકે ગણાવેલ છે. એ ગેરમુસ્લીમોમાંથી અમુકના નામ આ પ્રમાણે છેઃ

– પ્રોફેસર એડવર્ડ ગીબન (FALL OF ROMAN EMPIRE)

– પ્રોફેસર આર્ગો સ્વેટ સ્મીથ (MOHAMMED AND MOHAMMEDISM)

– સર વીલીયમ મુર (LIFE OF MOHAMMED)

– પ્રોફેસર જોન ડેવોનપોર્ઈન્ટ (FOLLOWING MOHAMMED AND QURAN)

– એચ.જી. વેલ્સ (OUTLINE OF HISTORY)

– સરદાર ગુરુદત્ત સીંઘ (મોહંમદ કી સરકાર)

– પ્રોફેસર રઘુનાથ સહાયે (પયગંબરે ઈસ્લામ)

અરબી ભાષામા એક કહેવત છે, જેનો ગુજરાતી ભાવાર્થ એ થાય છે કે 'મહાનતા તે છે, જેનો સ્વીકાર દુશ્મન પણ કરે.' આ મુજબ ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.) કદાચ જગતની એક જ મહાન વ્યકિત છે, જેમની મહાનતા, જેમના ચરિત્ર તથા જેમના કર્તવ્યની પ્રશંસા ગેરમુસ્લીમોએ પણ કરેલ છે.

આ મહાચરિત્રવાન વ્યકિત એટલે કે ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)નો જન્મ આજથી ૧૪૦૦ વર્ષ પહેલા ઈસ્લામી ત્રીજા મહિના 'રબીઉલ અવ્વલ'ની ૧૨મી તારીખે સઉદી અરેબિયાના શહેર 'મકકા'માં થયેલ હતો. તેમના પિતાનું નામ 'અબ્દુલ્લાહ' હતું. અને માતાનું નામ 'આમેના' હતું. જન્મ પહેલાં જ તેમના પિતાનું નિધન થઈ ગયેલ અને છ વર્ષની વયે માતાનું પણ નિધન થઈ ગયેલ. તે પછી તેમના દાદા 'અબ્દુલ મુત્તલીબે' તેમનું પાલન કરેલ હતું. ચાલીસ વર્ષની વયે તેમને પાલનહાર અલ્લાહ તરફથી પયગંબર નિયુકત કરવામાં આવેલ અને સમસ્ત માનવજાત માટેના આદેશો સ્વરૂપે તેમના પર પવિત્ર ધર્મગ્રંથ 'કુરાન મજીદ' ઉતરવું શરૂ થયું, જે ૨૩ વર્ષમાં પુરું થયેલ. ૬૩ વર્ષની વયે તેમણે આ જગતથી વિદાય લીધેલ. તેમનું પુરું જીવન સંસ્કાર, સદ્ગુણ, સદાચાર, શિષ્ટાચાર તથા ઉચ્ચ ચરિત્રનું એક ઉમદા ઉદાહરણ પુરું પાડે છે. તેમના જીવન દરમ્યાન તેમણે જગતમાં ચારેતરફ ઈસ્લામ ધર્મને ફેલાવી દીધેલ. અત્યારે પુરા જગતમાં તેમના અનુયાયીઓની સંખ્યા અંદાજે દોઢ અબજની છે, જેઓ જગતમાં ચારે તરફ ફેલાયેલ છે.

ખુદ પાલનહાર અલ્લાહે તેમને કેવી ભવ્ય અંજલી આપેલ છે, તેના માટે પવિત્ર ધર્મશાસ્ત્ર 'કુરાન મજીદ'માં પાલનહાર અલ્લાહે આ મુજબ કહ્યું છેઃ

'એ પયગંબર, અમોએ તમોને સમસ્ત માનવજાત માટે દયાના મહાસાગર (રહેમત) બનાવીને મોકલ્યા છે.' (પ્રકરણ ૨૧, શ્લોક ૧૦૭)

'એ પયગંબર, નિશંસક તમે નીતિમત્તા (ચરિત્ર તથા સદ્ગુણ)ના ઉચ્ચ આસન પર છો.' (પ્રકરણ ૬૮, શ્લોક ૪)

'એ માનવીઓ, ખરેખર તમારા માટે પાલનહાર અલ્લાહના પયગંબર (કર્તવ્ય અને સદ્કાર્યોમાં) એક સર્વ શ્રેષ્ઠ ઉદાહરણ રૂપે છે.' (પ્રકરણ ૩૩, શ્લોક ૨૧)

ઈરાનના પ્રખ્યાત ફારસીના કવિ હાફીઝ શીરાઝીએ હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ને અરબી ભાષામાં આ મુજબ અંજલી આપેલ છે.

અરબી ભાષામાં (પદ્ય):

બલગલ ઉલા બે કમાલેહી,  
કશફદદુજા બે જમાલેહી,  
હસનત જમીઓ ખીસાલેહી,  
સલ્લુ અલયહે વ આલેહી.

ઉર્દુ ભાષામાં પદ્યમાં રૂપાંતરઃ

પહોંચા વોહ બુલંદીયો પર અપને કમાલસે,  
નાપેદ ઝુલમતેં હુઈ ઉસ્કે જમાલસે,  
હુસ્ને સીફાત ખત્મ હે ઉસ ખુશ ખીસાલ પર,  
સલવાત હો ઉસ પર ઓર ઉસ્કી આલ પર.

ગુજરાતી ભાષામાં પદ્યમાં રૂપાંતર :

પરિપુર્ણતાના બળ વડે જે પદ્યવી છે ઉચ્ચત્તર,  
થયા જેહ કાન્તિના પ્રભાવે તિમીરતાના રાજયો સર,  
સદ્ગુણ છે જેહના શ્રેષ્ઠત્તરને ઉચ્ચત્તર,  
સલવાત હો જો તેહ પર ને તેહની આલ પર.

સમાપ્ત

# ૨૦૦૦૦ કરોડનું દેવું ચુકવવા અનિલ અંબાણી કંપનીનો પોતાનો હિસ્સો વેચશે

મુંબઈ : દેવા હેઠળ દબાઈ ગયેલા ઉદ્યોગપતિ અનિલ અંબાણીની રિલાયન્સ ગ્રૂપની કંપની રિલાયન્સ કેપિટલ દ્વારા હવે દેવુ ઓછુ કરવા માટે પોતાની સબસિડરી કંપનીમાંની હિસ્સેદારી વેચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સબસિડરી કંપનીમાં રિલાયન્સ જનરલ ઈનસ્યોરન્સ તેમજ રિલાયન્સ નિપ્પન લાઈફ ઈન્સ્યોરન્સ, રિલાયન્સ સિક્યુરિટિઝ, રિલાયન્સ ફાઈનાન્સિયલ લિમિટેડ અને રિલાયન્સ એસેટ્સ રિકન્સ્ટ્રક્શનનો સમાવેશ થાય છે.કંપની આ હિસ્સેદારી વેચીને લગભગ ૨૦૦૦૦ કરોડ રુપિયાનુ દેવુ ઓછુ કરવા માંગે છે.



ન્યૂઝ એજન્સીના અહેવાલ પ્રમાણે આ માટે રિલાયન્સ દ્વારા આ કંપનીઓમાં હિસ્સેદારીના વેચાણના ભાગરુપે જેમને હિસ્સેદારી ખરીદવામાં રસ હોય તેવા રોકાણકારો પાસેથી પ્રસ્તાવ મંગાવવામાં આવ્યા છે.જેની શરુઆત ૩૧ ઓક્ટોબરથી કરાઈ છે. સૂત્રોના કહેવા પ્રમાણે રિલાયન્સ કેપિટલે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સમાંથી બહા રનિકળી જવાનુ નક્કી કર્યુ છે.રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સની કેપિટલ હાલમાં ૨૫૨ કરોડ રુપિયા છે.આ સિવાય રિલાયન્સ કેપિટલ રિલાયન્સ નિપ્પન લાઈફ ઈન્સ્યોરન્માં પણ પોતાનો ૫૧ ટકા હિસ્સો વેચવા માટે યોજના બનાવી છે.નિપ્પન જાપાનની સૌથી મોટી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની છે.

# મધ્ય પ્રદેશની પન્ના ખાણમાંથી કુલ રૂપિયા ૯૦ લાખના બે હિરા મળ્યા

- એકની કિંમત આશરે ૩૦ તો બીજાની આશરે ૬૦ લાખ રૂપિયા હોવાનો અંદાજ



પન્ના : મધ્ય પ્રદેશની પન્ના જિલ્લાની ખાણમાંથી બે ખાણિયાઓને ૭.૪૪ અને ૧૪.૯૮ કેરેટના બે હિરા મળતા તેઓ રાતોરાત લખપતિ બની ગયા હતા, એમ એક અધિકારીએ કહ્યું હતું. દિલીપ મીસ્ત્રીને જારૂઆપુરની ખાણમાં ૭.૪૪ કેરેટ અને લખન યાદવને ક્રિષ્ણા કલ્યાણપુર વિસ્તારની ખાણમાંથી ૧૪.૯૮ કેરેટનો હિરો મળ્યો હતો, એમ ડાયમંડ ઈન્સપેકટર અનુપમ સિંહે આજે કહ્યું હતું. બંને હિરાઓને સોમવાર ડાયમંડ ઓફિસમાં જમા કરાવી દીધા હતા અને હવે તેની હરાજી કરાશે, એમ કહીને અધિકારીએ ઉમેર્યું હતું કે ખાણીઓને ૧૨.૫ ટકાની રોયલ્ટીની રકમ કાપ્યા પછી બાકીની રકમ આપી દેવામાં આવશે. બંને હિરાઓની ચોક્કસ કિંમત તો સત્તાવાળાઓ દ્વારા નક્કી કરાશે.

# ઇડીએ ચંદા-દિપક કોચર અને ધૂત સામે પ્રથમ ચાર્જશીટ દાખલ કરી

- વીડિયોકોનને ગેરકાયદે ૧૮૭૫ કરોડની લોન આપવાનો કેસ

મુંબઈ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ મની લોન્ડરિંગના કેસમાં આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ સીઈઓ અને એમડી ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચર તથા વિડિયોકોન ગ્રુપના પ્રમોટર વેણુગોપાલ ધૂત સામે પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી તેમ સત્તાવાર સૂત્રોએ આજે જણાવ્યું હતું.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈની સ્પેશિયલ કોર્ટ સમક્ષ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને કોર્ટે અત્યાર સુધી ચાર્જશીટની નોંધ લીધી નથી.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય તપાસ એજન્સીએ સપ્ટેમ્બરમાં જીપક કોચરની ધરપકડ કરી હતી. સીબીઆઈ દ્વારા ચંદા કોચર, દીપક કોચર અને વેણુગોપાલ ધૂત તથા અન્ય વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરનો અભ્યાસ કર્યા પછી ઈડીએ મની લોન્ડરિંગનો ક્રિમિનલ કેસ દાખલ કર્યો હતો.

# પંજાબમાં કૃષિ કાયદાનો વિરોધ, ૩૫૦૦ ટ્રેન રદ કરાઈ, ૧૨૦૦ કરોડનું નુકસાન

- ગુર્જરોએ પણ રાજસ્થાનમાં રેલવે ટ્રેક પર બેસી અનામત આંદોલન કર્યુ, સરકાર સાથે વાતચીત માટે નેતાઓ તૈયાર



અમૃતસર : પંજાબમાં ખેડૂતોએ કૃષી કાયદાના વિરોધ માટે રેલ રોકો આંદોલન શરૂ કર્યુ હતું અને ઘણા દિવસો સુધી ખેડૂતો રેલવેના પાટા પર બેસી રહ્યા હતા. જેને પગલે પેસેંજર ટ્રેનો ચાલી નહોતી શકી. જારી આંકડા અનુસાર આ દરમિયાન રેલવેને આશરે ૧૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. પ્રદર્શનને કારણે આશરે ૨૨૨૫ માલગાડીઓને રદ કરવી પડી છે. પંજાબમાં આશરે ૩૨ સ્થળોએ રેલ પાટા પર બેસીને ખેડૂતો ધરણા પ્રદર્શન કરી રહ્યા છે અને કેન્દ્રને કાયદો પરત લેવા માટે વિનંતી કરી રહ્યા છે. રેલવે દ્વારા જારી નિવેદન અનુસાર ખેડૂતોના રેલ રોકો આંદોલનને પગલે આશરે ૧૩૫૦ જેટલી ટ્રેનોને રદ કરવી પડી છે તો કેટલીક મોડી ચાલી હતી. ખેડૂતો સાથે કોઈ અકસ્માત ન થાય તેથી સુરક્ષાને ધ્યાનમાં રાખીને રેલવેએ સામે ચાલીને ધરણા પ્રદર્શન સ્થળોએથી પસાર થતી ટ્રેનોને રદ કરી દીધી છે.

# બિહારમાં બીજા તબક્કામાં ૫૪.૧૫ ટકા મતદાન નોંધાયું, પટનામાં સૌથી ઓછું

- બિહાર વિધાનસભામાં ત્રીજા, અંતિમ તબક્કાનું મતદાન ૭મીએ, પરિણામ ૧૦મીએ
- મધ્ય પ્રદેશમાં સરેરાશ ૬૬.૬૭ ટકા, ઉત્તર પ્રદેશમાં સૌથી ઓછું ૫૩ ટકા મતદાન

નવી દિલ્હી : બિહાર વિધાનસભા ચૂંટણી માટે મંગળવારે બીજા તબક્કાનું મતદાન પૂરૂં થઈ ગયું છે. કોરોના મહામારી વચ્ચે બીજા તબક્કાના મતદાનમાં પણ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. બીજા તબક્કાના મતદાનમાં ૫૪ ટકાથી વધુ મતો પડયા. પહેલા તબક્કામાં ૫૫.૬૯ ટકા મતદાન થયું હતું. દેશના ૧૦ રાજ્યોની ૫૪ બેઠકો પર પણ પેટા ચૂંટણીમાં ૭૧.૯૯ ટકાથી ૫૧.૫૭ ટકા સુધી મતદાન થયું હતું. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મંગળવારે બીજા તબક્કામાં ૯૪ બેઠકો પર મતદાન પૂરૂં થયું હતું. બીજા તબક્કામાં સરેરાશ ૫૪.૧૫ ટકા મતદાન થયું હતું. જોકે, દિવસના અંતે મતદાનના અંતિમ આંકડા એકત્ર કરવામાં આવશે ત્યારે આંકડો હજુ વધી શકે છે તેમ ચૂંટણી પંચે જણાવ્યું હતું.

બિહારમાં ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં આ બેઠકો પર ૫૫.૩૫ ટકા મતદાન થયું હતું. બિહારમાં હવે ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન ૭મી નવેમ્બરે યોજાશે અને ૧૦મી નવેમ્બરે પરિણામ આવશે. બિહાર વિધાનસભાની સાથે મંગળવારે દેશના ૧૦ રાજ્યોમાં ૫૪ વિધાનસભા બેઠકો પર પણ પેટા ચૂંટણીઓ યોજાઈ હતી.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, છત્તિસગઢમાં વિક્રમી ૭૧.૯૯ ટકા, ગુજરાતમાં ૫૮.૫૮ ટકા, હરિયાણામાં ૬૯.૪૩ ટકા, ઝારખંડમાં ૬૨.૫૧ ટકા અને ઓડિશામાં ૭૦ ટકા, કર્ણાટકમાં ૭૭.૩૪ ટકા મતદાન થયું હતું.

# રાજસ્થાનની મ્યુનિસિપલ ચૂંટણીમાં ૨૬૧ વોર્ડમાં કોંગી ઉમેદવાર વિજયી

- ભાજપે ૨૪૨ વોર્ડમાં વિજય મેળવ્યો હતો

જયપુર : રાજસ્થાનનાં ત્રણ મોટાં શહેરોમાં થયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસે અશોક ગેહલોતની આગેવાની તળે ભાજપને હંફાવ્યો હતો. જયપુર જોધપુર અને કોટાના કુલ ૫૬૦ વોર્ડમાંથી કોંગ્રેસે ૨૬૧ અને ભાજપે ૨૪૨ વોર્ડમાં વિજય મેળવ્યો હતો. ૫૭ વોર્ડમાં સૌને આંચકો લાગે એ રીતે અપક્ષો વિજયી નીવડ્યા હતા. આ રીતે છ કોર્પોરેશનમાંથી ત્રણમાં કોંગ્રેસે વિજય પ્રાપ્ત કર્યો હતો. બે કોર્પોરેશન ભાજપ કને રહ્યા હતા અને એકમાં અપક્ષોનો દબદબો રહ્યો હતો. એક વર્ષ પહેલાં મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે બે નિગમ-બે મેયરનો માસ્ટર સ્ટ્રોક માર્યો હતો જે કામિયાબ નીવડ્યો હતો. ગયા વરસે ઓક્ટોબરની ૧૪મીએ સત્તા પર આવતાં વેંત કોંગ્રેસની સરકારે ત્રણ કોર્પોરેશનને છમાં તબદીલ કર્યા હતા. ત્રણ શહેરોનાં કુલ ૨૨૧ વોર્ડને ૫૬૦ વોર્ડમાં પરિવર્તિત કર્યા હતા. જો કે એ વખતે ભારે વિરોધ અને હો હા થયાં હતાં. પરંતુ ગેહલોતે કોની વાત સાંભળી નહોતી. હવે ગેહલોતે લીધેલું પગલું કોંગ્રેસ માટે વિજયનું નિમિત્ત બન્યું હતું. છ નગર નિગમમાં જયપુર હેરિટેજ વોર્ડમાં કોંગ્રેસનો વિજય થયો હતો.

# કૃષિ બિલ મોદીનાં 'ખાસ' મિત્રો માટે, ખેડુતો અંબાણી-અદાણી સાથે સોદો કરશે : રાહુલ ગાંધી

નવી દિલ્હી: રાહુલ ગાંધીએ કિશનગંજમાં રેલીને સંબોધી, અહીં રાહુલ ગાંધીએ મોદી સરકાર અને મુખ્ય પ્રધાન નિતીશ કુમાર પર જોરદાર શાબ્દિક હુમલા કર્યા. કિશનગંજ રેલીમાં



રાહુલ ગાંધીએ કહ્યું વડા પ્રધાન મોદી નવું કૃષિ બિલ લાવ્યા જે ખેડુતોનાં હિતમાં નથી, આ બિલ મોદીજીનાં કેટલાક મિત્રો માટે છે, શું ખેડુતો અંબાણી અને અદાણી સાથે સોદો કરી શકશે, એક ગુજરાતમાં અને એક મુંબઈમાં છે અને તમે બિહારમાં છો, અમે તે યાદ અપાવવા માંગીએ છીએ. છત્તીશગઢની જેમ અનાજનાં ૨૫૦૦ બિહારનાં ખેડુતોને પણ મળે.

# જંગલરાજ લાવવા માંગનાર નથી ઈચ્છતા કે તમે શ્રી રામનો નારો લગાવોઃ મોદી

પટના : પીએમ મોદીએ બિહારના સહરસામાં એક સભાને સંબોધિત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે, છેલ્લા કેટલાક દિવસોમાં બિહારના તમામ વિસ્તારોમાં ગયો છું અને લોક લાગણીનો અનુભવ કર્યો છે.



બિહારમાં લોકોનો જનાદેશ બહુ સ્પષ્ટ છે કે, ફરી એક વખત બિહારમાં એનડીએની સરકાર બનવા જઈ રહી છે. જંગલરાજના સમયમાં બિહારની ક્ષમતા સાથે વિશ્વાસ ઘાત કરવામાં આવ્યો હતો અને બિહારના નાગરિકો આ વાત સારી રીતે જાણે છે. જંગલરાજમાં વારંવાર ગરીબોનુ નામ લેનારાઓએ ગરીબોને જ ચૂંટણીથી દુર કરી દીધા હતા. ગરીબોને બિહારમાં પોતાની ઈચ્છા પ્રમાણે સરકાર બનાવવાનો અધિકાર જ નહોતો. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, બિહારમાં જંગલરાજ લાવનારાઓના સાથીદારો શું ઈચ્છે છે તે લોકોએ જાણી લેવાની જરુર છે.તેઓ ઈચ્છે છે કે, લોકો બિહારમાં ભારત માતા કી જયનો નારો ના લગાવે, તેઓ ઈચ્છે છે કે, તમે જયશ્રી રામના બોલો , મા ભારતીનો જયજયકાર તેમને નથી ગમતો.

# બિહારમાં મધુબની રેલીમાં નિતીશ કુમાર પર પથ્થર તેમજ ડુંગળી ફેંકાયા

પટના : બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કા માટે પ્રચાર ચાલી રહ્યો છે. મંગળવારે જ્યારે બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર મધુબનીનાં હરલાખી વિધાનસભા મત વિસ્તાર પહોંચ્યા ત્યારે તેમને વિરોધનો સામનો કરવો પડ્યો. નીતીશ જ્યારે સભાને સંબોધન કરી રહ્યા હતા, ત્યારે ડુંગળી અને પથ્થરના ટુકડાઓ તેમની ઉપર ફેંકવામાં આવ્યા. આ દરમિયાન પથ્થર ફેંકનારા શખસોએ સતત સુત્રોચ્ચાર કર્યો અને કહ્યું કે દારૂ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે, તસ્કરી થઈ રહી છે.



# ફ્રાન્સ પછી ઓસ્ટ્રિયાના વિયેનામાં આતંકી હુમલો : ૫નાં મોત, ૧૭ ગંભીર રીતે ઘાયલ

વિયેના : ફ્રાન્સમાં આતંકવાદી હુમલાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં સોમવારે મોડી રાત્રે ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં આતંકવાદીઓના હુમલામાં એક આતંકવાદી સહિત પાંચ લોકોનાં મોત થયાં હતાં અને ૧૭ નાગરિકોને ઈજા પહોંચી હતી. ઓસ્ટ્રિયાના ગૃહમંત્રી કાર્લ નેહામ્મરે જણાવ્યું હતું કે, કોરોના મહામારીના પ્રસારને અટકાવવા માટે લાગુ કરાયેલા લોકડાઉનનો અમલ શરૂ થાય તેના થોડા કલાકો પહેલાં વિયેના શહેરની ૬ અલગ અલગ જગ્યાઓ પર બંદૂકધારી આતંકવાદીઓએ રાહદારીઓ અને લોકો પર હુમલો શરૂ કરી દીધો હતો. જેમાં બે પુરુષ અને બે મહિલાનાં મોત થયાં હતાં જ્યારે પોલીસે એસોલ્ટ રાઈફલ અને બનાવટી સુસાઈડ બેલ્ટ પહેરેલા એક હુમલાખોરને ઠાર માર્યો હતો. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, માર્યો ગયેલો આતંકવાદી ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલો હતો. પોલીસે આતંકવાદીના નિવાસ અને



અન્ય સ્થળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. વિયેનાના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, સુરક્ષા એજન્સીઓ હુમલાખોરોને ઝડપી લેવા એડી ચોટીનું જોર લગાવી રહી છે. વિયેનાની જનતાને મંગળવારે ઘરોમાં જ રહેવા અને બાળકોને શાળામાં ન મોકલવા અપીલ કરાઈ હતી.

# વાવાઝોડું 'એટા' મધ્ય અમેરિકાને ઘમરોળશે, ભયાનક પૂરની ચેતવણી

• કેટેગરી ફોર હરિકેનથી ૨૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે

માનાગુઆ : કેરેબિયન સમુદ્રમાં સર્જાયેલું ભયાનક હરિકન એટા મધ્ય અમેરિકામાં આવેલા નિકારાગુઆ અને હોન્ડુરાસ સહિતના દેશોને ઘમરોળવા માટે આગળ વધી રહ્યું છે. હરિકેન પર નજર રાખતા અમેરિકાના રાષ્ટ્રીય હરિકેન સેન્ટરે ચેતવણી ઉચ્ચારી છે કે, કેટેગરી ફોરની તીવ્રતા ધરાવતા હરિકેન એટાથી ભયાનક પૂર અને મોટાપાયે ભૂસ્ખલન સર્જાઈ શકે છે.

હાલમાં એટા નિકારાગુઆ તરફ આગળ વધી રહ્યું છે. તેને અડીને આવેલા હોન્ડુરાસમાં પણ હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવી છે. હરિકેન એટા ત્રાટકશે ત્યારે ૨૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને ભારે વરસાદ પડશે. સ્થાનિક સમય પ્રમાણે મંગળવારે સાંજના સમયે એટા નિકારાગુરા-હોન્ડુરાસના સરહદી વિસ્તારથી કેરેબિયન સમુદ્રમાં ૧૧૦ કિલોમીટર અંદરની તરફ સ્થિત હતુ અને તે પ્રતિ કલાક ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. કેટેગરી ફોર હરિકેન કાંઠા સુધી આવતા વધુ તીવ્ર બનતાં હોય છે અને તેના કારણે થતો વરસાદ ઈંચમાં નહી પણ ફૂટમાં માપવો પડે તેવો ભયાનક હોય છે.

# ધર્મ-લિંગ આધારિત ભેદભાવ નષ્ટ કરાશે, ફ્રાન્સ લાવશે નવો કાયદો

પેરિસ : ઈસ્લામી આતંકવાદને ડામવા કડક પગલાં લેવાઈ રહ્યાં છે ત્યારે ફ્રાન્સ એક કાયદો લાવી રહ્યું છે જે મુસ્લિમ દેશોને આંચકો આપે એવી શક્યતા હતી.

અત્યાર અગાઉ ફ્રાન્સ આતંકવાદ સામેની લડાઈ વધુ સઘન કરવાની સત્તાવાર જાહેરાત કરી ચૂક્યું હતું. હવે એક એવો પ્રસ્તાવ સંસદમાં રજૂ થવાનો છે જેમાં ધર્મ અને લિંગ આધારિત ભેદભાવને અટકાવવાની સત્તા સરકારને મળશે. આ કાયદો મુસ્લિમ દેશોને કઠે એવો હોવાની પૂરી શક્યતા હતી.

ફ્રાન્સના આંતરિક બાબતો (ગૃહ ખાતા)ના પ્રધાન ગેરાલ્ડ ડર્મેનિને આ પ્રસ્તાવ વિશે જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે કોઈ પુરુષ મહિલા ડૉક્ટર પાસે સારવાર કરાવવાનો ઈનકાર કરે તો એને પાંચ વર્ષની જેલ અને ભારે દંડ કરવામાં આવશે. એજ રીતે કોઈ મહિલા પુરુષ ડૉક્ટર પાસે સારવાર કરાવવાનો ઈનકાર કરે તો એને પણ આ કાયદો લાગુ પડશે.

તેમણે વધુમાં કહ્યું કે જે લોકો સરકારી અધિકારીઓ પર દબાણ કરતા હોય કે શિક્ષકો દ્વારા ભણાવાતા પાઠનો વિરોધ કરતા હોય તેમની સામે કાયદા હેઠળ કડક હાથે કામ લેવામાં આવશે. આ પહેલાં ગેરાલ્ડે તૂર્કીના ગ્રે વુલ્ઝ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી.

# કાબુલની યુનિવર્સિટીમાં આતંકી હુમલો પાંચ કલાક લાંબા સંઘર્ષમાં ૨૫નાં મોત

• ઈરાની રાજદૂતની હાજરીમાં યોજાયેલા પુસ્તક પ્રદર્શન વેળા ત્રાસવાદીઓ ત્રાટક્યા

કાબુલ : ચાર દાયકાથી અશાંતિની આગમાં સપડાયેલા અફઘાનિસ્તાનની સૌથી મોટી કાબુલ યુનિવર્સિટીમાં થયેલા આતંકી હુમલામાં ઓછામાં ઓછા ૨૫ જણના મોત થયા છે, જ્યારે અન્ય ૪૦ લોકો ઘાયલ થયા છે, ઘટના સ્થળે સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે સામસામે મુકાબલો ચાલુ છે. જેના ગોળીઓના અવાજ સંભળાઈ રહ્યાં છે. સુરક્ષા દળોએ સમગ્ર કેમ્પસને ઘેરી લીધું છે.

અફઘાન અને ઈરાની અધિકારીઓ સોમવારે બપોરે કાબુલ યુનિવર્સિટીમાં એક પુસ્તક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી રહ્યા હતા. ત્યારે ત્રાટકેલા બંદૂકધારીઓએ આડેધડ ગોળીબાર શરૂ કરી દીધા હતા. અફઘાનિસ્તાનમાં કાર્યરત ઈરાની રાજદૂત પણ આ



કાર્યક્રમમાં મોજૂદ હતા. આંતકી હુમલા પછી અફઘાન સ્પેશ્યલ ફોર્સ અને વિદેશી કમાન્ડોની ટીમ પણ યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચી ગઈ છે. જ્યાં સુરક્ષા દળો અને હુમલાખોરો વચ્ચે પાંચ કલાક મુકાબલો ચાલ્યો. યુનિવર્સિટી તરફ જતાં બધા રસ્તાઓને બંધ કરી દેવાયા છે.

# તુર્કીસ્તાનમાં ભૂકંપ : ૪ દિવસ પછી બાળકીને કાટમાળમાંથી જીવતી કઢાઈ

• અત્યાર સુધી ત્રણ વર્ષની ઐદા સહિત ૧૦૭ લોકોને તુટી પડેલી ઈમારતમાંથી જીવીત કઢાયા

ઈઝમીર : તુર્કિસ્તાનના ઈઝમીર શહેરમાં આવેલા ભયંકર ભૂકંપમાં બચેલાઓ સુધી પહોંચવાની આશા ધીમી ધીમે ઘટતી જઈ રહી હતી ત્યારે જ બચાવ ટુકડીએ તુટી પડેલી એક ઈમારતના કાટમાળમાંથી ત્રણ વર્ષની એક બાળકીને ચાર દિવસ પછી આજે જીવતી બહાર કાઢી હતી.

થર્મલ બ્લેન્કેટમાં લપેટાયેલી ત્રણ વર્ષની બાળકીને તાળીઓના ગડગડાડ અને 'અલ્લાહુ અકબર'ના નારા વચ્ચે તરત જ હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. આરોગ્ય વિભાગના ફેહરૂદિન કોકાએ બાળકીને ત્રણ વર્ષની ઐદા ગેઝિન તરીકે ઓળખાવી હતી અને એમ્બ્યુલેન્સમાં તેનો ફોટો શેર કર્યો હતો.



શુક્રવારે ત્રાટકેલા ભૂકંપમાં તુટી પડેલી ઈમારતના કાટમાળમાં બાળકી ૯૧ કલાક સુધી જીવતી રહી હતી. આવા ભયંકર ભૂંકપમાં પણ બચી જનાર આ બાળકી ૧૦૭મી વ્યક્તિ બની હતી. જો કે મરનારાઓની સંખ્યા ૧૦૭ પર પહોંચી ગઈ હતી.

# કરતારપૂરના ગુરૂદ્વારાનો વહિવટ સરકારે શીખો પાસેથી આંચક્યો

• નવી વહીવટી સમિતિની રચના કરી, પાકિસ્તાનની મનમુરાદ મેલી જણાય છે

કરતારપુર : પાકિસ્તાનમાં આવેલા શીખોના પવિત્ર યાત્રાધામ કરતારપુર ગુરૂદ્વારનો વહીવટ પાકિસ્તાને પાકિસ્તાન શીખ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ કનેથી આંચકી લીધો હતો અને નવી સમિતિ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટને સોંપી દીધો હતો. પાકિસ્તાન કોઈ નવી ચાલ ચાલી રહ્યું હોવાનું લાગતું હતું.

નવી વહીવટી સમિતિમાં એક પણ શીખ સભ્ય નથી. એના નવેનવ સભ્યો ઈવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડના સભ્યો છે. આ બોર્ડનો સંપૂર્ણ વહીવટ પાકિસ્તાનની બદનામ ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ કરતી હોવાની વાતો છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટના સીઈઓ તરીકે મુહમ્મદ તારિક ખાનની નિયુક્તિ કરવામાં આવી હતી.આ ગુરૂદ્વારા દ્વારા વેપાર કરવાની પોતાની ઈચ્છા હોવાનું પાકિસ્તાનની સરકારે કરતારપુર ગુરૂદ્વારાને જણાવ્યું હતું. એટલે કે ઈમરાન ખાનની સરકાર આ ગુરૂદ્વારા વડે પોતાની તિજોરી ભરવા માગે છે. કરતારપુર ગુરુ નાનકદેવનું નિવાસસ્થાન હોવાનો ઈતિહાસ છે.

# સૌથી મોટા એન્ટ ફાઇનાન્સિયલના આઈપીઓનું લિસ્ટિંગ સસ્પેન્ડ થયું

• આઈપીઓ દ્વારા કંપનીએ ૩૪.૫ અબજ ડોલર એકત્ર કર્યા હતાં

હોંગકોંગ : વિશ્વની સૌથી મોટી ઓનલાઈન ફાઈનાન્સ કંપની એન્ટ ફાઈનાન્સિયલના વિશ્વના સૌથી મોટા આઈપીઓનું લિસ્ટિંગ શાંઘાઈ અને હોંગકોંગ સ્ટોક એક્સચેન્જમાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

એન્ટ ગ્રુપમાં અલીબાબાની ૩૩ ટકા હિસ્સેદારી છે. આ સમાચાર આવ્યા પછી અલીબાબાના શેરમાં ૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જારી કરાયેલા આઈપીઓમાં કંપનીએ વિક્રમજનક ૩૪.૫ અબજ ડોલર એકત્ર કર્યા હતાં.

ચાઈનીઝ સિક્યુરિટીઝ રેગ્યુલેટરી કમિશન તરફથી જારી થયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ચીનના રેગ્યુલેટર્સે એન્ટ ગ્રુપના માલિક જેક મા, એક્ઝિક્યુટીવ ચેરમેન એરિક જિંગ અને સીઈઓ સિમોન હૂ સાથે પૂછપરછ કરી હતી. શાંઘાઈ સ્ટોક એક્સચેન્જ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર આ પૂછપરછને જ આઈપીઓ સસ્પેન્ડ કરવાનું મુખ્ય કારણ બતાવવામાં આવી રહ્યું છે.

# ફ્રાન્સની અલકાયદા પર સર્જિકલ સ્ટ્રાઈક, માલીમાં ૫૦થી વધુ આતંકીઓ ઠાર માર્યા

પેરિસ : ફ્રાન્સના નાઈસ શહેરમાં લોન વૂલ્ફ આતંકવાદી હુમલા બાદ હિંસાથી દૂર રહેવાની પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોની ચેતવણીને પગલે ફ્રાન્સની સેનાએ માલીમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી અલકાયદાના ૫૦થી વધુ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. તેમની પાસેથી મોટી સંખ્યામાં શસ્ત્રસરંજામ મળી આવ્યો હતો. કરેલા હુમલાની સોમવારે જાહેરાત કરતા ફ્રાન્સના સંરક્ષણમંત્રી ફ્લોરેન્સ પર્લીએ જણાવ્યું હતું કે, બુર્કિના ફાસો અને નાઈજરની સરહદ નજીકના વિસ્તારમાં અલકાયદાના આતંકવાદીઓ સામે સંઘર્ષ કરી રહેલા માલીના સશસ્ત્રદળોને મદદ કરવા ફ્રાન્સની સેના દ્વારા હુમલો કરાયો હતો. આ હુમલામાં ૩૦થી વધુ મોટરસાઈકલનો નાશ થયો હતો.પર્લીએ જણાવ્યું હતું કે, માલી, બુર્કિનાફાસો અને નાઈજરની સરહદો મળે છે તેવા વિસ્તારમાં મોટરસાઈકલનો મોટો કાફલો પસાર થઈ રહ્યો હોવાની માહિતી ડ્રોન દ્વારા મળતાં ઓપરેશન હાથ



ધરાયું હતું. આતંકવાદીઓએ ડ્રોનથી બચવા વૃક્ષોની આડમાં સંતાવાનું શરૂ કરતાં ફ્રાન્સની સેનાના બે મિરાજ જેટ અને ડ્રોને મિસાઈલ હુમલા કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓનો સફાયો થયો હતો. ફ્રાન્સની સેનાના પ્રવક્તા કર્નલ ફ્રેડરિક બાર્બરીએ જણાવ્યું હતું કે, ચાર આતંકવાદી જીવતા ઝડપાયા હતા.

# PANCHVATI SUPERMARKET

www.panchvatisupermarket.ca

સર્વે ભાઈ અને બહેનોને શરદ પૂર્ણિમાની
હાર્દિક શુભકામનાઓ

## DIWALI SALE STARTS NOW

6th Location
## OPENING SOON

1255 Markham Road Scarborough M1H 2Z5

દિવાળી નિમિત્તે
દીવા અને પૂજા
સામગ્રી મળશે



Design by Gujarat Abroad

Now Hiring
Cook,
Cashier,
General help
Send your
Resume at :
PVSTUXEDO@GMAIL.COM

| MISSISSAUGA | BRAMPTON | SCARBOROUGH | ETOBICOKE | AJAX |
|---|---|---|---|---|
| 169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8 | 8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1 | 2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6 | 3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5 | 18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2 |
| Call : 905-232-3955 | Call : 905-794-5372 | Call : 416-439-9393 | Call : 416-213-9394 | Call : 905 426 2499 |

## ચેન્નાઈ સુપરકિંગ્સના કંગાળ દેખાવ બાદ વોટસનની આઈપીએલને પણ અલવિદા



નવી દિલ્હીઃ વર્તમાન આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સના કંગાળ પ્રદર્શન બાદ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોટસને આઈપીએલમાંથી પણ સન્યાસ લેવાની જાહેરાત કરી છે. વોટ્સને ટ્વિટ કરીને આ વાતની જાણકારી આપી હતી અને કહ્યુ હતુ કે, નિવૃત્તિ લેવાનો નિર્ણય બહુ મુશ્કેલ છે પણ તેના પર અમલ કરવાની હું કોશિશ કરીશ. આઈપીએલમાં રમવાનુ સ્વપન સાકાર થવા બદલ હું તમામનો આભારી છું. આ પહેલા વોટસન ૨૦૧૮માં આંતરરાષ્ટ્રિય ક્રિકેટને અલવિદા કહી ચુક્યો છે અને હવે તેણે આઈપીએલમાંથી પણ નિવૃત્તિ જાહેર કરતા તે કદાચ મેદાન પર ફરી જોવા નહીં મળે.૨૦૧૮માં ચેન્નાઈ સાથે જોડાતા પહેલા વોટસન રાજસ્થાન રોયલ્સ અને બેંગ્લોરની ટીમમાંથી પણ રમી ચુક્યો છે.૨૦૧૮માં જ વોટસને ધમાકેદાર સદી ફટકારીને આઈપીએલ ફાઈનલમાં ચેન્નાઈને જીતાડ્યુ હતુ.



## ડેવિડ વોર્નરે વિરાટ કોહલીને છોડ્યો પાછળ, IPLમાં રચ્યો ઐતિહાસિક રેકોર્ડ

દુબઈ: સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમે આઈપીએલની IPL છેલ્લી લીગ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને પ્લે ઓફમાં સ્થાન મેળવ્યું હતું. મુંબઈ વિરુદ્ધ ૧૦ વિકેટની મહત્વપૂર્ણ જીતમાં ટીમના કેપ્ટન ડેવિડ વોર્નરે મહત્વની ભૂમિકા નિભાવી હતી, જેણે ઐતિહાસિક રેકોર્ડ પણ બનાવ્યો હતો. આ મેચમાં ડેવિડ વોર્નરે ૫૮ દડામાં ૧૦ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૮૫ રન બનાવ્યા હતા. આ સાથે આ આઈપીએલમાં IPL ૫૦૦ રન પૂરા થયા હતા. પોતાની ઇનિંગ્સના જોરે જ તેણે વિરાટ કોહલીનો ખાસ રેકોર્ડ પણ તોડ્યો હતો. આઇપીએલમાં છઠ્ઠી વખત ડેવિડ વોર્નરે એક સીઝનમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા, તે આ સિદ્ધિ કરનારો વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો. તેણે સતત છ સીઝનમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા છે. વિરાટ કોહલીએ ૫ સીઝનમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા છે.

### આઈપીએલ ક્વોલિફાયર-૧

## મુંબઈની ફાઈનલમાં સીધી એન્ટ્રી, દિલ્હી કેપિટલ્સને વધુ એક તક મળશે

નવી દિલ્હીઃ IPLની ૧૩મી સિઝનના ક્વોલિફાયર-૧માં મુંબઈએ બાજી મારી છે. ગુરુવારે મુંબઈએ દિલ્હીને ૫૭ રનોથી પરાજય આપ્યો છે. ૨૦૧ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની ટીમ ૨૦ ઓવરમાં ૧૪૩/૮ રન જ બનાવી શકી. આ સાથે જ મુંબઈએ ૫માં ખિતાબ તરફ ડગ માંડ્યા છે. જ્યારે દિલ્હી પાસે ૮ નવેમ્બરે ક્વોલિફાયર-૨માં જીત મેળવીને ફાઈનલમાં પહોંચી શકવાની એક તક છે. જ્યાં તેનો સામનો એલિમિનેટર SRH vs RCBમાં જીતનારી ટીમ સાથે થશે.

**શુક્રવારે બેંગ્લોર અને હૈદરાબાદ વચ્ચે મુકાબલો, જે હારશે તે ટૂર્નામેન્ટમાંથી એલિમિનેટ થશે**

૨૦૧ રનનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર શિખર ધવન, અને પૃથ્વી શો ઉપરાંત અજિંક્ય રહાણે ખાતુ ખોલાવ્યા વગર આઉટ થયા હતા. જ્યારે શ્રેયસ ઐયરે ૧૨ અને ઋષભ પંતે ૩ રન બનાવી આઉટ થયા હતા. દિલ્હી તરફથી સૌથી વધુ રન સ્ટોઈનિસે (૬૫) બનાવ્યા હતા. મુંબઈ તરફથી જસપ્રિત બુમરાએ ૪ વિકેટ લીધી હતી.

મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સ સામે દુબઈ ખાતે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૦૦ રન કર્યા હતા. મુંબઈ માટે ઈશાન કિશને અણનમ ૫૫ અને સૂર્યકુમાર યાદવે ૫૧ રન કર્યા હતા. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ૧૪ બોલમાં ૫ સિક્સની મદદથી ૩૭ રન બનાવી નોટ આઉટ રહ્યો હતો. દિલ્હી માટે રવિચંદ્રન અશ્વિને ૩, જ્યારે માર્કસ સ્ટોઈનિસ અને એનરિચ નોર્ટજેએ ૧-૧ વિકેટ ઝડપી હતી.

આ પહેલા દિલ્હી કેપિટલ્સના કેપ્ટન શ્રેયસ ઐયરે મુંબઈ ઈન્ડિયન્સ સામે ટોસ જીતીને બોલિંગ લીધી હતી. દિલ્હીએ પોતાની પ્લેઈંગ-૧૧માં કોઈ ફેરફાર કર્યો નથી. જ્યારે મુંબઈએ પોતાની ટીમમાં ૩ ફેરફાર કર્યા છે.

## લાયોનલ મેસ્સીની ૧૫૦ યુરોપિયન મેચ પૂરી



બાર્સેલોના: સ્ટાર સ્ટ્રાઇકર લાયોનલ મેસ્સીએ યુરોપિયન ટૂર્નામેન્ટમાં પોતાની ૧૫૦ મેચ પૂરી કરી હતી અને તેણે તેની આ માઇલસ્ટોન મેચમાં ગોલ પણ નોંધાવ્યો હતો. બાર્સેલોનાએ ચેમ્પિયન્સ લીગ ફૂટબોલમાં ડાયનેમો કિવને ૨–૧થી પરાજય આપ્યો હતો. મેસ્સીએ પાંચમી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો. મેસ્સીએ ચેમ્પિયન્સ લીગ તથા યુરોપિયન સુપર કપમાં પોતાની ૧૪૬મી મેચમાં ૧૨૧મો ગોલ નોંધાવ્યો હતો. બીજો ગોલ અન્ય સ્ટાર ખેલાડી ગેરાર્ડ પીકે ૬૫મી મિનિટે નોંધાવ્યો હતો. ડાયનેમો કિવ માટે ફોરવર્ડ ખેલાડી વિક્ટર સાઇગાંકોવે ૧૫મી મિનિટે એક માત્ર ગોલ નોંધાવ્યો હતો. ગ્રૂપ–જીમાં બાર્સેલોના ત્રણ વિજય સાથે ટોચના ક્રમે છે.

## રોહિત ફિટ હશે તો ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે પસંદગીકારો વિચારણા કરશે : સૌરવ ગાંગુલી

નવી દિલ્હીઃ યુએઈમાં રમાઇ રહેલી આઈપીએલ ટી૨૦ લીગ તેના અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે અને મંગળવારે લીગ મુકાબલાનો અંત આવી ગયો છે. ૧૦મી નવેમ્બરે ફાઇનલ રમાશે અને તેના એક દિવસ બાદ ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટે રવાના થશે. આ પ્રવાસની શરૂઆત ૨૭મી નવેમ્બરથી થશે. ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટે પસંદગીકારોએ ઈજાગ્રસ્ત રોહિત શર્માની પસંદગી નહીં કરતા મોટો વિવાદ સર્જાયો છે અને બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીએ જણાવ્યું હતું કે અમે રોહિતની ઈજા અંગે સતત નજર રાખી રહ્યા છીએ. રોહિત ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટે ફિટ થઈ જાય તેવું અમે ઈચ્છીએ છીએ. જો તે ફિટ થઈ ગયો હશે તો મને ખાતરી છે કે પસંદગીકારો તેની સ્થિતિ અંગે ફરીથી વિચારણા કરશે.

## માર્લોન સેમ્યુઅલ્સે તમામ ફોર્મેટની ક્રિકેટને અલવિદા કરી



કિંગ્સટનઃ વેસ્ટ ઈન્ડિઝના મધ્યમ હરોળના બેટ્સમેન માર્લોન સેમ્યુઅલ્સે ક્રિકેટની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તે વેસ્ટ ઈન્ડિઝ તરફથી બે વખત ટી૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં રમ્યો હતો અને તેણે સર્વાધિક સ્કોર પણ નોંધાવ્યો હતો. સેમ્યુઅલ્સની કારકિર્દી વિવાદોથી ભરેલી રહી હતી અને ભ્રષ્ટાચાર માટે તેને બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. સેમ્યુઅલ્સે જૂન મહિનામાં જ વિન્ડીઝ બોર્ડને પોતાની નિવૃત્તિ અંગે જાણ કરી દીધી હતી. તેણે પોતાની છેલ્લી મેચ ૨૦૧૮ના ડિસેમ્બરમાં રમી હતી. ૩૯ વર્ષીય ખેલાડીએ ૭૧ ટેસ્ટ, ૨૦૭ વન-ડે તથા ૬૭ ટી૨૦ મેચો રમી હતી. તેણે ૧૧,૦૦૦ કરતાં વધારે ઈન્ટરનેશનલ રન બનાવવા ઉપરાંત ૧૫૦ કરતાં વધારે વિકેટ પણ ઝડપી હતી. તેણે ૨૦૧૨ના વર્લ્ડ કપ શ્રીલંકા સામે ૫૬ બોલમાં ૭૮ રન બનાવીને ટીમને વિજય અપાવ્યો હતો. ત્યારબાદ ૨૦૧૬ના ટી૨૦ વર્લ્ડ કપમાં તેણે કોલકાતા ખાતે ૬૬ બોલમાં ૮૫ રન બનાવીને ટીમના ટાઇટલનો બચાવ કર્યો હતો.

## રફેલ નદાલના પ્રોફેશનલ ટેનિસમાં ૧,૦૦૦ વિજય પૂરા



પેરિસઃ સ્પેનના ટેનિસ સ્ટાર તથા ક્લે કોર્ટના બાદશાહ ગણાતા રફેલ નદાલે પ્રોફેશનલ ટેનિસમાં ૧,૦૦૦ વિજય પૂરા કરવાની સિદ્ધિ મેળવી હતી અને તે વિશ્વનો માત્ર ચોથો ખેલાડી બની ગયો છે. નદાલે પેરિસ ઓપન માસ્ટર્સ ટૂર્નામેન્ટમાં પોતાના જ દેશના ફેલિસિયાનો લોપેઝને પ્રથમ સેટમાં હાર્યા બાદ ૪–૬, ૭–૬ (૫), ૬–૪થી હરાવ્યો હતો. નદાલ પહેલાં જિમી કોનર્સ (૧,૨૭૪), સ્વિસ ખેલાડી રોજર ફેડરર (૧,૨૪૨) અને ઇવાન લેન્ડલ (૧,૦૬૮) આ સિદ્ધિ હાંસલ કરી ચૂક્યા છે. ૩૪ વર્ષીય નદાલે ૨૦૦૨ના મે મહિનામાં માત્ર ૧૫ વર્ષની વયે પ્રથમ વિજય હાંસલ કર્યો હતો. તેણે પોતાની સૌથી પહેલી એટીપી ટૂર્નામેન્ટ માલોર્કા ઓપનમાં પેરુગ્વેના રેમોન ડેલગાડોને હરાવ્યો હતો.

## એક જ દિવસના આઠ મુકાબલામાં ૩૫ ગોલ નોંધાયા, લિવરપૂલે એટલાન્ટાને ૫-૦થી હરાવ્યું

રોમઃ ટોચની બે ક્લબ લિવરપૂલ અને બાયર્ન મ્યૂનિચે ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં પોતપોતાના હરીફને કારમો પરાજય આપ્યો હતો. બીજી તરફ રિયલ મેડ્રિડે વર્તમાન સિઝનમાં પોતાનો પ્રથમ વિજય હાંસલ કર્યો હતો. લિવરપૂલે ગયા વર્ષની ચેમ્પિયન્સ લીગની ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવનાર એટલાન્ટાને ૫-૦થી પરાજય આપ્યો હતો. બંને ટીમો વચ્ચે આ પ્રથમ મુકાબલો રહ્યો હતો. પોર્ટુગલના સ્ટ્રાઈકર ડિએગો જોટાએ હેટ્રિક નોંધાવી હતી. સપ્ટેમ્બરમાં લિવરપૂલ સાથે જોડાયા બાદ તેણે તમામ પ્રકારની ટૂર્નામેન્ટમાં ૧૦ મેચ રમી છે અને તેમાં સાત ગોલ નોંધાવ્યા છે. ગ્રૂપ-ડીની આ મેચમાં ૨૦૧૯ની ચેમ્પિયન ટીમ તરફથી મોહમ્મદ સાલેહ તથા સાદિયો માનેએ ગોલ નોંધાવ્યા હતા. લિવરપૂલના આ સતત ત્રીજો વિજય છે અને નવ પોઈન્ટ સાથે તેણે પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે. મંગળવારે રમાયેલા આઠ મુકાબલામાં ૩૫ ગોલ નોંધાયા હતા. આ એક જ દિવસમાં નોંધાયેલા સર્વાધિક ગોલના રેકોર્ડથી બે ગોલ ઓછા છે.

ગ્રૂપ-બીમાં ૧૩ વખતની ચેમ્પિયન રિયલ મેડ્રિડે રોડ્રિગોએ છેલ્લી પળોમાં નોંધાવેલા ગોલની મદદથી ઈન્ટર મિલાનને ૩-૨થી પરાજય આપ્યો હતો. બંને ટીમો ૮૦મી મિનિટ સુધી ૨-૨ના સ્કોરથી સરભર રહી હતી. વર્તમાન ચેમ્પિયન બાયર્ન મ્યૂનિચે જેરોમ બોન્ટેગે, લેરોય સાને, રોબર્ટ લેવાન્ડોવસ્કી તથા લુકાસ હર્નાન્ડેઝે અંતિમ ૧૫ મિનિટમાં કરેલા ગોલની મદદથી ગ્રૂપ-એમાં આરબી સાલ્ઝબર્ગને ૬-૨થી હરાવી હતી. માન્ચેસ્ટર સિટીએ ઓલંપિયાકોસને ૩-૦થી તથા બોરુસિયા મોનશેંગલાબાખે શખ્તાર ડોનેત્સકને ૬-૦થી પરાજય આપ્યો હતો.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS


Happy Diwali
Your Neighbourhood Mortgage Professional
Poonam Parikh
Mortgage Agent
M: (647) 620-6951
poonamp6951@gmail.com
https://www.mortgagealliance.com/PoonamParikh
Office : 2601 Matheson Blvd E., Unit 28,
Mississauga ON L4W 5A8
200-2005 Sheppard Avenue E, Toronto, ON M2J 5B4
Lic #10530
DN MORTGAGE GROUP
MORTGAGE ALLIANCE
RIGHTBroker® RIGHTMortgage®
Residential & Commercial Mortgages

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL

**416-321-3268**

Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**

1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request



હેપ્પી દિવાલી - નૂતન વર્ષાભિનંદન

# DO-WALI DIWALI

GET ANY PHONE FOR $0 DOWN



ਤੁਹਾਡਾ ਆਪਣਾ ਪੰਜਾਬੀ ਸਟੋਰ

## Abdul Rehman



Cell : 514-638-2222
Cell : 514-999-4935
Off : 514-738-9898
6700 Ch de la cote
Des neiges k-27 H3S2B3

Mobile phone plans are available at best prices : Students plans, family plans and small business plans. Lots of discounts.

Free tablet gift From 9th to 16th November exclusively at 6700 ch de la cote Des neiges Rogers/Fido

Get unlimited internet of very less price

Authorized dealer of Rogers fido and chatr.

6700 ch de la cote Des neiges H3S2b2 PLAZA COTE DES NEIGES. Call : 514-638-2222